અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૩ ડિસેમ્બર ૨૦૨૪, મંગળવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, માગશર સુદ ૨ | અંક : ૧૫૨ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

મહારાષ્ટ્રમાં CM પર નિર્ણય અટક્યો | મહારાષ્ટ્રના કાર્યવાહક મુખ્યમંત્રી શિંદેની તબીયત પૂરેપૂરી ઠીક નથી : આના કારણે બધી મીટિંગ્સ રદ્દ કરવામાં આવી

# લોકો તો ઇચ્છે જ છે કે હું જ મુખ્યમંત્રી રહું : શિંદે

। (એજન્સી) મુંબઈ, તા.૨ ।

મહારાષ્ટ્રના કાર્યવાહક મુખ્યમંત્રી એકનાથ શિંદે ની તબીયત ઠીક ન હોવાના કારણે આજે (૨ ડિસેમ્બર) ની બધી મીટિંગ્સ રદ્દ કરવામાં આવી છે. ડૉક્ટરોએ તેમને આરામ કરવાની સલાહ આપી છે.

આ પહેલા શનિવારે પણ એકનાથ શિંદે ની તબીયત અચાનક બગડી હતી, જેના પછી સતારામાં તેમના ઘરે ડૉક્ટરોની એક ટીમ પહોંચી હતી. એકનાથ શિંદે ની તબીયત એવા સમયે બગડી છે, જ્યારે મહારાષ્ટ્રમાં નવી સરકાર ઘડવાને લઈને મંથન ચાલી રહ્યું છે કે છેવટે રાજ્યનો મુખ્યમંત્રી કોણ બનશે?

ખાસ નોંધ કે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં મહાયુક્તિ ગઠબંધનને મોટી જીત મળી છે. મહાયુક્તિમાં સામેલ ભાજપ, શિવસેના અને NCP એ ૨૮૮માંથી ૨૩૦ સીટ જીતી છે. આમાંથી ભાજપે ૧૩૨, શિવસેનાએ ૫૭ અને NCP એ ૪૧ સીટ જીતી છે, જ્યારે તેમના વિરોધી મહા વિકાસ અઘાડી ગઠબંધનને કારમી હારનો સામનો કરવો પડ્યો છે.



મહા વિકાસ અઘાડીમાં સામેલ કોંગ્રેસ ૧૬ સીટ, NCP શરદ પવાર ૧૦ સીટ અને શિવસેના UBT 20 સીટ જ જીતી શકી છે. ૨૩ નવેમ્બરે મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીનું પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. ૯ દિવસ વીતી જવા છતાં મુખ્યમંત્રી પદ ને લઈને કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી. ઈન્ડિયન એક્સપ્રેસના એક ઈન્ટરવ્યૂ દરમિયાન રવિવારે ઝસ એકનાથ શિંદે એ દાવો કર્યો કે જનતા ઈચ્છે છે કે તે જ મુખ્યમંત્રી રહે. તેમણે કહ્યું કે હું સામાન્ય લોકો માટે કામ કરું છું, હું જનતાનો મુખ્યમંત્રી છું, આ કારણે લોકો માને છે કે મને જ મુખ્યમંત્રી બનવું જોઈએ.

સૂત્રોના કહેવા પ્રમાણે, ચાર ડિસેમ્બરે ભાજપ વિધાયક દળની બેઠક થઈ શકે છે. જેના માટે ભાજપના બધા વિધાયકોને મંગળવારે મુંબઈ આવવાનો આદેશ આપવામાં આવ્યો છે. ત્યારબાદ મહાયુક્તિ તરફથી રાજભવન જઈને સરકાર બનાવવાનો દાવો રજૂ કરી શકાશે. નોંધનીય છે કે, ગઈકાલે ભાજપના એક નેતાએ પીટીઆઈને જણાવ્યું હતું કે, મહારાષ્ટ્રના નવા મુખ્યપ્રધાન તરીકે દેવેન્દ્ર ફડણવીસનું નામ ફાઈનલ કરવામાં આવ્યું છે, જેઓ ૨ અથવા ૩ ડિસેમ્બરના રોજ યોજાનારી બેઠકમાં ધારાસભ્ય દળના નેતા તરીકે ચૂંટાશે, એમ ભાજપના એક વરિષ્ઠ નેતાએ દાવો કર્યો હતો. મહારાષ્ટ્રના નવા મુખ્યમંત્રી તરીકે દેવેન્દ્ર ફડણવીસનું નામ ફાઈનલ કરવામાં આવ્યું છે. ભાજપના એક વરિષ્ઠ નેતાએ પીટીઆઈને જણાવ્યું હતું કે, નવી બીજેપી ધારાસભ્ય દળની બેઠક પસંદ કરવા માટેની બેઠક ૨ અથવા ૩ ડિસેમ્બરે યોજાશે.

મહારાષ્ટ્રમાં CM પદની ચર્ચા વચ્ચે ભાજપનું પગલું

## વિજય રૂપાણી અને નિર્મલા સિતારમણને બનાવ્યા નિરીક્ષક

મહારાષ્ટ્રમાં યોજાયેલી વિધાનસભા ચૂંટણીના પરિણામો જાહેર થયાને એક સપ્તાહથી વધુ સમય વીતી ગયો છે. જો કે, ભાજપ, શિવસેના અને એનસીપી વચ્ચેના મહાગઠબંધનમાં હજુ સુધી એ નક્કી નથી થયું કે રાજ્યમાં કયા નેતાને મુખ્યમંત્રી પદ આપવામાં આવશે. જો કે આ દરમિયાન ભારતીય જનતા પાર્ટીએ એક મોટું પગલું ભર્યું છે. પાર્ટીએ નિર્મલા સીતારમણ અને વિજય રૂપાણીને મહારાષ્ટ્ર માટે કેન્દ્રીય નિરીક્ષક તરીકે નિયુક્ત કર્યા છે. મહારાષ્ટ્રમાં મુખ્યમંત્રીના નામને મંજૂરી આપવા માટે બીજેપી વિધાયક દળની બેઠક થશે. આ બેઠકમાં નાણામંત્રી નિર્મલા સીતારમણ અને ભાજપના વરિષ્ઠ નેતા વિજય રૂપાણી નિરીક્ષક તરીકે હાજર રહેશે. માનવામાં આવે છે કે આ બેઠકમાં જ કોને મુખ્યમંત્રી બનાવવામાં આવશે તેની જાહેરાત કરવામાં આવશે. આ બેઠક માત્ર ભાજપના ધારાસભ્ય દળના નેતાની પસંદગી માટે યોજાવાની છે. બીજેપી સૂત્રોનું કહેવું છે કે ૪ ડિસેમ્બરે બીજેપી વિધાયક દળની બેઠક યોજાશે, જેમાં એક નેતાના નામની દરખાસ્ત કરવામાં આવશે અને ફરીથી તમામ ધારાસભ્યોની મંજૂરી લેવામાં આવશે. હાલમાં ચર્ચા છે કે દેવેન્દ્ર ફડણવીસના નામનો પ્રસ્તાવ ભાજપ હાઈકમાન્ડ દ્વારા કરવામાં આવશે, પરંતુ આ અંગે કોઈ પુષ્ટિ કરવામાં આવી નથી.

## વડાપ્રધાન મોદી બાંગ્લાદેશ સાથે વાત કરે : મમતા બેનરજી



। નવી દિલ્હી, તા.૨ ।

બાંગ્લાદેશની કફોડી હાલત જોઈ મમતા બેનરજીએ રોષ વ્યક્ત કરી વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો કર્યા છે. તેમણે બાંગ્લાદેશમાં યુએન પીસકીપિંગ ફોર્સ મોકલવાની માંગ કરી છે. શેખ હસીના વડાંપ્રધાન પદ છોડીને ભારત ભાગી આવ્યા બાદ વચગાળાની સરકાર ચલાવી રહેલા મોહમ્મદ યુનુસના રાજમાં ત્યાં હિન્દુઓની હાલત સતત કફોડી થઈ રહી છે. બાંગ્લાદેશમાં હિન્દુઓ અને મંદિરો પર સતત હુમલાઓ, અનેક સાધુ-સંતોની ધરપકડનો ભારત સહિત અનેક દેશો વિરોધ જોવા મળી રહ્યો છે. આ ક્રમમાં ્સ્રૂની પ્રમુખ મમતા બેનરજીએ પણ બાંગ્લાદેશની સ્થિતિ અંગે મોટું નિવેદન આપ્યું છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી વિધાનસભામાં નિવેદન આપવાની સાથે માંગ કરી છે કે, 'વડાપ્રધાન નરેન્દ્ર મોદી બાંગ્લાદેશ સાથે વાત કરે. તેમણે વિનંતી કરી છે કે, જો વડાપ્રધાન મોદીને વાત કરવામાં કોઈ સમસ્યા નડતી હોય તો વિદેશ મંત્રી બાંગ્લાદેશ સાથે વાત કરે.' તેમણે કેન્દ્ર સરકાર પર પ્રહારો કરી કહ્યું કે, કેન્દ્ર સરકાર છેલ્લા ૧૦ દિવસથી મૌન ધારણ કરીને બેઠી છે.

ખેડૂતોની દિલ્હી કૂચ પર બ્રેક : તંત્ર સાથે બેઠક બાદ રસ્તા કર્યા ખાલી

# ખેડૂતો દિલ્હી કૂચ નહીં કરે, સડક ખાલી કરીને દલિત પ્રેરણા સ્થળ પર કરશે પ્રદર્શન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

ઉત્તર પ્રદેશના નોઈડામાં ખેડૂતોના પ્રદર્શન અંગે એક મોટું અપડેટ સામે આવ્યું છે. નોઈડાના ખેડૂતોએ બપોરથી તેમની માંગણીઓને લઈને વિરોધ પ્રદર્શન શરૂ કર્યું હતું. ખેડૂતોના વિરોધની ઘોષણા બાદ સવારથી જ નોઈડાથી લઈને દિલ્હી સુધી સુરક્ષા વ્યવસ્થા ચુસ્ત કરી દેવામાં આવી હતી. તો ખેડૂત આંદોલનને લઈને વહીવટી તંત્ર વિરોધીઓ સાથે સતત સંપર્કમાં હતું. આંદોલનકારી ખેડૂત સંગઠનના આગેવાનો સાથેની વાતચીતમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે, આંદોલન હાલ પુરતું મોકુફ રાખવામાં આવશે. ખેડૂતોના પ્રતિનિધિ મંડળ અને રાજ્ય સરકાર સાથે વાતચીત થશે. ત્યાર બાદ આગળનો નિર્ણય કરવામાં આવશે. એટલે વિરોધ કરી રહેલા



ખેડૂતો હવે રસ્તો ખાલી કરવા માટે સંમત થયા છે. જેનાથી ટ્રાફિક જામની સમસ્યા ખત્મ થઈ જશે.

ખેડૂતોના સંગઠન દ્વારા દિલ્હી કૂચ પર બ્રેક લગાવવાની માહિતી આપવામાં આવી છે. ખેડૂત સંગઠનના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે, આંદોલન હાલ પૂરતું મોકૂફ રાખવામાં આવ્યું છે. જો યુપી સરકાર સાથે વાતચીત નિષ્ફળ જશે તો દિલ્હી કૂચ અંગે આગળનો નિર્ણય કરવામાં આવશે. ખેડૂત પ્રતિનિધિઓ હવે રાજ્ય સરકાર સાથે વાત કરશે. વિરોધ- પ્રદર્શન કરી રહેલા ખેડૂતોએ જણાવ્યું હતું કે, હાલ દલિત પ્રેરણા સ્થળ પર વિરોધ પ્રદર્શન કરવામાં આવશે. હકીકતમાં યુનાઈટેડ કિસાન મોરચાના બેનર હેઠળ ખેડૂતોએ ૬૪.૭ ટકા વળતર ચૂકવવાની માંગ સાથે પ્રદર્શન કર્યું હતું. તેમણે કહ્યું કે, નવા જમીન સંપાદન કાયદા પ્રમાણે બજાર દર કરતાં ચાર ગણું વળતર હોવું જોઈએ. ખેડુતોની માંગણીઓ જોઈએ તો કિસાન મોરચાએ ૨૦ ટકા પ્લોટ આપવાની માંગ કરી હતી. જમીનધારી અને જમીન વિહોણા ખેડૂતોના તમામ બાળકોને રોજગારી અને પુનર્વસનના તમામ લાભો આપવા અને ખેડૂત સંગઠન દ્વારા પ્રશાસન અને સત્તામંડળ સમક્ષ સતત આ મામલો ઉઠાવવામાં આવી રહ્યો છે.

રાજકારણ અસંતુષ્ટ આત્માઓનો સાગર : ગડકરી

# સીએમ હંમેશા તણાવમાં રહે છે કે ક્યાંક પદ ન છોડવું પડે

। (એજન્સી) નાગપુર, તા.૨ ।

રાજકારણએ 'અસંતુષ્ટ આત્માઓનો મહાસાગર' છે. જ્યાં દરેક વ્યક્તિ નાખુશ હોય છે. અને પોતાના હાલના પદ કરતાં ઊંચા પદ મેળવવાની ઈચ્છા રાખે છે.' આ વાત બીજુ કોઈ નહી પણ કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કરી છે. તેમનું માનવું છે કે, જીવનમાં સમસ્યાઓ ઘણાં પડકારો લઈને આવે છે. પરંતુ તેનો સામનો કરીને આગળ વધવું એ જ જીવન જીવવાની કળા છે. નાગપુર ખાતે યોજાયેલા એક પુસ્તક વિમોચનના કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી નીતિન ગડકરીએ કહ્યું હતું કે, 'જીવન સમાધાન, જવાબદારી, મર્યાદાઓ અને



વિરોધાભાસથી ભરેલું છે. કોઈ પણ વ્યક્તિ ભલે પારિવારિક, સામાજિક, રાજકીય કે કોર્પોરેટ જીવનમાં હોય પરંતુ જીવન હંમેશા બધા માટે પડકારો અને સમસ્યાઓથી ભરેલું હોય છે. અને તેનો સામનો કરવા માટે વ્યક્તિએ 'જીવન જીવવાની કળા' સમજવી જરૂરી છે.' રાજસ્થાનમાં આયોજિત એક કાર્યક્રમને યાદ કરતા નીતિન ગડકરીએ જણાવ્યું કે, રાજકારણએ અસંતુષ્ટ આત્માઓનો સાગર છે. જ્યાં દરેક વ્યક્તિ હંમેશા દુ:ખી જ રહે છે. જે કોર્પોરેટરના પદ પર છે. તે એટલા માટે દુખી છે કે, તેણે ધારાસભ્ય બનવાની તક ન મળી. અને ધારાસભ્ય એટલા માટે દુખી છે કે, તેને મંત્રી બનવા ન મળ્યું. અને જે મંત્રી બને છે, તે એટલા માટે દુખી છે કે તેણે સારું મંત્રાલય ન મળ્યું. અને તે મુખ્યમંત્રી ન બની શક્યા. મુખ્યમંત્રી એટલા માટે ટેન્શનમાં રહે છે કે, હાઈકમાન્ડ ક્યાંક મને પદ પરથી રાજીનામું આપ વાનું કહી દેશે તો? નીતિન ગડકરીએ કહ્યું કે, મેં મારી રાજકીય કારકિર્દીમાં અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપ્રમુખ રિચર્ડ નિક્સનની આત્મકથા વાંચી છે.

# કેન્દ્ર સરકારે હટાવ્યો વિંડફોલ ટેક્સ, બે વર્ષ બાદ મળી રાહત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

કેન્દ્ર સરકારે મોટો નિર્ણય લેતા ઈંધણ પરનો વિંડફૉલ ટેક્સ હટાવી દીધો છે. આ ટેક્સ એર ટર્બાઈન ફ્યૂલથી લઈને પેટ્રોલ-ડીઝલ પર પણ લાગતો હતો. તેને ઔપચારિક રીતે સ્પેશિયલ એડિશનલ એક્સાઈઝ ડ્યુટી (SAED) તરીકે પણ ઓળખવામાં આવે છે, જે વર્ષ ૨૦૨૨માં એવા સમયે લાદવામાં આવ્યો હતો જ્યારે રશિયા-યુક્રેન યુદ્ધ દરમિયાન ક્રૂડ ઑઈલની કિંમતો હાઈ લેવલ પર પહોંચી ગઈ હતી. હવે નાણા મંત્રાલયે આ ટેક્સને સંપૂર્ણપણે હટાવી દીધો છે.

એક અહેવાલ પ્રમાણે સરકારે ક્રૂડ ઑઈલના ભાવમાં આંતરરાષ્ટ્રીય સ્તરે આવેલા ઘટાડા વચ્ચે સ્થાનિક સ્તરે ઉત્પાદિત ક્રૂડ ઑઈલ અને એવિએશન ઈંધણ (ATF), પેટ્રોલ અને ડીઝલની નિકાસ પરનો આ ૩૦ મહિના જૂનો ટેક્સ આજે હટાવી દીધો છે. નાણા રાજ્ય મંત્રી પંકજ ચૌધરીએ રાજ્યસભામાં આ અંગે એક નોટિફિકેશન રજૂ કર્યું છે. જેમાં જાહેર ક્ષેત્રની ONGC જેવી કંપનીઓ દ્વારા ઉત્પાદિત ક્રૂડ ઑઈલ અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ લિમિટેડ જેવી કંપનીઓ દ્વારા કરવામાં આવેલી ઈંધણની નિકાસ પર લાગતા ટેક્સને હટાવી દેવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણયને ૨૯/૨૦૨૪ અને ૩૦/૨૦૨૪ નંબરની નોટિફિકેશન દ્વારા ઔપચારિક રૂપ આપવામાં આવ્યું છે, જેને સંસદમાં રાખવામાં આવ્યો હતો. તમને જણાવી દઈએ કે ક્રૂડ ઑઈલની કિંમતોમાં ધરખમ વધારાને કારણે સરકારે વર્ષ ૨૦૨૨માં સ્થાનિક ક્રૂડ, પેટ્રોલ-ડીઝલ અને એવિએશન ઈંધણની નિકાસમાંથી ઑઈલ કંપનીઓને થતા નફા પર વિંડફૉલ ટેક્સ લગાવવાનો નિર્ણય લીધો હતો, જેનો હેતુ રેવન્યૂ વધારવાનો હતો. હવે સરકાર દ્વારા આ ટેક્સ હટાવવાથી ઑઈલ સેક્ટરની તમામ કંપનીઓને મોટી રાહત મળી છે. રશિયા-યુક્રેન યુદ્ધ દરમિયાન વર્ષ ૨૦૨૨માં ભારત ક્રૂડ ઑઈલ ઉત્પાદકો પર વિંડફૉલ ટેક્સ લગાવીને એ દેશોમાં સામેલ થયો હતો, જે એનર્જી કંપનીઓના નફા પર ટેક્સ લગાવે છે. ગ્લોબલ માર્કેટમાં ક્રૂડ ઑઈલ અને પેટ્રોલ, ડીઝલ, એટીએફ જેવા રિફાઈનરી ઉત્પાદનોના ભાવમાં સમયની સાથે વધ-ઘટ થતી રહે છે. વિંડફૉલ ટેક્સ એ એક એવો ટેક્સ છે જે સ્થાનિક સ્તર પર ક્રૂડ ઉત્પાદક કંપનીઓ પર એક ચોક્કસ મર્યાદા કરતાં વધુ નફા પર લાદવામાં આવે છે. જો ગ્લોબલ માર્કેટમાં ડીઝલ, પેટ્રોલ અને એટીએફ વગેરેના ભાવ સ્થાનિક બજાર કરતા વધારે હોય તો રિફાઈનરીઓ નિકાસ વધારવા લાગે છે, જેથી તેને વધુ નફો થાય. સરકાર તેના પર લગામ લગાવવા અને સ્થાનિક બજારમાં ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે વિંડફૉલ પ્રોફિટ ટેક્સ લાદી દે છે.

આ નંબરોથી આવતા કોલ્સ ઉપાડ્યા તો થશે નુકસાન

# ૧૨૦ કરોડ મોબાઈલ યુઝર્સ માટે કેન્દ્ર સરકારની ચેતવણી

। નવી દિલ્હી, તા.૨ ।

વધતા સાયબર ગુન્હાઓ વચ્ચે સરકારે દેશના ૧૨૦ કરોડથી વધુ મોબાઈલ વપરાશકર્તાઓ માટે નવી ચેતવણી જારી કરી છે. સરકારે આંતરરાષ્ટ્રીય નંબરથી આવતા કૉલ્સ બાબતે આ ચેતવણી આપી છે. ટેલિકોમ વિભાગે વપરાશકર્તાઓને આ નંબરોથી આવતા કૉલ્સ ન ઉપાડવા સૂચના આપી છે. સાથે જ, વપરાશકર્તાઓને આ પ્રકારના કૉલ્સ વિભાગના ચક્ષુ પોર્ટલ પર રિપોર્ટ કરવા કહ્યું છે. DoT એ પોતાના સત્તાવાર X હેન્ડલ પરથી આ આંતરરાષ્ટ્રીય નંબરોની માહિતી શેર કરી છે. ટેલિકોમ વિભાગે પોતાની પોસ્ટમાં આંતરરાષ્ટ્રીય ઠગાઈ કૉલ્સથી બચવા વપરાશકર્તાઓને ચેતવ્યા છે અને કહ્યું છે કે આ પ્રકારના કૉલ્સ ઉપાડતા પહેલા વિચારવું જોઈએ. આ દિવસોમાં +૭૭, +૮૯, +૮૫, +૮૬, +૮૭, +૮૪ વગેરે નંબરોથી નકલી આંતરરાષ્ટ્રીય કૉલ્સ વપરાશકર્તાઓને આવી રહ્યા છે.

ઘરમાં ૮ દિવસમાં ૨૨ વખત આગ લાગી

# વિચિત્ર બનતી ઘટનાઓથી હરિયાણાનો ખેડૂત પરેશાન

। (એજન્સી) સોનીપત, તા.૨ ।

હરિયાણાના સોનીપતના ફરમાણા ગામમાં એક એવો કિસ્સો સામે આવ્યો છે, જેને સાંભળીને સૌ કોઈ લોકો આશ્ચર્યચકિત થઈ ગયા છે. લોકોને સમજણ નથી પડતી કે, આવું કેવી રીતે થઈ રહ્યું છે. હકીકતમાં ખેડૂત હરિકિશનના ઘરમાં અચાનક કોઈ પણ જગ્યાએ આગ લાગતા ચર્ચાનો વિષય બન્યો છે. જેના કારણે હવે માત્ર પીડિત પરિવાર જ નહીં પરંતુ સમગ્ર ગ્રામજનો પણ ભયમાં જીવી રહ્યા છે. મળતી માહિતી મુજબ ખેડૂતના ઘરના લોકરમાં રાખેલા દાગીનામાં ૮ દિવસ પહેલા આગ લાગી હતી. તે પછી અત્યાર સુધીમાં ઘરમાં લગભગ ૨૨ વાર આગ લાગી છે. જેના કારણે પરિવારજનો અને ગામજનો રાત દિવસ પહેરો ભરી રહ્યા છે. તેમજ ખેડૂતના ઘરે લોકોની ભીડ જોવા મળી રહી છે. આ ઉપરાંત આજુબાજુના ગામડાના લોકો પણ ઘરમાં આગ જોવા માટે આવી રહ્યા છે. ૮ દિવસ પહેલા ખેડુતના ઘરે સૌથી પહેલા કબાટમાં આગ લાગી હતી. જેના કારણે ચાંદીના દાગીના પીગળી ગયા હતા. ત્યારથી અત્યાર સુધીમાં ઘરની અલગ-અલગ ૨૨ જેટલી જગ્યાએ આગ લાગી છે. આગમાં કપડા, ફર્નિચર અને અન્ય વસ્તુઓ બળીને ખાખ થઈ ગઈ છે. જો કે આગ લાગવા પાછળનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. આ ઘટનાથી પીડિત પરિવાર ખૂબ ગભરાઈ ગયો છે. પરિવારનું કહેવું છે કે, ઘરેમાંથી વસ્તુઓ લેવા માટે પણ કોઈ આવતું નથી. પીડિતાના પરિવારજનોએ જણાવ્યું કે, તેમની પાસે આઠ ભેંસ છે. જેનું દૂધ તેઓ પોતાના પરિવારના ભરણપોષણ માટે વેચે છે.

ખડગેના આરોપોનો જવાબ આપતા ગિરિરાજ સિંહે કહ્યું

# ખડગે સાહેબ સમાજમાં ભ્રમ ન ફેલાવો, સમાજની નૈતિકતાને બરબાદ ન કરશો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

સંસદનું શિયાળુ સત્ર ૨૫ નવેમ્બરથી શરૂ થઈ ગયું છે. જો કે સંસદ સત્રમાં વિપક્ષ સતત અવાજ ઉઠાવી રહ્યો છે. સંભલ મસ્જિદ વિવાદથી લઈને અદાણી સુધી વિપક્ષ સરકારને ઘેરવાનો ભરપૂર પ્રયાસ કરી રહ્યો છે. આ વચ્ચે કેન્દ્રીય મંત્રી ગિરિરાજ સિંહે વિપક્ષ પર પલટવાર કરતા વિવાદાસ્પદ નિવેદન આપી દીધું છે. હકીકતમાં સંસદના શિયાળુ સત્રમાં વિપક્ષ કેન્દ્ર સરકાર પર સતત આરોપ લગાવી રહ્યો છે કે, સરકાર સંભલથી લઈને અદાણી સુધીના મુદ્દાઓ પર ભાગવાનો પ્રયાસ કરી રહી છે. તેના જવાબમાં ગિરિરાજ સિંહે કહ્યું કે, વિપક્ષ આ બધું કહીને પોતાની નિષ્ફળતા છુપાવી રહ્યો છે. ગૃહમાં એડવાઈઝરી કમિટીની બેઠક દરમિયાન કયા મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવશે તે નક્કી કરવામાં આવે છે. તો તે સમયે તમે તમારા મુદ્દાઓ નક્કી કરો અને ચર્ચા કરો. પરંતુ વાસ્તવિકતા એ છે કે વિપક્ષ ચર્ચા કરવા નથી માગતો માત્ર હંગામો મચાવવા માગે છે. જનાતાના પૈસાની બરબાદી થાય છે, અને આ જનતા સાથે અન્યાય છે. કોંગ્રેસ નેતા મલ્લિકાર્જુન ખડગેના આરોપોનો જવાબ આપતા ગિરિરાજ સિંહે કહ્યું કે, ખડગે સાહેબ સમાજમાં ભ્રમ ન ફેલાવો. સમાજની નૈતિકતાને બરબાદ ન કરશો. તમે હિંદુ-મુસ્લિમ કરો છો. સર્વેને કારણે ઘર તૂટી પડે છે કે મસ્જિદ તૂટી પડે છે? સર્વે કરાવવાનો કોર્ટનો આદેશ હતો. તો શું તમે કાયદાને નથી માનતા? દરેક વ્યક્તિએ કાયદાનું પાલન કરવું જોઈએ.

એક જ વર્ષમાં આવકમાં અબજોનો વધારો

# દુનિયામાં યુદ્ધોના કારણે શસ્ત્રો બનાવતી કંપનીઓ માલામાલ

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨ ।

છેલ્લા થોડા વર્ષોથી વિશ્વ યુદ્ધોમાં અટવાયું છે. રશિયા-યુક્રેન યુદ્ધ અને ઈઝરાયલ-હમાસ યુદ્ધ તો જારી જ છે, એમાં હવે ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં પણ યુદ્ધનો તણાવ વધી રહ્યો છે. યુદ્ધને કારણે માણસો ભોગવે છે, સંબંધિત દેશોને કમરતોડ આર્થિક ફટકો પડે છે, મંદીનું મોજું યુદ્ધમાં સામેલ ન હોય એવા દેશોને પણ ઘેરી લે છે, પણ એ બધામાં શસ્ત્ર ઉત્પાદક કંપનીઓને બખ્ખા થઈ જાય છે. તાજેતરમાં આવેલા આંકડા કહે છે કે યુદ્ધોને કારણે દુનિયાભરની શસ્ત્ર ઉત્પાદક કંપનીઓ માલામાલ થઈ ગઈ છે.

'સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ' (SIPRI) દ્વારા એક અહેવાલ રજૂ કરવામાં આવ્યો છે જે દર્શાવે છે કે યુદ્ધ અને તણાવગ્રસ્ત ક્ષેત્રોને કારણે દુનિયામાં હથિયારોનું વેચાણ ઝડપથી થઈ રહ્યું છે, જેના કારણે એકલા વર્ષ ૨૦૨૩માં જ શસ્ત્ર ઉત્પાદક કંપનીઓએ ૬૩૨ બિલિયન અમેરિકન ડોલરના શસ્ત્રોનું વેચાણ કર્યું હતું. પાછલા વર્ષોની તુલનામાં આ વધારો ૪.૨ % જેટલો છે. અહેવાલ માટે SIPRI એ વિશ્વની ટોચની ૧૦૦ શસ્ત્ર ઉત્પાદક કંપનીઓના ડેટાનો આધાર લીધો છે.

અહેવાલ કહે છે કે શસ્ત્રોના ઉત્પાદનમાં અમેરિકા ટોચ પર છે. ટોચની ૧૦૦ કંપનીઓમાંથી ૪૧ અમેરિકાની છે. લોકહીડ માર્ટિન, રેથિઓન અને નોર્થ્રોપ ગ્રુમેન જેવી અમેરિકન કંપનીઓ મિસાઈલ, ડ્રોન અને એર ડિફેન્સ સિસ્ટમ જેવા અદ્યતન હથિયારોના વેચાણમાં ટોચ પર રહી છે.

## ન્યૂઝ બ્રિફ

### નિવૃત્તિ ગ્રેજ્યુઈટી અને અવસાન ગ્રેજ્યુઈટીની મહત્તમ મર્યાદામાં વધારો

। (એજન્સી) ગાંધીનગર, તા.૨ ।

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના કર્મચારીઓના હિતમાં એક મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. જેમાં નિવૃત્તિ ગ્રેજ્યુઈટી અને અવસાન ગ્રેજ્યુઈટીની મહત્તમ મર્યાદામાં વધારો કરવાનો સમાવેશ થાય છે. આ પહેલા, રાજ્ય સરકારના કર્મચારીઓને વય નિવૃત્તિ સમયે મહત્તમ રૂ. ૨૦ લાખની નિવૃત્તિ ગ્રેજ્યુઈટી મળતી હતી. પરંતુ હવે મુખ્યમંત્રીના નિર્ણય મુજબ, આ મર્યાદા વધારીને રૂ. ૨૫ લાખ કરવામાં આવી છે. આ નિર્ણય કેન્દ્ર સરકારના ધોરણોને અનુરૂપ છે અને તેનાથી રાજ્યના કર્મચારીઓને નિવૃત્તિ પછી આર્થિક સુરક્ષા મળશે. આ કર્મચારી હિતલક્ષી નિર્ણયને પરિણામે હવે રાજ્ય સરકારના કર્મચારી અધિકારીઓને નિવૃત્તિ ગ્રેજ્યુઈટી અને અવસાન ગ્રેજ્યુઈટી મહત્તમ રૂ. ૨૫ લાખની મર્યાદામાં આપવામાં આવશે. આ નવો નિર્ણય તા. ૧ જાન્યુઆરી, ૨૦૨૪ પછી વય નિવૃત્ત થતા કર્મચારીઓને લાગુ પડશે.

### ગ્લોબલ ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા સ્પોર્ટ્સ ફીના નામે એકાએક ૬૮૦૦ રૂપિયાનો વધારો

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

અમદાવાદમાં ગોદરેજ ગાર્ડન સિટીમાં આવેલી ગ્લોબલ ઈન્ટરનેશનલ સ્કૂલ દ્વારા નિયમોનો ઉલાળિયો કરી એકાએક ૬૮૦૦ રૂપિયાનો ફી વધારો કરી દેવાયો છે. ચાલુ સત્રએ એકાએક સ્પોર્ટ્સ ફીના નામે ૬૮૦૦ રૂપિયાનો ફી વધારો ઝીંકી દેવાતા વાલીઓ રોષે ભરાયા. ફી વધારા અંગે રજૂઆત કરવા માટે વાલીઓ શાળાએ પહોંચ્યા હતા. ત્યા પણ શાળા દ્વારા દાદાગીરી અને મનમાની કરવામાં આવી. વાલીઓને કલાકો સુધી રાહ જોવડાવ્યા બાદ પણ પ્રિન્સીપાલ મળ્યા ન હતા. જેના પગલે વાલીઓએ શાળામાં હોબાળો કર્યો હતો. વાલીઓનું કહેવુ છે કે ફ્રીઈઝના નિયમ અનુસાર શાળા ફરજિયાતપણે સ્પોર્ટ્સ ફી લઈ ન શકે. છતા દિવાળી બાદ શરૂ થયેલા શૈક્ષણિક સત્રથી વાલીઓ પાસેથી સ્પોર્ટ્સ ફી માગવામાં આવી રહી છે. ગ્લોબલ ઈન્ટરનેશનલ સ્કૂલની મનમાની, વાલીઓની જુબાની ૧. વાલીઓનુ કહેવુ છે શાળા દ્વારા મનસ્વી રીતે સ્પોર્ટસના નામે ફી વધારો કરાયો છે, ફ્રીઈઝ એ નક્કી કરેલી ફી કરતા પણ વધુ ફી વસુલવામાં આવી રહી છે. આ જ તમામ બાબતો અંગે ચર્ચા કરવા માટે વાલીઓ સવારથી શાળાએ પહોંચ્યા છે પરંતુ શાળાના એડમિનિસ્ટ્રેટિવ સ્ટાફનો એકપણ વ્યક્તિ વાલીઓ સાથે વાત કરવા માટે તૈયાર નથી. ૨. શાળાના જક્કી વલણ અંગે એક વાલી જણાવે છે કે જો ફી ભરવામાં એક દિવસ પણ મોડુ થાય તો તાત્કાલિક ધોરણે પ્રતિ મહિને ૩ ટકાના લેખે લેટ ફી ચાર્જ વસુલવામાં આવે છે.

# ઝાલોદ માછણનાળા જૂથ પાણી પુરવઠામા નોકરી કરતા કામદારોને કોન્ટ્રાક્ટર દ્વારા પગાર ન કરાતા કામદારોમા રોષ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨ ।

ઝાલોદ તાલુકાના માછણનાળા જૂથ પાણી પુરવઠા યોજના સાંપોઈ હેડ વર્ગ મુકામે પાણી પુરવઠા વગેરેમા ફરજ નિભાવતા કર્મચારીઓને જન જાગૃતિ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ થરાદ નરસિંહભાઈ.કે.પટેલ કોન્ટરાકટર દ્વારા આ સંસ્થા હેઠળ કામગીરી કરતા કામદારોને નિયત કરેલ પગાર કરતા ઓછો પગાર આપવામાં આવે છે તેવા આક્ષેપો ત્યાં ફરજ કરતા કામદારો દ્વારા કરવામાં આવેલ છે. આ સંસ્થાના મુખ્ય માલિક માછણનાળા જૂથ પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ સિવિલ પેટા વિભાગ ઝાલોદ છે. ઉપરોકત વિષયે અંતર્ગત ડોડીયાર બાબુભાઈ ભરતભાઈ દ્વારા સાથી-૧૩ કામદારો અખિલ ગુજરાત શ્રમયોગી કામદાર યુનિયનનું જણાવ્યા અનુસાર તેઓને ઉપરોકત વિસ્તારમાં તા. ૧૫/૦૩/૨૦૨૪ થી ઉપર મુજબનું કામ કરેલ હતુ. પરંતુ આ બાબતે તેઓની પાસે ચડેલ પગારની માંગણી કરતા ચડેલ પગારની રકમ ન આપી તેમજ પી.એફ.ની રકમ્ર પણ જમા લેતા નથી અને સતત ધાક-ધમકીઓ આપતા રહે છે. આ કામના કોન્ટ્રાકટર ધ્વારા મંજુરોને પોતાની મરજી પ્રમાણે માત્ર મામુલી રકમ જ ચુકવવામાં આવી રહેલ છે અને કાયદા મુજબ ચુકવવા પાત્ર થતી પગારની રકમ ચુકવતા નથી અને માંગણીઓ કરવા છતાં ખોટા વાપદા કરતા રહેલ છે. આમ કરીને આ કોન્ટ્રાક્ટર ધ્વારા મજુરાત નક્કી કર્યા મુજબની પગારની રકમ ન ચુકવી મામુલી રકમ ચુકવતા હોઈ, અને આમ કરીને મળવાપાત્ર કામદારોના પગારમાં વિલંબ થઈ રહયો છે. તેમજ અમોને નકકી કરેલ ધારા-ધોરણ મુજબ મેન્ટેનન્સ ખર્ચ તેમજ અન્ય જરૂરી ખર્ચની રકમ પણ પુરી પાડતા નથી. જેથી, આ કામના મુખ્ય માલીક અને કોન્ટ્રાક્ટરને બોલાવી કામદારોના કાયદેસરના બાકી પગાર અને ધારા-ધોરણ મુજબ મળવાપાત્ર લાભોની ચુકવણી કરાવી યોગ્ય સ્થાન આપવું તેમજ કાયદાની વખતો-વખતની જોગવાઈઓ મુજબ એમા ફરીયાદી કામદારોનો બાકી નિકળતો પગાર મેળવવાનો કામદારોનો કાયદેસરનો અધિકાર બને છે. આ દરેક કામદારોની હાલ એક જ માંગ છે જે ૧૪ કામદારો છે તેમને નિયત કરેલ પગાર છે તે પ્રમાણે જ વેતન ચૂકવવામાં આવે તેમજ અગાઉ જે નિયત કરેલ પગાર હતો તેના કરતાં આ ૧૪ કામદારોની અંદાજિત ૫,૪૪,૦૦૦ જેટલો જે પગાર બાકી છે તે કામદારોને ચુકવવામાં આવે... હવે જોવાનું રહ્યું કામદારોને આ અંગે ન્યાય મળશે કે નહીં.

### હવામાન વિભાગની મોટી આગાહી
## સાત દિવસમાં સૌરાષ્ટ્ર-કચ્છ સહિત રાજ્યભરમાં શુષ્ક હવામાનની સંભાવના

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

ગુજરાતમાં ઠંડીનો ચમકારો વધતો જાય છે, ત્યારે સવારે ઠંડી અને બપોરે ગરમીનું બેવડી ઋતુનો અહેસાસ થાય છે. બીજી તરફ, રાજ્યમાં આગામી સાત દિવસ માટે હવામાન વિભાગે ઠંડી-વાતાવરણને લઈને આગાહી કરી છે. જ્યારે રાજ્યમાં અમદાવાદ સહિતના શહેરોમાં તાપમાનમાં ઘટાડો જોવા મળી રહ્યો છે, ત્યારે ગઈ કાલે શનિવારે અમદાવાદમાં રાત્રીનું તાપમાન ૧૫.૪ ડિગ્રી પહોંચ્યું હતું. આજે રવિવારે રાજ્યમાં ઠંડા પવનની લહેર વર્તાઈ હતી. હવામાન વિભાગની આગાહી પ્રમાણે, આગામી સાત દિવસમાં સૌરાષ્ટ્ર-કચ્છ સહિત રાજ્યભરમાં શુષ્ક હવામાનની સંભાવના છે. અમદાવાદ સહિતના વિસ્તારોમાં આજે રવિવારે વહેલી સવારે ઠંડા પવનની અસર વર્તાઈ હતી. બીજી તરફ, રાત્રી અને વહેલી સવારના સમયે ઠંડુ વાતાવરણ રહે છે. જેમાં ૨૯મી નવેમ્બરની રાત્રે અમદાવાદમાં ૧૬ ડિગ્રી સરેરાશ લઘુતમ તાપમાન નોંધાયું હતું. જ્યારે ગઈ કાલે શનિવારની રાત્રે ૧૫.૪ ડિગ્રી તાપમાન પહોંચ્યું હતું.

### આજે 3 ડિસેમ્બર વિશ્વ દિવ્યાંગ દિવસ મનોદિવ્યાંગ પાર્થનું અનોખુ કૌશલ્ય
# કોંગો વડે સંગીતના સૂર રેલાવવાની સિધ્ધી- વર્લ્ડ રેકોર્ડસ ઇન્ડિયા દ્વારા પુરસ્કૃત
### મનોદિવ્યાંગ પાર્થભાઇએ ૧૦૧ જુના અને નવા ગુજરાતી-હિન્દી ગીતો પર સંગીતના સૂર રેલાવી શકે છે

। અમદાવાદ, તા.૨ ।



અમદાવાદ પાર્થને કહો ચડાવે બાણ હવે સંગીત એજ કલ્યાણ.. ૩૧ વર્ષીય દિવ્યાંગ પાર્થે સંગીતક્ષેત્રે અનોખી સિધ્ધી હાંસલ કરી છે. આંતરિક શક્તિ થકી મનો દિવ્યાંગ પાર્થેભાઈએ અલગ અલગ ૧૦૧ જુના અને નવા ગુજરાતી અને હિન્દી ગીતો પર કાંગો વડે સંગીત રેલાવાની અનન્ય સિધ્ધી હાંસલ કરી છે. વર્ષ ૧૯૯૩માં જન્મેલ પાર્થની તબિયત નાદુરસ્ત હતી .જેતે સમયે ડોક્ટરની સલાહ લેતાં પાર્થ માનસિક દિવ્યાંગ છે તેવી જાણ થતાં પાર્થના માતા-પિતા હતાશ થઈ ગયા હતા પાર્થને સામાન્ય કરવા માટે દવા-દુવા જેવા અનેક પ્રયત્નો કર્યા પરંતુ પરિસ્થતિમાં સુધારો જોવા ન મળ્યો. પરંતુ પાર્થ ના પિતા સંગીતક્ષેત્રે રૂચી ધરાવતા હોવાથી ઘરે સંગીતના વાદ્ય વગાડવાનું પાર્થ જોતો અને શરૂઆત થઈ પાર્થની અનોખી સિધ્ધીની પાર્થની સંગીતક્ષેત્રે વાદ્ય વગાડવાની કલા જોઈને મોટા ભાગનો સમય પાર્થ સાથે તેના પિતા ગાળવા લાગ્યા. પાર્થ પણ કશબના કલાકારની જેમ સંગીતક્ષેત્રે વાદ્ય વગાડવાની ખૂબી હતી. મનો દિવ્યાંગ બાળકો સામાન્ય રીતે આ પ્રકારનો વાદ્યસંગીત વગાડતા આવડતુ નથી .જ્યારે વાંચતા અને લખતા પણ ન આવડતા પાર્થે દક્ષિણ કોરીયામાં યોજાયેલ મ્યુઝિક ઓલ્મિપિક માં ભાગ લીધો હતો.

# ઝાલોદ બોનીબેન.એમ.શેઠમા નોકરી કરતા શિક્ષકે BZ ગ્રુપમા એજન્ટ બની ગ્રાહકોના નાણા ડુબાડ્યા

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨ ।



હાલ ગુજરાતમાં BZ ગ્રુપમા કરોડોનુ કૌભાંડ બહાર આવેલ છે. એકના ડબલ કરવાની લાલચમાં ગુજરાત તેમજ બીજા રાજ્ય માંથી BZ કંપનીના અનેક એજન્ટો દ્વારા ૬૦૦૦ કરોડ રૂપિયા જેટલા રૂપિયા ઉઘરાવેલ હોવાનું જાણવા મળેલ છે. ૨૦૨૧ થી આ ઓફિસ ખોલીને ૩ વર્ષ મા ડબલ કરવાની લાલચ આપી હજારો લોકોને છેતરવામા આવેલ છે. સી.આઈ.ડી ક્રાઈમ દ્વારા આ અંગે વિસ્તૃત તપાસ કરવામાં આવેલ છે અને આ કૌભાંડમાં સંડોવાયેલા તમામ એજન્ટો પર તપાસ હાથ ધરી છે. ઝાલોદ બોનીબેન.એમ. શેઠ કન્યાશાળામા નોકરી કરતો ગણિત વિજ્ઞાનનો શિક્ષક કલ્પેશ ખાંટ આ કંપનીમા એજન્ટ હોવાનું બહાર આવેલ છે. પરંતુ આ શિક્ષક આ શાળામાં ફક્ત કાગળ પર નોકરી કરતો હોવાનું બહાર આવ્યું છે. આ શિક્ષક શાળાનુ નવું સત્ર ચાલુ થયું ત્યારે ૧૩ જૂનના રોજ હાજર રહેલ હતા ત્યારબાદ આ શિક્ષક હ્વ કપાત રજા પર ઉતરી ગયેલ હતા તેમજ તેઓ આ કૌભાંડ બહાર આવ્યું ત્યાં સુધી તેઓ આ સ્કૂલમાં રજા મૂક્યા બાદ હાજર રહેલ નથી. આ શિક્ષક રજા પર ઉતર્યા પછી કેમ નથી આવતા અને બીજું શું કામ કરે છે તે પ્રત્યે સ્કૂલના પ્રિન્સિપાલ સહિત દરેક શિક્ષકો અજાણ હતા. રજા પુરી થયા બાદ શિક્ષક હાજર નહીં થતાં તેને કારણ દર્શક નોટિસ પણ ૨૫-૧૧-૨૦૨૪ ના રોજ આપવામાં આવેલ હતી. પરંતુ આ શિક્ષક દ્વારા કોઈ પણ જવાબ આપવામાં આવ્યો ન હતો. આ શિક્ષક મ્ઢ કંપનીમા એજન્ટ બની કેટલીય વાર મોંઘીદાટ ગિફ્ટ મેળવી હોય તેવા ફોટા તેમજ સમાચારો સોશિયલ મીડિયા પર ચાલી રહેલ છે. હવે આ મ્ઢ ગ્રુપનુ કૌભાંડ બહાર આવતા આ એજન્ટ બની કામગીરી કરતો શિક્ષક હાલ ક્યાં છે તે કોઈ જાણતું નથી એટલે ક્યાંક આ મહા કૌભાંડને લીધે ભૂગર્ભમાં ઉતરી ગયેલ હોય તેવું લોકો માની રહેલ છે.

### આશરે ૧૦.૫૫ લાખનો દંડ કરાયો
# પોલીસના મેગા કોમ્બિંગમાં ૧૨,૨૯૯ વાહન ચેક કરાયા

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

અમદાવાદ શહેર પોલીસ કમિશનર દ્વારા ગુનેગારો પર પોલીસની ધાક બેસાડવા માટે મેગા કોમ્બિંગ શરૂ કરાવાયું છે. જેનો ઘણો સારો પ્રતિસાદ પણ મળી રહ્યો છે. ત્રણ દિવસના સળંગ કોમ્બિંગ બાદ શનિવારે રાત્રે મેગા કોમ્બિંગ હાથ ધરાયું હતું, જેમાં શહેરના ૪૯ પોલીસ મથકોના ૩૦૦૦થી વધુ કર્મચારી રોડ પર ઉતરી આવ્યા હતા. રાત્રિ દરમિયાન ૧૨,૨૯૯ વાહનો ચેક કરીને પોલીસે ૧૧૭૯ લોકોને મેમા આપીને ૧૦.૫૫ લાખો દંડ વસૂલ કર્યો હતો. અમદાવાદમાં દર આંતરે દિવસે હત્યાઓ થતાં પોલીસે એક્ટિવ મોડમાં આવી ગઈ છે. કમિશનર જ્ઞાનેન્દ્રસિંઘ મલિકે ગુનેગારોમાં પોલીસનો ડર રહે તેવી રીતે કામ કરવા અને સતત લોકો વચ્ચે રહેવા પોલીસને સૂચના આપી છે. શનિવારે શહેરભરમાં મેગા કોમ્બિંગ હાથ ધરાયું હતું. કોમ્બિંગ દરમિયાન પોલીસે વાહન ચેકિંગ ઉપરાંત રીઢા ગુનેગારોની ગતિવિધિઓ અને તેમના ઘરની પણ તપાસ કરાઈ હતી. અત્રે ઉલ્લેખનીય છે કે નાગરિકોની કારની બ્લેક ફિલ્મ રીમુવ કરાવાઈ રહી છે ત્યારે કેટલાક પોલીસ કર્મચારીઓ પોતાની કારમાં નંબર પ્લેટ રાખતા નથી.

### કાર્તિકને પરત લાવવા કવાયત, રાજશ્રી અને સંજય હજુ ભારતમાં જ
# ચિરાગની વાતોમાં આવેલા તબીબોએ દર્દીઓને ખ્યાતિમાં મોકલ્યા હતા

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

નિર્દોષ લોકોના જીવ લેનાર ખ્યાતિકાંડની તપાસમાં અમદાવાદ ક્રાઈમ બ્રાંચને ચિરાગ, મિલિંદ અને રાહુલની પૂછપરછ દરમિયાન ઘણી ચોંકાવનારી વિગતો મળી છે. ચિરાગ ગેંગે અમદાવાદ શહેરની ઘણી હોસ્પિટલો અને સરકારી અધિકારીઓ સાથે રોકડા રૂપિયાના વ્યવહારો કર્યા હતા તેની પણ તપાસ ચાલી રહી છે. ચિરાગની વાતોમાં આવીને ઘણ તબીબો અને હોસ્પિટલના સ્ટાફ દ્વારા દર્દીઓને ખ્યાતિમાં મોકલવામાં આવ્યા હતા. આ ઉપરાંત કતારમાં છુપાયેલા ડિરેક્ટર કાર્તિક પટેલને પરત લાવવા માટે પ્રયાસ ચાલી રહ્યા છે. આતંકવાદીઓને ઝડપી લેતી અમદાવાદ ક્રાઈમ બ્રાંચ સંજય પટોલિયા અને રાજશ્રી કોઠારી સુધી પહોંચવામાં અસમર્થ સાબિત થઈ રહી છે. જો કે, તેઓ ભારતમાં હોવાની વિગતો પોલીસને મળી છે. ખ્યાતિકાંડની તપાસની સાથે સાથે ચિરાગ અને મિલિંદ દ્વારા જે ચિટિંગની સ્કીમો મૂકીને લોકોને લાખો રૂપિયાનો ચૂનો લગાવવામાં આવ્યો હતો તેની પણ તપાસ ચાલી રહી છે. ક્રાઈમ બ્રાંચના રિમાન્ડ પૂરા થતાં આ ગેંગને જેલ હવાલે કરવામાં આવી છે. અમદાવાદની ખ્યાતિ હોસ્પિટલનું ઉદઘાટન માત્ર અને માત્ર સરકારી યોજનાઓના લાભાર્થીઓની સર્જરી કરી સરકાર સાથે જ ઠગાઈ કરવા માટે કરવામાં આવ્યું હતું. હોસ્પિટલના એજન્ટોની ટીમ ગામે ગામ ફરીને જે લોકો પાસે સરકારી યોજનાના કાર્ડ હોય તેમને હોસ્પિટલમાં લાવીને તેમની જીંદગી સાથે ચેડાં કરતી હતી. કડીના બોરીસણાના ગ્રામજનોને પણ ખ્યાતિમાં લાવવામાં આવ્યા અને બિનજરૂરી સ્ટેન્ટ મુકતા બે નાગરિકોના મૃત્યુ થયા હતાં.ખ્યાતિ કાંડની ધીમી ગતિએ તપાસ કરી રહેલી અમદાવાદ ક્રાઈમ બ્રાંચને મિલિંદ-ચિરાગની પૂછપરછમાં જાણવા મળ્યું છે કે પીએમજેએવાય યોજનાની કામગીરી સાથે સંકળાયેલા ત્રણ સરકારી કમર્ચારી વ્યવહાર લઈને ખ્યાતિની ફાઈલ તરત જ પાસ કરાવી દેતા હતા.

# ઝાલોદ નગરપાલિકાની આવનાર સંભવિત ચૂંટણીને લઈ કોંગ્રેસ દ્વારા મીટિંગ યોજાઈ



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨ ।

આજરોજ ૦૨-૧૨-૨૦૨૪ ના રોજ ઝાલોદ શહેર ખાતે આવનાર ઝાલોદ નગરપાલિકાની ચૂંટણીઓને ધ્યાનમાં રાખી વોર્ડ નંબર એક, બે અને ત્રણની દાહોદ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ હર્ષદ નિનામાની અધ્યક્ષતામાં આગેવાન કાર્યકર્તાઓની મિટિંગ યોજાઈ હતી. જે મિટિંગમાં ઝાલોદ નગરપાલિકાના પ્રભારી ઈસ્વર પરમાર અને મોઈનઉદીન કાઝી, વોર્ડ નંબર એકના પ્રભારી રઘુભાઈ મછાર, અને ઝાલોદ શહેર પ્રમુખ મુકેશ વસૈયા, તેમજ ઝાલોદ તાલુકા કોંગ્રેસ પ્રમુખ મુકેશભાઈ ડાંગી સહિત ત્રણે વોર્ડમાં આગેવાન કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. જે મિટિંગ દરમ્યાન ત્રણે વોર્ડના નગરજનો એ કોંગ્રેસ પક્ષના તમામ ઉમેદવારોને સારી લીડ થી વિજેતા બનાવવાનું વચન આપ્યું હતું અને ઝાલોદ નગરપાલિકામાં કોંગ્રેસ પક્ષનો ત્રિરંગો લહેરાવવા મક્કમતા બતાવી હતી.

## વિશેષ
### અમદાવાદ જિલ્લા પ્રભારી મંત્રી ઋષિકેશ પટેલે ધંધુકા ખાતે નવનિર્મિત રેલવે ઓવરબ્રિજનું લોકાર્પણ કર્યુ

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં દેશમાં કલા, સંસ્કૃતિ અને વારસાનું સુંદર રીતે જતન કરવામાં આવી રહ્યું છે : મંત્રી ઋષિકેશ પટેલ

। (માહિતી) અમદાવાદ ।

અમદાવાદ જિલ્લાના પ્રભારી અને રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલે ધંધુકા ખાતે નવનિર્મિત રેલ્વે ઓવરબ્રિજનું લોકાર્પણ કરાવ્યું હતું. ૬૫ કરોડના ખર્ચે નિર્માણ પામેલ રેલવે ઓવરબ્રિજને ખુલ્લો મૂકતાં મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ડબલ એન્જિન સરકાર હમેશાં પ્રજાની સમસ્યાઓના સમાધાન માટે કાર્યરત છે. અમદાવાદ શહેર-જિલ્લા સહિત સૌરાષ્ટ્રથી સુરત અને સુરતથી સૌરાષ્ટ્ર જતા યાત્રિકો તથા ઉદ્યોગકારો માટે આ રેલ્વે ઓવરબ્રિજ આશીર્વાદરૂપ સાબિત થશે. રેલ્વે ઓવરબ્રિજના લીધે હવે ટ્રાફિક ડાયવર્ટ થવાના કારણે, ફાટક પર જે વિલંબ કરવો પડતો હતો તેમાં મહદઅંશે રાહત મળશે તથા પ્રજાજનોના ઈંધણ, પૈસા અને સમયની બચત થશે, એમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.




વધુમાં તેમણે જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રાજ્યના તત્કાલીન મુખ્યમંત્રી તરીકે રાજ્યમાં વિકાસની અવિરત યાત્રાની શરૂઆત કરાવેલી. તેમણે ખેડૂતો, મહિલાઓ અને ગામડાના વિકાસને કેન્દ્રસ્થાને રાખીને સતત તેમના ઉત્થાન માટેના પ્રયાસો કરેલા. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકાર વિકાસના ધ્યેયમંત્ર સાથે કામગીરી કરીને ખેડૂતો અને ગ્રામ્ય વિસ્તારના વિકાસ માટે સતત પ્રયત્નશીલ છે. પાછલા વર્ષોમાં ધંધુકા અને આસપાસના વિસ્તારોમાં ખેડૂતોને પીવાના અને સિંચાઈના પાણી, વીજળી, આરોગ્ય સેવાઓ સહિત પાકા રોડ રસ્તાની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં આજે કલા સંસ્કૃતિ અને વારસાનું સુંદર રીતે જતન કરવામાં આવી રહ્યું છે. સૌરાષ્ટ્ર લોકસાહિત્યકારો, કલાકારો અને સંતોની ભૂમિ રહ્યું છે ત્યારે ધંધુકામાં પણ રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીના સન્માનમાં હમણાં જ નવીન મ્યુઝીયમ ખુલ્લું મુકવામાં આવ્યું છે.

તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં શરૂ થયેલી કન્યા કેળવણી અને શાળા પ્રવેશોત્સવ ઝુંબેશના પરિણામો આજે આપણે જોઈ રહ્યા છીએ. એ જ દિશામાં પ્રગતિ કરતાં રાજ્યમાં આજે સ્ત્રી સશકિતકરણ, કુપોષણ નાબૂદી, કન્યા કેળવણી માટે પ્રસંશનીય કામગીરી થઈ રહી છે. મંત્રીશ્રીએ વડાપ્રધાન દ્વારા પર્યાવરણ જાળવણીની મુહિમ સ્વરૂપે શરૂ કરવામાં આવેલા 'એક પેડ માં કે નામ' અભિયાનને મળેલા અભૂતપૂર્વ પ્રતિસાદનો પણ ઉલ્લેખ કરીને ઉપસ્થિત સૌને વર્ષ ૨૦૪૭ સુધી વિકસિત ગુજરાતથી વિકસિત ભારત બનાવવાના સંકલ્પમાં પોતાનું યોગદાન આપવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી કાળુભાઈ ડાભીએ પ્રાસંગિક ઉદબોધન કરતા લોકાર્પણ પામનાર નવીન રેલવે ઓવરબ્રિજ સહિત તાલુકામાં કરવામાં આવેલા વિવિધ વિકાસકાર્યો પ્રજાજનોની સુખાકારીમાં વધારો કરશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. મંત્રી શ્રી ઋષિકેશ પટેલ સહિત ઉપસ્થિત મહાનુભાવોએ ધંધુકા તાલુકાના આકરું ખાતે પદ્મશ્રી જોરાવરસિંહ જાદવના લોકકલા સંગ્રહાલય 'વિરાસત' અને રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણી મ્યુઝીયમની પણ મુલાકાત લીધી હતી.

લોકકલા સંગ્રહાલય 'વિરાસત' ખાતે મંત્રીશ્રીએ પ્રાચીન ચીજવસ્તુઓ અને ખ્યાતનામ ચિત્રકારોની કૃતિઓ નિહાળીને ખુશી વ્યક્ત કરી હતી. રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણી મ્યુઝીયમ ખાતે મંત્રીશ્રીએ શ્રી ઝવેરચંદ મેઘાણીના પ્રેરણાદાયી જીવન, લોકસાહિત્ય તથા આઝાદીની લડાઈમાં તેમના પ્રદાન અંગેના પ્રદર્શનને નિહાળ્યું હતું. આ ઉપરાંત તેમણે કલાત્મક પ્રતિમાઓ તથા દુર્લભ તસ્વીરોનું પ્રદર્શન પણ નિહાળ્યું હતું. રેલ્વે ઓવરબ્રિજના લોકાર્પણ પ્રસંગે ધંધુકાના ધારાસભ્ય શ્રી કાળુભાઈ ડાભી, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી કંચનબા વાઘેલા, અમદાવાદ જિલ્લા કલેક્ટર સુશ્રી પ્રવિણા ડી.કે., જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિદેહ ખરે, અગ્રણી શ્રી હર્ષદગીરી ગોસ્વામી, પૂર્વ ધારાસભ્ય શ્રી ભરતભાઈ પંડ્યા તથા શ્રી લાલજીભાઈ મેર, ધંધુકા ગુરુકુળના પૂજ્ય બાપુ સ્વામી, એપીએમસીના ચેરમેન શ્રી ચેતનસિંહ ચાવડા, જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓના વડા તથા સભ્યો સહિત સામજિક આગેવાનો, સરકારી વિભાગોના પદાધિકારીઓ વગેરે ઉપસ્થિત રહ્યાં હતા.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

ન્યૂઝ બ્રિફ

## કારકિર્દીની પહેલી પોસ્ટીંગનો ચાર્જ સંભાળવા જતાં IPSનું મોત નીપજ્યું

। (એજન્સી) હસન, તા.૨ ।

કર્નાટકના હસન જીલ્લામાં પોતાની કારકિર્દીની પહેલી પોસ્ટીંગનો ચાર્જ સંભાળવા જઈ રહેલા કર્ણાટક કેડરના ઈન્ડિયન પોલીસ સર્વિસ (IPS) અધિકારી હર્ષ વર્ધનનું અકસ્માતમાં મૃત્યુના ચોકાવનારા સમાચાર સામે આવ્યા છે. મળતી માહિતી અનુસાર વર્ધન હોલેનર સીપુરમાં પ્રોબેશનર આસિસ્ટન્ટ સુપરિન્ટેન્ડેન્ટ ઓફ પોલીસ (ASP) તરીકે ફરજ પર જવા માટે હસન જઈ રહ્યા હતા, ત્યારે હસન તાલુકામાં કીટ્ટાને વિસ્તાર નજીક પોલીસના વાહનનું ટાયર ફાટ્યું હતું. અને તેના કારણે ડ્રાઈવરે વાહન પરથી નિયંત્રણ ગુમાવ્યું હતું. અને વાહન રસ્તાની બાજુના મકાન અને ઝાડ સાથે અથડાયું હતું. એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, વર્ધનને માથામાં ગંભીર ઈજાઓ થઈ હતી. ત્યારબાદ તત્કાલીન તેમને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ થયું હતું. જ્યારે ડ્રાઈવર મંજેગૌડાને સામાન્ય ઈજાઓ થઈ હતી.

## ભોપાલમાં ૧૭ વર્ષીય છોકરાએ ગોળી મારીને કરી આત્મહત્યા



। (એજન્સી) ભોપાલ, તા.૨ ।

મધ્યપ્રદેશનીરાજધાનીભોપાલમાંથી આપઘાતનો એક ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. ભોપાલની શૂટિંગ એકેડમીમાં રહીને શૂટિંગશીખી રહેલા એક ૧૭ વર્ષના છોકરાએ ખુદને ગોળી મારી આપઘાત કરી લીધો છે. ગોળી લાગ્યા બાદ છોકરાનું ઘટના સ્થળે જ મોત થઈ ગયું છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે મૃતક છોકરાના પિતા સ્પોર્ટ્સ ડિપાર્ટમેન્ટમાં જ સીનિયર ઓફિસર છે. આ મામલે પોલીસે જણાવ્યું કે, શૂટરનું નામ યથાર્થ રઘુવંશી છે. યથાર્થે શોટ ગન વડે પોતાની જાતને છાતીમાં ગોળી મારી લીધી છે. આ સમગ્ર ઘટના રેસ્ટ રૂમમાં બની હતી. મૃતક યથાર્થ રઘુવંશી મધ્યપ્રદેશના અશોક નગરનો રહેવાસી હતો. તેમના પિતા અરુણ રઘુવંશી અશોક નગર જિલ્લાના રમતગમત અધિકારી છે. પોલીસે જણાવ્યું કે, યથાર્થ છેલ્લા બે વર્ષથી શૂટિંગ એકેડમીમાં પ્રેક્ટિસ કરી રહ્યો હતો. આપઘાતનું કારણ હજુ સુધી બહાર નથી આવ્યું. પોલીસને તેની પાસેથી કોઈ સુસાઈડ નોટ પણ નથી મળી. મામલો રાતીબદ પોલીસ સ્ટેશન વિસ્તારનો છે. યથાર્થના પરિવારજનોના નિવેદન લીધા બાદ પોલીસ એકેડેમી સ્ટાફની પણ પૂછપરછ કરી રહી છે.

### ચાઈનીઝ પાવર બેંક ખરીદતા પહેલા ચેતી જજો

# ખરાબ ક્વોલિટીને કારણે સરકારે બે કંપનીઓ પર પ્રતિબંધ લગાવ્યો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

સરકારે ચીનથી આવતી ખરાબ ક્વોલિટીની પાવર બેંક પર મોટો પગલો લીધો છે. આ પાવર બેંકની આયાત રોકવા સરકારે કેટલાક પગલાં ભર્યાં છે. આ પાવર બેંક સુરક્ષા માનકો પર ખરી ન રહેવાના અને વાસ્તવિક ક્ષમતા કરતાં ૫૦-૬૦ ટકા ઓછી કામગીરી કરતા હોવાનો દાવો કરવામાં આવ્યો છે. સરકાર આ પ્રકારની હલકી પાવર બેંકના વેચાણ પર પ્રતિબંધ મૂકવાની તૈયારીમાં છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે આ પાવર બેંક જેટલી ક્ષમતા બતાવવામાં આવે છે તેના કરતાં ઓછી કામગીરી કરી રહી છે. રિપોર્ટ મુજબ, ચીનથી આયાત



કરવામાં આવતી પાવર બેંક થી બે વાર મોબાઈલ સંપૂર્ણ ચાર્જ કરી શકાય છે, પરંતુ તેઓ માનકો પર ઊભા નથી રહી રહ્યા અને માત્ર એક વખત જ મોબાઈલ ને ચાર્જ કરી શકે છે. બજારમાં વધતી સ્પર્ધાને ધ્યાનમાં રાખીને ઘણી ભારતીય કંપનીઓ આ ચીની સપ્લાયર્સ પાસેથી ખરાબ લિથિયમ-આયન સેલ ખરીદી રહી છે. BIS એ તાજેતરમાં બે ચીની સપ્લાયર્સ - ગૌઆંગડોંગ ક્વાસુન ન્યૂ એનર્જી ટેક્નોલૉજી કંપની અને ગંઝોઉ નોવેલ બૅટરી ટેક્નોલૉજી પર પ્રતિબંધ મૂક્યો છે. આ બંને સપ્લાયર્સ નું રજિસ્ટ્રેશન રદ્દ કરી દેવામાં આવ્યું છે. ઉપરાંત, એક અન્ય સપ્લાયર ગંઝોઉ તાઓયુઆન ન્યૂ એનર્જી કંપની ભારતીય ધોરણ બ્યૂરો (BIS) ના રડાર પર છે. અધિકારીઓએ ઓપન માર્કેટમાંથી આ કંપનીઓના પાવર બેંકની તપાસ કરી હતી, જેમાં જણાયું કે મોટાભાગની પાવર બેંક તેની ક્ષમતાના દાવાઓ કરતાં ઘણી ઓછી શક્તિશાળી હતી. આ તપાસમાં જણાયું કે 10,000mAh બૅટરી ક્ષમતા ધરાવતા ઘણા પાવર બેંક ની વાસ્તવિક ક્ષમતા માત્ર ૪,૦૦૦ થી ૫,૦૦૦ mAh હતી.

### આ વર્ષે ૪૦૦૦૦ પકડાયા

# અમેરિકા-કેનેડા બોર્ડર ઉપર ભારતીયોની ઘૂસણખોરી વધી

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨ ।

છેલ્લા કેટલાક સમયથી અમેરિકાએ યુએસમાં ઘૂસણખોરી કરતા ઈલીગલ ઈમિગ્રન્ટ્સ માટેના ઘણા રૂટ પર સખ્તી વધારી દીધી છે જેના કારણે તાજેતરના વર્ષોમાં યુએસ-કેનેડા બોર્ડર પર ઈલીગલ ક્રોસિંગ વધી ગયું છે અને તેમાં ભારતીયોની સંખ્યામાં પણ મોટો ઉછાળો આવ્યો છે. યુએસ કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શન દ્વારા જાહેર કરવામાં આવેલા ડેટા પ્રમાણે નોર્ધન બોર્ડર પર થયેલા એન્કાઉન્ટરમાં અમેરિકામાં ઈલીગલી ઘૂસણખોરી કરનારા ભારતીયોની સંખ્યામાં ૨૨ ટકાનો ઉછાળો નોંધાયો છે. USCBP દ્વારા તેના નાણાકીય વર્ષ અનુસાર



ડેટા જાહેર કરવામાં આવ્યા છે. ૨૦૨૨માં અમેરિકામાં ઈલીગલી એન્ટર થવાના કુલ ૧,૦૯,૫૩૫ પ્રયાસો થયા હતા જેમાં ભારતીયોની સંખ્યા ૧૬ ટકા જેટલી હતી. ૨૦૨૩માં તે ટકાવારીમાં કોઈ મોટો વધારો ન હતો થયો અને મોટા ભાગે તે સ્થિર રહી હતી. જોકે બાદમાં ઈલીગલી યુએસમાં એન્ટર થવાના પ્રયાસોની સંખ્યામાં તીવ્ર ઉછાળો આવ્યો હતો અને તે ૧,૮૯,૪૦૨ થયો હતો જેમાં ભારતીયોની સંખ્યા ૩૦,૦૧૦ હતી. આ વર્ષે પણ તેમાં નોંધપાત્ર વધારો થયો છે કુલ ૧,૯૮,૯૨૯ પ્રયાસોમાંથી ભારતીયોની સંખ્યા ૪૩,૭૬૪ હતી જે ૨૨ ટકાની નજીક થાય છે. જોકે આ ડેટા બોર્ડર ઓફિસર્સ દ્વારા જે લોકો પકડાયા છે તેમની છે પરંતુ જે લોકો ડિટેક્ટ થઈ શક્યા નથી તેમની સંખ્યા ઉપલબ્ધ નથી. અમેરિકાના પ્રેસિડેન્ટ તરીકે ચૂંટાયેલા ડોનાલ્ડ ટ્રમ્પે ૨૦ જાન્યુઆરીએ સત્તા સંભાળતા પહેલા જ કેનેડાને ઈલીગલ ક્રોસિંગ બંધ કરાવવાની ધમકી આપતા કહ્યું હતું કે જો કેનેડાએ આમ ના કર્યું તો તેના પર ૨૫ ટકા ટેરિફ ઝીંકવામાં આવશે.



નવી દિલ્હીમાં આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા શર્માએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી.

### ફરી વખત ખુલી શકે છે બોફોર્સ કેસ

## અમેરિકાને કાનૂની અપીલ મોકલશે CBI, હર્શમેનના ખુલાસા બાદ પગલું

। નવી દિલ્હી, તા.૨ ।

બોફોર્સ કેસ ફરી વખત ખુલી શકે છે. આ માટે સીબી ટૂંક સમયમાં પ્રાઈવેટ જાસૂસ માઈકલ દર્શમેન પાસેથી માહિતી માંગવા માટે અમેરિકાને કાયદાકીય રીતે અપીલ કરશે. હર્શમેને બોફોર્સ લાંચ કૌભાંડ અંગે મહત્વની માહિતી ભારતીય એજન્સીઓ સાથે રજૂ કરવા માટે ઈચ્છા વ્યક્ત કરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે તત્કાલીન રાજીવ ગાંધી સરકાર દરમિયાન હોવિત્ઝર ગન માટે સ્વીડિશ કંપની બોફોર્સ સાથે ૧,૪૩૭ કરોડ રૂપિયાના




સોદામાં લાંચ લેવાના આરોપો લાગ્યા હતા. દિલ્હી હાઈકોર્ટે વર્ષ ૨૦૦૪માં પૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીને આ કેસમાં નિર્દોષ જાહેર કર્યા હતા. એક વર્ષ પછી કોર્ટે આ કેસમાં હિન્દુજા બંધુઓ સહિત બાકીના આરોપીઓ સામેના તમામ આરોપોને ફગાવી દીધા હતા. કથિત વચેટિયા ઓટ્ટાવિયો ક્વાટ્રોચીને પણ વર્ષ ૨૦૧૧માં કોર્ટે નિર્દોષ જાહેર કર્યો હતો.

# યુએસ પ્રમુખ જો બાઈડને પુત્ર હન્ટરને બિનશરતી માફી આપી

### મેં જોયું કે મારા પુત્રને નિશાન બનાવવામાં આવી રહ્યો છે અને અન્યાયી રીતે કાર્યવાહી કરવામાં આવી છે : બાઈડન

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨ ।

અમેરિકાના પ્રમુખ જો બાઈડને ગેરકાયદેસર બંદૂક રાખવા અને કરચોરીના કેસમાં તેમના પુત્ર હન્ટરને બિનશરતી માફી આપી દીધી છે. લોકો પ્રમુખ બાઈડનના આ નિર્ણયને તેમના વચન પર યુ-ટર્ન લીધો હોવાનું કહી રહ્યા છે, આ વચનમાં પ્રમુખ બાઈડને કહ્યું હતું કે, તેઓ તેમના પરિવારના લાભ માટે તેમની પાવરનો ઉપયોગ કરશે નહીં. પ્રમુખ જો બાઈડને એક નિવેદન જારી કરીને કહ્યું કે,



આજે મેં મારા પુત્ર હન્ટરને માફ કરી દીધો છે. જ્યારથી મેં પ્રમુખ પદ સંભાળ્યું છે ત્યારથી મેં કહ્યું છે કે, હું ન્યાય વિભાગના નિર્ણયોમાં દખલ નહીં કરીશ અને મેં આ વચન પાળ્યું છે. પરંતુ મેં જોયું કે મારા પુત્રને નિશાન બનાવવામાં આવી રહ્યો છે અને અન્યાયી રીતે કાર્યવાહી કરવામાં આવી રહી છે. તેના પર લગાવવામાં આવેલા આરોપો રાજકીય રીતે પ્રેરિત હતા. પ્રમુખ બાઈડને આગળ કહ્યું કે, કોઈપણ સમજદાર વ્યક્તિ જે હન્ટરના કેસને અનુસરશે તે સમજી શકશે કે, તેને જાણી જોઈને નિશાન બનાવવામાં આવ્યો હતો. પ્રમુખ બાઈડને કહ્યું કે, તેમણે આ સપ્તાહના અંતમાં જ આ નિર્ણય લીધો છે. મને આશા છે કે અમેરિકનો સમજી શકશે કે પિતા અને પ્રમુખે આ નિર્ણય કેમ લીધો.

### ઘરે પાછા જવાનો સમય આવી ગયો છે : મેસી

# વિક્રાંત મેસીએ એક્ટિંગમાંથી નિવૃત્તિની કરી દીધી જાહેરાત

### શ્રેષ્ઠ અભિનેતા વિક્રાંત મેસીએ શેર કરેલી પોસ્ટે તેના ચાહકો સહિત સમગ્ર ફિલ્મ ઈન્ડસ્ટ્રીને આશ્ચર્યચકિત દીધા

। (એજન્સી) મુંબઈ, તા.૨ ।

વિક્રાંત મેસીની ગણતરી ફિલ્મ જગતના શ્રેષ્ઠ અભિનેતાઓમાં થાય છે. નાના પડદાથી પોતાની અભિનય કારકિર્દી શરૂ કરનાર વિક્રાંત મેસીએ OTT અને ફિલ્મ જગતમાં ખૂબ ધૂમ મચાવી અને પોતાની અભિનય શક્તિ સાબિત કરી. પોતાના દમદાર અભિનય માટે પ્રખ્યાત વિક્રાંત મેસી હાલના દિવસોમાં 'ધ સાબરમતી રિપોર્ટ' માટે ચર્ચામાં છે. ૨૦૦૨ની ગોધરાની ઘટના પર આધારિત આ ફિલ્મ ૧૫ નવેમ્બરે સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી, જેને દર્શકોનો જબરદસ્ત પ્રતિસાદ મળ્યો. આ ફિલ્મમાં તેની એક્ટિંગને ખૂબ પસંદ કરવામાં આવી હતી. આ દરમિયાન વિક્રાંત મેસીએ તેની એક પોસ્ટથી સોશિયલ મીડિયા પર હલચલ મચાવી દીધી છે. વિક્રાંત મેસીની આ પોસ્ટને કારણે તેના ફેન્સ પણ નિરાશ થયા છે. હકીકતમાં, અભિનેતાએ આ પોસ્ટ દ્વારા અભિનયમાંથી નિવૃત્તિની જાહેરાત કરી છે. કોમેન્ટ કરતી વખતે, ઘણા યુઝર્સે અભિનેતાને નિવૃત્તિનું કારણ પૂછ્યું છે. વિક્રાંત મેસીએ પોતાના ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર શેર કરેલી પોસ્ટમાં લખ્યું કે, 'હેલો, છેલ્લા કેટલાક વર્ષો અને ત્યારથી લઈને અત્યાર સુધીનો સમય ઘણો સારો રહ્યો છે. તમારા સમર્થન બદલ હું આપ સૌનો આભાર માનું છું.

### મહિલા પાસે ૪ કરોડ ૧૨ લાખ કરાવ્યા ટ્રાન્સફર

# કોચીની નકલી પોલીસ ઓફિસરે મહિલાને કર્યું ડિજિટલ અરેસ્ટ

### કોચીની રહેવાસી મહિલા સાથે ૪.૧૨ કરોડ રૂપિયાની છેતરપિંડી કરવા બદલ બે લોકોની ધરપકડ કરાઈ

। (એજન્સી) કોચી, તા.૨ ।

સાયબર ફ્રોડનો એક નવો કેસ સામે આવ્યો છે, જ્યાં કોચીની રહેવાસી મહિલા સાથે ૪.૧૨ કરોડ રૂપિયાની છેતરપિંડી કરવા બદલ બે લોકોની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે રવિવારે આ મામલાની માહિતી આપી હતી. પોલીસે જણાવ્યું કે સાયબર ઠગ્સે મહિલાને ડિજિટલ અરેસ્ટ કરી અને પછી છેતરપિંડી કરી હતી. પોલીસે જણાવ્યું કે આરોપીઓ મોહમ્મદ મુહાસિલ (૨૨) અને મિસહાબ કેપી છે. બંનેની મલાપુરમ જિલ્લામાંથી ધરપકડ કરવામાં આવી હતી. આ માટે તેણે મહિલાને ડરાવી અને ધમકાવી હતી. સાયબર ઠગ્સે પીડિતાને બોલાવી હતી. આ પછી તેણે તેમને કહ્યું કે તમારા આધાર કાર્ડનો ઉપયોગ કરીને બેંક ખાતું ખોલવામાં આવ્યું છે. આ એકાઉન્ટનો ઉપયોગ ગેરકાયદેસર કામ માટે કરવામાં આવ્યો છે. આ ગંભીર ખોટા આરોપોથી મહિલા ગભરાઈ



ગઈ હતી. આ પછી તપાસના નામે પીડિત મહિલાની ડિજિટલી અરેસ્ટ કરવામાં આવી હતી. પછી પીડિતાને કહેવામાં આવ્યું કે તેણે વેરિફિકેશન માટે તેના પૈસા ટ્રાન્સફર કરવા પડશે. આ પછી પીડિત મહિલાએ સાયબર ઠગના કહેવા પર અન્ય બેંક ખાતામાંથી ૪.૧૨ કરોડ રૂપિયા ઉપાડી લીધા હતા. જ્યારે પીડિત મહિલાને આ સાયબર ફ્રોડની જાણ થઈ તો તેણે ફરિયાદ નોંધાવી હતી. આ પછી તેની ફરિયાદ એસીપી (સાયબર) ને ટ્રાન્સફર કરવામાં આવી હતી, ત્યારબાદ તેઓએ એક વિશેષ ટીમ બનાવી હતી. આ પછી ટીમે પોતાનું કામ શરૂ કર્યું. ત્યારે તેમને ખબર પડી કે આ રકમ કેરળના મલાપુરમ માંથી ઉપાડવામાં આવી છે.

### નાણામંત્રી સીતારમણે આપ્યો જવાબ

# હેલ્થ કે લાઈફ ઈન્શ્યોરન્સ પર ઘટાડવામાં આવી શકે છે ટેક્સ

### જીએસટી પરિષદ તરફથી જીએસટી દરમાં ઘટાડાની ભલામણ કરવામાં આવે છે તો જીએસટી ઘટાડવાથી ઈન્શ્યોરન્સ ખર્ચમાં ઘટાડો થવાની આશા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

જીએસટી પરિષદ જો હેલ્થ કે લાઈફ ઈન્શ્યોરન્સ પર જીએસટી દરોમાં ઘટાડાની ભલામણ કરે છે તો પોલિસીધારક માટે વીમાનો ખર્ચ ઓછો થવાની આશા છે. નાણા મંત્રી નિર્મલા સીતારમણે સોમવારે આ વાત કહી. લોકસભામાં એક લેખિત જવાબમાં તેમણે કહ્યું કે 'જીએસટી પરિષદે ૯ સપ્ટેમ્બરની પોતાની બેઠકમાં લાઈફ અને હેલ્થ ઈન્શ્યોરન્સ પર જીએસટીથી સંબંધિત મુદ્દાઓ પર સંપૂર્ણપણે વિચાર કરવા માટે મંત્રીઓના એક જૂથની રચનાની ભલામણ કરી હતી. લાઈફ અને હેલ્થ ઈન્શ્યોરન્સ પર જીએસટી દરોની સમીક્ષાનો મામલો જીઓએમની સમક્ષ પેન્ડિંગ છે. જો જીએસટી પરિષદ તરફથી જીએસટી દરમાં ઘટાડાની ભલામણ કરવામાં આવે છે તો જીએસટી ઘટાડવાથી પોલિસી ધારક માટે ઈન્શ્યોરન્સના ખર્ચમાં ઘટાડો થવાની આશા છે.' જીએસટી દર




ઈન્શ્યોરન્સ પ્રીમિયર પર અલગથી લાગુ થાય છે તેથી જો જીએસટી દર ઓછા થઈ જાય છે તો તેનાથી પોલિસીધારકને સીધો લાભ મળવાની આશા છે. ખાસ કરીને પ્રતિસ્પર્ધી માર્કેટમાં જ્યાં ઘણી વીમા કંપનીઓ છે. તેનાથી વીમાનો ખર્ચ એક મર્યાદા સુધી ઓછો થઈ જશે. વર્તમાનમાં લાઈફ અને હેલ્થ ઈન્શ્યોરન્સ પોલિસીઓ માટે ચૂકવણી માટે જતાં પ્રીમિયમ પર ૧૮ ટકા જીએસટી લગાવવામાં આવે છે. સીતારમણની અધ્યક્ષતાવાળી જીએસટી પરિષદની બેઠક ૨૧ ડિસેમ્બરે થવાની છે, જેમાં રાજ્ય સરકારોના મંત્રી પણ સામેલ હશે. આ બેઠકમાં લાઈફ અને હેલ્થ ઈન્શ્યોરન્સ પર જીએસટી ઘટાડવા માટે મંત્રી જૂથના રિપોર્ટ પર ચર્ચા થવાની આશા છે. નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ માં કેન્દ્ર અને રાજ્ય સરકારોએ હેલ્થ સર્વિસ અને લાઈફ ઈન્શ્યોરન્સ પોલિસીઓથી ૧૬,૩૯૮ કરોડ રૂપિયા જીએસટી એકત્ર કરી હતી. જેમાં લાઈફ ઈન્શ્યોરન્સથી ૮,૧૩૫ કરોડ રૂપિયા અને હેલ્થ ઈન્શ્યોરન્સથી ૮,૨૬૩ કરોડ રૂપિયાનો જીએસટી સંગ્રહ કરવામાં આવ્યો હતો. આ સિવાય ગત નાણાકીય વર્ષમાં લાઈફ અને હેલ્થ ઈન્શ્યોરન્સ પર રિઈન્શ્યોરન્સથી જીએસટી દરમાં ૨,૦૪૫ કરોડ રૂપિયા એકત્ર કરવામાં આવ્યા, જેમાં લાઈફ પર રિઈન્શ્યોરન્સથી સંગ્રહ કરવામાં આવેલા ૫૬૧ કરોડ રૂપિયા અને હેલ્થ કેર રેવન્યુ ૧,૪૮૪ કરોડ રૂપિયા સામેલ છે. જીએસટી પરિષદની બેઠક ૨૧ ડિસેમ્બરે જેસલમેરમાં થવાની છે. જેમાં લાઈફ અને હેલ્થ ઈન્શ્યોરન્સ પર જીએસટીના મુદ્દા પર વિચાર કરવાની આશા છે.

### T20 લીગથી બહાર થવાનો ખતરો

# ગુજરાત ટાઈટન્સનો રૂપિયા ૨.૪ કરોડનો ખેલાડી થયો ઈજાગ્રસ્ત

### ૨૪ વર્ષીય કોએટ્ઝી શ્રીલંકા વિરુદ્ધ બીજી ટેસ્ટ અને પાકિસ્તાનના ઓલ ફોર્મેટથી બહાર થઈ ગયો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

ગુજરાત ટાઈટન્સે આઈપીએલ ૨૦૨૫ મેગા ઓક્શનમાં જે ઝડપી બોલર્સને ૨.૪ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. તેને લઈને સાઉથ આફ્રિકા ક્રિકેટ બોર્ડે ખરાબ સમાચાર આપ્યા છે. ગુજરાતે ઓક્શનમાં ગેરાલ્ડ કોએટ્ઝીને ખરીદ્યો હતો પરંતુ હવે કમરમાં ઈજાના કારણે તે લાંબા સમય માટે મેદાનથી બહાર થઈ ગયો છે. ૨૪ વર્ષીય કોએટ્ઝી શ્રીલંકા વિરુદ્ધ બીજી ટેસ્ટ અને પાકિસ્તાનના ઓલ ફોર્મેટથી બહાર થઈ ગયો છે જે ૧૦ ડિસેમ્બરથી સાત જાન્યુઆરીની વચ્ચે થવાની છે. કોએટ્ઝીને પહેલી ટેસ્ટ દરમિયાન ઈજા પહોંચી હતી. મેચના ચોથા દિવસે બોલિંગના સમયે ઈજાગ્રસ્ત થયો હતો. જે બાદ તેનું સ્કેન કરાવવામાં આવ્યુ. ક્રિકેટ સાઉથ આફ્રિકાએ પુષ્ટિ કરી છે કે સ્કેનમાં તેના જમણી કમરની માંસપેશીઓમાં ખેંચાણ થયું છે. કોએટ્ઝીને ઠીક થવામાં ચારથી છ અઠવાડિયાનો સમય લાગી શકે છે. આ કારણે તે SA20 લીગની શરૂઆતી મેચથી પણ બહાર થઈ શકે છે, જે ૯ જાન્યુઆરી ૨૦૨૫થી શરૂ થશે. જોબર્ગ




સુપર કિંગ્સ ટીમનો ભાગ છે અને તેની પહેલી મેચ ૧૧ જાન્યુઆરીએ MI કેપટાઉન સામે થવાની છે. કોએટ્ઝીની ટીમથી બહાર થયા બાદ શ્રીલંકા સામે બીજી ટેસ્ટ મેચ માટે ઝડપી બોલર ક્વેના મફાકાને સાઉથ આફ્રિકાની ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે, જે પાંચ ડિસેમ્બરથી ગેકેબરહામાં શરૂ થશે. ક્રિકેટ સાઉથ આફ્રિકાએ પોતાના નિવેદનમાં કહ્યું, સાઉથ આફ્રિકાના ઝડપી બોલર ગેરાલ્ડ કોએટ્ઝી કમરની ઈજાના કારણે શ્રીલંકા વિરુદ્ધ બીજી ટેસ્ટ અને પાકિસ્તાન વિરુદ્ધ આગામી તમામ ફોર્મેટના પ્રવાસથી બહાર થઈ ગયો છે. ૨૪ વર્ષના બોલરને શનિવારે પહેલી ટેસ્ટના ચોથા દિવસે બોલિંગ કરતી વખતે અસહજ અનુભવ થયો હતો. સ્કેનના રિઝલ્ટમાં જમણી કમરની માંસપેશીઓમાં ખેંચાણ થયું હોવાનું સામે આવ્યું છે.

## તંત્રી લેખ...

# કેનેડામાં રહેતા ભારતીયોએ પાછા આવવું પડી શકે છે

કેનેડામાં જસ્ટિન ટ્રૂડોની સરકાર ઈમિગ્રન્ટ્સને લઈને કડક હોવાનું જણાય છે. કેનેડામાં લગભગ ૭ લાખ વિદેશી વિદ્યાર્થીઓનું ભવિષ્ય જોખમમાં છે. કેનેડાના ઈમિગ્રેશન મિનિસ્ટર માર્ક મિલરે ગયા સપ્તાહની શરૂઆતમાં માહિતી આપી હતી કે, ૨૦૨૫ના અંત સુધીમાં કેનેડામાં લગભગ ૫૦ લાખ કામચલાઉ પરમિટ સમાપ્ત થવા જઈ રહી છે. એવામાં કેનેડિયન ઈમિગ્રેશનને આશા છે કે મોટાભાગના વિદેશી વિદ્યાર્થીઓ પરમિટ પૂરી થતા દેશ છોડી દેશે. વર્ષ ૨૦૨૫માં ૫૦ લાખ ટેમ્પરરી પરમિટની મુદત પૂરી થઈ રહી છે, જેમાંથી ૭ લાખ પરમિટ વિદ્યાર્થીઓની છે. તાજેતરમાં ટ્રૂડો સરકારે આંતરરાષ્ટ્રીય સ્ટુડન્ટ પરમિટની સંખ્યામાં ઘટાડો કરવાનો નિર્ણય લીધો છે. વર્ષ ૨૦૨૪માં સ્ટુડન્ટ પરમિટમાં ૩૫ ટકાનો ઘટાડો કરવામાં આવ્યો છે. ત્યારબાદ ૨૦૨૫માં વધુ ૧૦ ટકાનો ઘટાડાનો કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. જેના કારણે વિદ્યાર્થીઓને ફરીથી પરમિટ મેળવવામાં ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે. ટેમ્પરરી વર્ક પરમિટ સામાન્ય રીતે ૯ મહિનાથી ૩ વર્ષ સુધી જારી કરવામાં આવે છે. તેમજ કેનેડામાં કાયમી વર્ક પરમિટ મેળવવા માટે ડિપ્લોમા કે ડિગ્રી કરેલા વિદેશી વિદ્યાર્થીઓને જરૂરી અનુભવ મેળવવા માટે આપવામાં આવે છે. આ પરમિટ અંગે મિલરે જણાવ્યું હતું કે મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ કેનેડામાં રહેવા માટે અરજી કરી રહ્યા છે, જે ચિંતાજનક છે. તેથી, અમે આ અરજીઓની કડક તપાસ કરીશું અને બનાવટી અરજદારોને બાકાત રાખીશું.' કેનેડાના ઈમિગ્રેશન મિનિસ્ટર માર્ક મિલરે કહ્યું કે બધા અસ્થાયી પ્રવાસીઓને દેશ છોડવાની જરૂર નથી. તેના બદલે, કેટલાકને નવી પરમિટ અથવા પોસ્ટ ગ્રેજ્યુએટ વર્ક પરમિટ આપવામાં આવશે. કેનેડાના ઈમિગ્રેશન વિભાગના ડેટા અનુસાર, મે ૨૦૨૩ સુધીમાં ૧૦ લાખથી વધુ વિદેશી વિદ્યાર્થીઓ કેનેડામાં હતા. તેમાંથી ૩,૯૬,૨૩૫ પાસે ૨૦૨૩ના અંત સુધી પોસ્ટ-ગ્રેજ્યુએશન વર્ક પરમિટ હતી પરંતુ કેનેડા હવે આ પરમિટ આપવામાં ખૂબ જ કડક બની રહ્યું છે. આના કારણે કેનેડાએ ૨૦૨૪માં આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓની પરમિટમાં ૩૫%નો ઘટાડો કર્યો હતો. હવે ટ્રૂડો સરકાર ૨૦૨૫ માં તેને વધુ ૧૦% ઘટાડવાની યોજના ધરાવે છે. જો કે ટ્રૂડોના આ નિર્ણયનો તેમના જ દેશમાં વિરોધ થઈ રહ્યો છે. રૂઢિચુસ્ત નેતા પિયર પોઈલીવરે જસ્ટિન ટ્રૂડોની નીતિઓની ટીકા કરતા કહ્યું છે કે તેનાથી અસ્થાયી રહેવાસીઓ માટે અનિશ્ચિતતા ઊભી થઈ છે અને તેનાથી દેશને નુકસાન થઈ રહ્યું છે. એ પણ કહ્યું કે વર્ષ ૨૦૨૫ના અંત સુધીમાં લગભગ ૫૦ લાખ અસ્થાયી રહેવાસીઓએ દેશ છોડવો પડી શકે છે.

## ભારત NCX ૨૦૨૪ અભૂતપૂર્વ સફળતા સાથે પૂર્ણ થયું: ૬૦૦થી વધુ સહભાગીઓને તાલીમ




ભારત નેશનલ સાયબર એક્સરસાઈઝ (NCX) ૨૦૨૪, જે ભારતના સાયબર સિક્યુરિટી લેન્ડસ્કેપમાં એક સીમાચિહ્નરૂપ ઘટના છે, તે સફળતાપૂર્વક પૂર્ણ થઈ છે, જેણે સાયબર સ્થિતિસ્થાપકતા, સહયોગ અને નવીનતામાં નવા માપદંડો સ્થાપિત કર્યા છે. ૬૦૦થી વધુ સહભાગીઓને તાલીમ આપવામાં આવી છે, આ પહેલ ભારતની સાયબર સુરક્ષા તત્પરતાને સામૂહિક રીતે મજબૂત કરવા માટે સાયબર સુરક્ષા વ્યાવસાયિકો, નીતિ નિર્માતાઓ, સંરક્ષણ કર્મચારીઓ, શિક્ષણવિદો અને ઉદ્યોગના નેતાઓને એકસાથે લાવ્યા છે. આ ઈવેન્ટમાં બે મુખ્ય સીમાચિહ્નો દર્શાવવામાં આવ્યા હતા: ડીજી એનસીઆઈઆઈપીસી દ્વારા નેશનલ સાયબર સિક્યુરિટી રેફરન્સ ફ્રેમવર્કનું લોન્ચિંગ અને રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી (આરઆરયુ) દ્વારા સ્વદેશી રીતે વિકસિત ભારત નેશનલ સાયબર રેન્જ ૧.૦નું ઉદ્ઘાટન. આ પહેલોની સાથે, ભારત CISOs કોન્ક્લેવ અને BHARAT સાયબર સિક્યુરિટી સ્ટાર્ટઅપ પ્રદર્શને વ્યૂહાત્મક ચર્ચાઓ માટે પ્લેટફોર્મ પૂરું પાડ્યું અને સાયબર સુરક્ષામાં અદ્યતન નવીનતાઓનું પ્રદર્શન કર્યું હતું. સમાપન સમારંભ દરમિયાન, લેફ્ટનન્ટ જનરલ જોહ્નસન પી. મેથ્યુ, ચીફ ઓફ ઈન્ટીગ્રેટેડ ડિફેન્સ સ્ટાફે ભારતની ડિજિટલ સરહદોને સુરક્ષિત કરવા માટે એક મુખ્ય પહેલ તરીકે ભારત NCX ૨૦૨૪ના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. તેમણે સહયોગી ભાવનાને બિરદાવી જેણે ઈવેન્ટને જબરદસ્ત સફળતા આપી હતી અને સાયબર સુરક્ષાના ક્ષેત્રમાં સતત નવીનતા અને અગમચેતીના મહત્વ પર ભાર મૂક્યો હતો. રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના પ્રો વાઈસ ચાન્સેલર પ્રોફેસર કલ્પેશ વંન્દ્રાએ રાષ્ટ્રીય સાયબર સુરક્ષાને આગળ વધારવામાં શિક્ષણ વિભાગની મુખ્ય ભૂમિકા પર વિચાર કર્યો હતો. તેમણે નવીનતા અને સહયોગને પ્રોત્સાહન આપવા માટે RRUની પ્રતિબદ્ધતાને રેખાંકિત કરી, જેનું ઉદાહરણ ભારત નેશનલ સાયબર રેન્જ ૧.૦ ના વિકાસમાં આપવામાં આવ્યું હતું. નેશનલ સાયબર સિક્યુરિટી કોઓર્ડિનેટર લેફ્ટનન્ટ જનરલ એમ. યુ. નાયરે ભારત દ્મઝ્રઠ ૨૦૨૪ના પરિણામોની વ્યાપક ઝાંખી પૂરી પાડતા સારાંશ આપ્યો હતો. તેમણે શીખેલા પાઠના મહત્વ, શરૂ કરાયેલી પહેલોના વ્યૂહાત્મક મૂલ્ય અને આ પ્રકારની કસરતોની ભૂમિકા તેમજ રાષ્ટ્રીય સાયબર સજ્જતાને પ્રોત્સાહન આપવા પર ભાર મૂક્યો હતો. રાષ્ટ્રીય સુરક્ષા પરિષદ સચિવાલયના સંયુક્ત સચિવ (સાયબર) મેજર જનરલ મનજીત સિંહે આ કાર્યક્રમ દરમિયાન શીખેલા પાઠનો વિગતવાર સારાંશ રજૂ કર્યો હતો. તેમણે સાયબર સ્થિતિસ્થાપકતાને મજબૂત કરવા માટે કાર્યક્ષમ આંતરદૃષ્ટિની રૂપરેખા આપી અને આવી આગળ દેખાતી પહેલો દ્વારા સતત ક્ષમતા નિર્માણના મહત્વ પર પ્રકાશ પાડ્યો હતો. રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના કર્નલ નિધિશ ભટનાગરે ધન્યવાદના મતમાં રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના સચિવાલયને આવી આગળ દેખાતી પહેલોની કલ્પના કરવા અને ચલાવવા બદલ આભાર વ્યક્ત કર્યો. તેમણે રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટી, ખાસ કરીને તેના અધ્યાપકો, સ્ટાફ અને વિદ્યાર્થીઓનો પણ હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો.

**દરેક પ્રકારના ભોગનું સુખ ક્યારેય કાયમ રહેતું નથી, એ હંમેશા શરીરની વૃદ્ધિ કરતા શરીરમાં રહેલા આત્મ પ્રકાશને ઢાંકવાનું કામ કરે છે**

# શરીર રૂપ, રંગ, રસ, ગંધ, સ્પર્શ અને સ્વર એમ કુલ છ પ્રકારના ભોગથી આકર્ષાય છે



સદ્ગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**ભગવાને કહેલું આ સત્ય આપણે સૌ જાણીએ છીએ, એટલે કે શરીર નાશવંત છે, અને મૃત્યુ શાશ્વત છે, મનુષ્ય દેહ રૂપે આવ્યાં છીએ, એટલે એકને એક દિવસ આ દેહ છોડીને જવાનું છે, જે કંઈ આપણા પ્રારબ્ધ અનુસાર આપણે મેળવ્યું હશે તે બધું જ અહીં મૂકીને જવાનું છે, સગા સંબંધીઓ કે કોઈપણ પ્રકારની લેણાદેવી સાથે લઈને જઈ શકાતું નથી.**

આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. યે હિ સંસ્પર્શજા ભોગા દુઃખયોનય એવ તે, આદ્યન્તવન્તઃ કૌન્તેય ન તેષુ રમતે બુધઃ. માગશર મહિનો શરૂ થયો! એટલે હવે ગીતા જયંતી આવશે! પૂરાં વિશ્વને અત્યારે ભગવત્ ગીતાને વૈશ્વિક સમસ્યાના ઉપાય તરીકેના સદગ્રંથ તરીકે સ્વીકારવાનો સમય આવી ગયો છે, કારણકે ગીતા જેટલું સરળ જ્ઞાન બીજે ક્યાંય ઉપલબ્ધ નથી, અને જ્ઞાન વગર જીવન ક્યારેય મંગલતા પ્રાપ્ત કરતું નથી. આજે સાંપ્રત સમયમાં દરેક વ્યક્તિ કોઈને કોઈ સમસ્યાનો ભોગ છે, અને એ સમસ્યાનો જો લાંબા સમય સુધી ઉકેલ ન આવે તો, એનાથી માનસિક તાણ અનુભવે છે. પરંતુ બહુ સૂક્ષ્મ રીતે ચિંતન કરવામાં આવે તો ૭૦% સમસ્યાઓ એનાં પોતાના અજ્ઞાનને કારણે હોય છે, અને બાકીની ૩૦ ટકા સમસ્યાઓ પોતાનાં આત્મવિશ્વાસની કમીને કારણે હોય છે. આપણે ભગવત ગીતાનાં માધ્યમથી મનુષ્ય કેવા પ્રકારના જ્ઞાન કે અજ્ઞાનનો સામનો કરતો હોય છે, એ અર્જુનના માધ્યમથી જોઈએ. અર્જુન એ ભગવાને કેટલાંય પ્રશ્નો કર્યા, અને ભગવાને એને કહ્યું કે તું કર્મયોગની રીતે કર્મ કર, કર્મ સન્યાસની રીતે કર્મ કર, જ્ઞાન યોગથી કર્મ કર, કે સાંખ્ય યોગનો સહારો લઈ, આ બધી જ મોહમાયામાંથી મુક્ત થઈ જા. દરેક જીવ એનાં પ્રારબ્ધમાં લખાયેલા કર્તવ્ય કર્મને અનુસરે તો એ કોઈપણ પ્રકારના બંધનોમાં બંધાતો નથી, અને એ ખુદ શાંતિનો અનુભવ કરે છે. સચ્ચિદાનંદ ઘન સ્વરૂપે પોતાનામાં જ ઈશ્વરને અનુભવે છે, પરંતુ અર્જુન છે કે હજી તેનું અજ્ઞાન સમાપ્ત થતું નથી. આપણા બધાની જિંદગી પણ મોટેભાગે અર્જુન જેમ કોઈને કોઈ પ્રકારના અજ્ઞાનથી જ ઘેરાયેલી છે, અને એ અજ્ઞાન જ્ઞાનરૂપી પ્રકાશનો જોઈએ તેટલો અનુભવ થવાં દેતું નથી. કોઈ વધુ તો કોઈ ઓછા અંશે અજ્ઞાન ધરાવે છે,અને એની માટે અંતઃકરણ ચતુષ્કોણ જવાબદાર છે, એ પણ આપણે જાણીએ છીએ. બાકીના ૩૦% આત્મવિશ્વાસની કમી, પણ અંતઃકરણ ચતુષ્કોણનો કોઈ એક ખૂણો પ્રબળ બને, અથવા તો સામેવાળાનો અહમ કે પ્રભાવ બીજી વ્યક્તિને દુર્ભાવ કરવા માટે પણ પ્રેરે, અને આ રીતે અંધારામાં વધુને વધુ ગરકાવ થવાથી નિષ્ફળતાનો કે મૃત્યુનો ભય રહે છે, જેને કારણે આત્મવિશ્વાસ ડગમગી જાય છે. શ્રીમદ ભગવત ગીતાના પાંચમા અધ્યાયના ૨૨ માં શ્લોકમાં ભગવાન અર્જુનને કહે છે કે, જે ઈન્દ્રીય અને વિષયોના સંયોગથી ઉત્પન્ન થતાં સર્વભોગો છે, તે બધા વિષય માણસોને સુખરૂપ



ભાસવા છતાં પણ નિઃશંકપણે દુઃખના જ હેતુ છે. વળી આદિ અંત વાળા એટલે કે એ અનિત્ય છે માટે હે કૌંતેય, ડાહ્યો અને વિવેકી માણસ એમાં આસક્ત રહેતો નથી. ભગવાને કહેલું આ સત્ય આપણે સૌ જાણીએ છીએ, એટલે કે શરીર નાશવંત છે, અને મૃત્યુ શાશ્વત છે. મનુષ્ય દેહ રૂપે આવ્યાં છીએ, એટલે એકને એક દિવસ આ દેહ છોડીને જવાનું છે. જે કંઈ આપણા પ્રારબ્ધ અનુસાર આપણે મેળવ્યું હશે તે બધું જ અહીં મૂકીને જવાનું છે. સગા સંબંધીઓ કે કોઈપણ પ્રકારની લેણાદેવી સાથે લઈને જઈ શકાતું નથી. દરેક પ્રકારના ભોગનું સુખ ક્યારેય કાયમ રહેતું નથી, એ હંમેશા શરીરની વૃદ્ધિ કરતા શરીરમાં રહેલા આત્મ પ્રકાશને ઢાંકવાનું કામ કરે છે, માટે તેનો સમ્યકતાથી ઉપયોગ કરવો. આટલી જાણકારી લગભગ દરેક પાસે છે અને વ્યવહારમાં આવા વાક્યોનો આપણે ઉપયોગ પણ કરતા હોઈએ છીએ, અને છતાં મોહમાયાથી મુક્ત થઈ શકાતું નથી, અને એ માત્ર જાણકારી બની રહી જાય છે, જ્ઞાન કહેવાતું નથી, અને એટલે જ એ અજ્ઞાન તરીકે કાયમ આપણા જીવનને દોરે છે અને મોહ માયામાં વધુને વધુ પ્રવૃત કરે છે. ભગવાને ચોખ્ખું કહ્યું છે કે ઈન્દ્રિય અને વિષયોના સંયોગથી ઉત્પન્ન થતા સર્વ ભોગો સુખ સ્વરૂપે ભલે પાસે હોય પણ એ નિઃશંકપણે દુઃખના જ હેતુ છે. શારીરિક સ્વાસ્થય બગાડવા માટે આ બધા કારણભૂત છે, એ આપણે જાણીએ જ છીએ. જેમકે વધુ પડતું સ્વાદિષ્ટ ભોજન ખાવાથી કેટલીય પ્રકારના રોગ થાય છે, તો વધુ માત્રામાં ખાવાથી પણ રોગ થાય છે, અને એ જ રીતે ન ખાવાથી પણ થાય છે, પરંતુ એબોસીટી એ આજના સમયની સૌથી મોટી સમસ્યા છે. ભોજનની રીતે તો માનવી ખાઉધરો થઈ જ ગયો છે, પરંતુ અન્ય બધી જ વાતે તેને પૂરું પડતું જ નથી! લોકો એને મહત્વકાંક્ષા કહે છે, પણ હકીકતમાં એ અસંતોષની એક એવી વૃત્તિ છે કે, જે તેને સંતોષ થવા દેતી નથી,ક્યારેય શાંત થવા દેતી નથી, બસ એ વિષય પ્રેરક ભોગ સમયના ક્ષણિક સુખને કાયમી કરવા માટે મનુષ્ય સતત મથતો રહે છે. એ રીતે એ દુઃખનાં હેતુઓને જ પોષણ આપી રહ્યો છે, અને આશ્ચર્યની વાત તો ત્યાં છે કે, લગભગ બધા જ જાણે છે, પણ કોઈને કોઈ રીતે એ વૃત્તિ પર સંયમન કરી શકતાં નથી. ઈશ્વરે જ્યારે મનુષ્ય દેહ આપ્યો ત્યારે જ એનું આયુષ્ય નક્કી કરીને મોકલ્યો હતો, અને એની સાથે સાથે બીજી ઘણી વસ્તુની નિયત માત્રા પણ નક્કી થઈ હોય છે, એવું આજે વિજ્ઞાન પણ સ્વીકારે છે. શરીર મુખ્યત્વે રુપ, રંગ, રસ, ગંધ, સ્પર્શ અને સ્વર,એમ છ પ્રકારના ભોગથી આકર્ષાય છે. આમ છ પ્રકારના ભોગની માત્રા પણ એના જન્મ સમયે નિશ્ચિત કરવામાં આવી હોય છે. પરંતુ આપણે એ સત્ય જાણતા નથી, અને આપણી આ ખાઉધરી વૃત્તિને કારણે સતત એ છ પ્રકારના ભોગ ભોગવવા મથીએ છીએ, એને કારણે ક્યારેક એ માત્રા આપણા આયુષ્ય પહેલા જ પૂરી થઈ જાય, તો પ્રકૃતિ તરફથી એની પર સંયમન આવે એટલે કે કોઈને કોઈ પ્રકારનો વ્યાધિ કે રોગ આપણને લાગુ પડે અને ડોક્ટર એ છ ભોગરસ પર પ્રતિબંધ લાદે. મોટેભાગે રસ એટલે કે સ્વાદનું પલ્લુ જોખમકારક છે, અને સ્વાદના ચટાકાને કારણે ન સાંભળ્યા હોય એવા રોગ આજે થતા જોવા મળે છે. ખાંડ બહુ ખાઈ લીધી તો ડાયાબિટીસ! ઉગ્ર બહુ રહ્યા તો બીપી! કારણ વગરના માનસિક તણાવને લઈને હું કરું કરીને ફર્યા એટલે હૃદય પર દબાણ વધ્યું હાટની બીમારી લાગુ પડી કે, પછી તળિયું તાવ્યુ વધારે ખાધું અને વેઈન બ્લોક થઈ ગઈ, કાંતો ખૂબ ખાધું એટલે એબોસીટી! આમ દરેક રોગ કોઈને કોઈ વિષય પ્રેરક ભોગના વધુ ને વધુ મેળવેલા સુખને કારણે જ હોય છે. બીજું બધું તો ન સમજાય, પણ આ શરીર સુખ માટે થઈને જે ભોગનું શરણું લીધું છે, એ જ આપણને આભવ સાગરમાં એટલે કે મોહ માયામાં ડુબાડી રહ્યું છે, એટલું સત્ય જો સમજાય જાય તો શારીરિક અને માનસિક બંને રીતે સ્વસ્થ જીવન જીવી શકાય! તેમ જ નિયત માત્રામાં ભોગ ગ્રહણ કરીને જીવીએ, તો જીવનનાં બાકીના આયુષ્ય ને સુખ, સંતોષ, તેમજ શાંતિપૂર્વક જીવી શકાશે. તો આપણે સૌ વિષય પ્રેરક ભોગ ગ્રહણ કરતાં પહેલાં આ સુખ ક્યાંક મારા દુઃખનું કારણ તો નથી ને? એટલું અવશ્ય વિચારી શકીએ એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**જ્ઞાતિજનોએ સામેથી જ નાત માટેનો દિવસ અને ભોજન સામગ્રી નક્કી કરી દીધી, વલ્લભ ભટ્ટને ચિંતા સતાવવા લાગી કે હવે કરવું શું?**

# આજે માગશર સુદ બીજ શ્રી બહુચર માતાજીને રસ-રોટલીનો પ્રસાદ ધરાવવાનું અનેરું મહત્વ



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**કોઈ ભક્તિમય થાય, માતાના ગુણગાન ગાય, માતાનો મહિમા વધારે તેવું ઘણા લોકોને ગમે નહી તેથી બંને ભાઈઓની ભક્તિ જોઈને ઘણા ઈર્ષાળુ લોકો બંને ભાઈઓની ટીકા કરવા લાગ્યા, તેમને બદનામ કરવાના તુક્કા અજમાવવા લાગ્યા, કેટલાક લોકોએ શ્રી વલ્લભભટ્ટ જીની ટીકા કરતા તેમને કહ્યું કે "જો તમે જ આનંદનો ગરબો રચ્યો હોય તો શ્રી ચક્રનો ગરબો રચી બતાવો".**

વિશ્વમાં જ્યાં પણ મા બહુચરનું ધામ હશે ત્યાં માગશર સુદ બીજ ના દિવસે માને ચોક્કસથી રસ રોટલીનો ભોગ લગાવાય જ છે. અને પછી તેને જ પ્રસાદ રૂપે ભક્તોને વહેંચાય છે. માગશર સુદ બીજે આ પ્રસાદ આપવાની પ્રથા કેવી રીતે શરૂ થઈ તેની સાથે માના પરમ ભક્ત વલ્લભ ભટ્ટનો જ નાતો જોડાયેલો છે. દંતકથા અનુસાર મેવાડા બ્રાહ્મણ એવાં વલ્લભ ભટ્ટ અને તેમના ભાઈ ધોળાને તેમની જ્ઞાતિના બ્રાહ્મણો એ એકવાર મેણું માર્યું કે, "અરે વલ્લભધોળા! જ્ઞાતિ ભોજનમાં આવીને જમી તો જાવ છો. પણ, ક્યારેક તમેય જ્ઞાતિ ભોજન કરાવો." વલ્લભ ભટ્ટ હજુ કંઈ સમજે અને કંઈ બોલે તે પહેલાં જ એક બ્રાહ્મણ બોલી ઉઠ્યા કે, "અરે વલ્લભજી તો આખીયે નાતને જમાડશે.અને એય પાછું આ માગશર સુદ બીજે રસ-રોટલીનું જમણ કરાવશે." જ્ઞાતિજનોએ સામેથી જ નાત માટેનો દિવસ અને ભોજન સામગ્રી નક્કી કરી દીધી.વલ્લભ ભટ્ટને ચિંતા સતાવવા લાગી કે હવે કરવું શું ? પણ, જેના માથે સ્વયં મા બહુચરાનો હાથ હોય તેના જીવનમાં ભલાં શું અશક્ય હોવાનું !માગશર સુદ બીજનો દિવસ આવ્યો. વલ્લભ ભટ્ટને થયુંકે હું તો ગરીબ બ્રાહ્મણ અને એમાંય ભર શિયાળે કેરીનો રસ ક્યાંથી આવે!બપોરનો સમય થયો. વલ્લભજી તો મંદિરમાંથી નીકળી સાબરમતી નદીના કિનારે પહોંચ્યા અને માના નામનું સ્મરણ કરવામાં લીન થઈ ગયા. કહે છે કે તે સમયે મા બહુચરસ્વયં'વલ્લભ' રૂપે અને નારસીંગદાદા'ધોળા'રૂપે નવાપુરા ની ભૂમિ પર આવ્યા. અને મેવાડા બ્રાહ્મણ ની આખીયે નાતને રસ રોટલીનું જમણ કરાવ્યું લોકોએ તો વલ્લભ-ધોળાની મજાક કરવા રસની માંગ મૂકી હતી. પણ,માએ તો સ્વયં ભક્તનું રૂપ ધરી ભક્તની લાજ રાખી. નાત જમીને પાછી ફરી ત્યારે તેમને વલ્લભ-ધોળા સામે મળ્યા. અને આખીયે ઘટનાની જાણ થઈ વલ્લભ-ધોળાએ મા બહુચરનો આભાર માન્યો. તો બીજી તરફ જ્ઞાતિજનોએ તેમની ભૂલ બદલ વલ્લભ-ધોળાની માફી માંગી. અને તે ખરેખર માના પરમ ભક્ત હોવાનો સ્વીકાર કર્યો. ભક્તની લાજ રાખવા જે દિવસે મા બહુચર ભક્તના જ રૂપે આ ભૂમિ પર પધાર્યા તે દિવસ હતો માગશર સુદ બીજનો. અને એ જ કારણ છે કે આ દિવસે ગુજરાત ના તમામ બહુચર મંદિરોમાં મહા ઉત્સવનું આયોજન થાય છે. અને માને રસ-રોટલીનો ભોગ લગાવી તેને પ્રસાદ રૂપે વહેંચવામાં આવે છે. શ્રી બહુચર માતાના પરમ ભક્ત શ્રી વલ્લભ ભટ્ટજી અને ધોળા ભટ્ટજી રાજનગર (અમદાવાદનું આશરે ૩૫૦થી પણ વધારે વર્ષ જૂનું નામ)માં આશાવલ્લીના ટેકરા પાસે (હાલનું આસ્ટોડીયા) ઢાળની પોળમાં આશાપુરા માતાના ખાંચામાં રહેતા હતા.તેઓ મૂળ મેવાડા બ્રાહ્મણ હતા. તેઓ નજીકમાં પર્ણકૂટિમાં રહેતા શ્રી પરમાનંદજી ગુરુ પાસે ભણવા જતા પરંતુ બંને ભાઈઓને જ્ઞાન ઉતરતું નહી. ગુરુજીએ બંને ભાઈઓને બાલાનો બીજ મંત્ર "ઐ કલીં સૌ" આપ્યો. આ મંત્ર બંને ભાઈઓ નવાપુરાની ભૂમિ પર (જયાં પૂર્વે બાળાએ પોતાના તમામ શસ્ત્રોનો ત્યાગ કરીને કાયમ માટે વિશ્રામ કર્યો હતો) તે નવાપુરાની ભૂમિ પર આવીને બાલાના બીજ મંત્રનો સતત જાપ કરતા રહ્યા. "રાજનગર નિજ ધામ પુર નવિન મધ્યેમાં, આઈ આદ્ય વિશ્રામ જાણે જગ બધે મા "હે બહુચર માં, રાજનગરની મધ્યે આવેલા નવાપુરાના આદ્ય સ્થાનમાં આપે કાયમ માટે વિશ્રામ કર્યો તે સર્વ જગત જાણે છે" શ્રી બહુચર માતાએ આ પવિત્ર ભૂમિ પર પ્રગટ થઈને બંને ભાઈઓને દર્શન આપ્યા. શ્રી બહુચરમાએ વલ્લભ ભટ્ટજીના જીભે વાણી આપીને "આનંદનો ગરબો"રચાવ્યો.આ શુભ દિવસ ફાગણ સુદ ત્રીજનો હતો. શ્રી વલ્લભ ભટ્ટજી અને ધોળા ભટ્ટજી નવાપુરામાં આવીને આરાધના કરતા, પૂજા કરતા અને માતાના ગુણગાન ગાતા. તેઓ નવાપુરાથી પગપાળા ચાલીને ચુંવાળ પંથકમાં બિરાજમાન બહુચરાજીના દર્શન કાજે જતા.તેઓ બહુચર માતાના મંદિરની સામે બેસીને આનંદનો ગરબો ગાતા. આજે પણ ચુંવાળ પંથકમાં બહુચરાજી મંદિરની બરોબર સામે શ્રી વલ્લભ ધોળા ભટ્ટજીનો ઓરડો છે. કોઈ ભક્તિમય થાય,માતાના ગુણગાન ગાય, માતાનો મહિમા વધારે તેવું ઘણા લોકોને ગમે નહી તેથી બંને ભાઈઓની ભક્તિ જોઈને ઘણા ઈર્ષાળુ લોકો બંને ભાઈઓની ટીકા કરવા લાગ્યા. તેમને બદનામ કરવાના તુક્કા અજમાવવા લાગ્યા. કેટલાક લોકોએ શ્રી વલ્લભભટ્ટ જીની ટીકા કરતા તેમને કહ્યું કે "જો તમે જ આનંદનો ગરબો રચ્યો હોય તો શ્રી ચક્રનો ગરબો રચી બતાવો".આ ભટ્ટજીને બદનામ કરવાનું એવું કાવતરું ઘડવામાં આવ્યું હતું કે જો શ્રી ચક્રનો ગરબો ના રચે તો તેમની લાજ જાય અને રચે તો તેમની ગણતરી વામમાર્ગીમાં થાય. વામમાર્ગી એટલે જે પાંચ પ્રકારના "મ" (માસ, મદિરા, મૈથુન, મંત્ર, મૃત્યુ)નું અનુકરણ કરે છે. આ પંથ તાંત્રિકોનો છે. સામાન્ય લોકો માટે જે બધી વસ્તુ વર્જય છે તે તેમના માટે તમામ વસ્તુ પવિત્ર છે તે વામમાર્ગ છે. "વામમાર્ગી કહે તો કહે પણ હું તો નથી ને ! આ અભિગમ રાખીને શ્રી વલ્લભ ભટ્ટજીએ બહુચર માતાને માથે રાખીને "શ્રી ચક્ર" નો ગરબો રચ્યો. છેવટે જે લોકોએ ટીકા કરી હતી તેમને નીચું જોવાનું થયું.તેઓએ ભટ્ટજીની માફીમાંગી આમ પણ બહુચર બાળાના હાથ જેના માથે હોય તેને કોણબદનામ કરી શકે ? ત્યારપછી શ્રી વલ્લભ ભટ્ટજીએ ઘણા ગરબા રચ્યા જેમાં ત્યાર પછી શ્રી વલ્લભ ભટ્ટજીએ ઘણા ગરબા રચ્યા જેમાં કળિયુગનો ગરબો, શણગારનો ગરબો, લોલ નો ગરબો,પંચતિથિનો ગરબો તથા અન્ય ઘણા ગરબા, ગરબી તથા મહાકાવ્યો રચ્યા. સંવત ૧૭૩૨ની સાલ એટલે કે આજથી ૩૪૫ વર્ષ પૂર્વે ભટ્ટજીના મેવાડા જ્ઞાતિના બ્રાહ્મણોએ તેમને હસતા હસતા કહ્યું કે"મા બહુચરા જીના પરમ ભક્ત છો તો અમને જ્ઞાતિજનોને કોઈક વાર જમાડો તો ખરી!" કોઈએ આ મજાકમાં વધારે કંઈક ઉમેરીને કહ્યું કે "રસ - રોટલી જમાડો". આ તે લોકોનું કાવતરું હશે, મજાક હશે કે પછી માતાજીની પ્રેરણાથી તેઓબોલ્યા હશે તે વાતમાં જાણે પણ બંને ભાઈઓએ જ્ઞાતિજનોને માગશર સુદ બીજે જમવા માટેનું આમંત્રણ આપ્યું. શિયાળાની ઋતુમાં કેરીઓ કે કેરી નો રસ મળે નહી તે સ્વાભાવિક છેઅને કેરીનો રસ લાવીશું કયાંથી તેવી બંને ભાઈ ઓને ચિંતા થવા લાગી. આખરે માગશર સુદ બીજને સોમવારનો દિવસ આવ્યો. બંને ભાઈઓ વહેલી સવારે શ્રીબહુચર માતાનું નિત્ય પૂજન કરીને કેરીના રસની શોધમાં નીકળ્યા. આ બાજુ જ્ઞાતિજનો નવાપુરાની પવિત્રભૂમિ પર જમવા માટે ભેગા થયા હતા. બંને ભાઈઓ કેરીની કે કેરીના રસની ખૂબ શોધ કરી પણ મળી નહી. કેરીના રસની શોધ કરતા કરતા સાબરમતીના દૂધાળા કાંઠે (હાલનું દૂધેશ્વર) આવીને થાકીને બેઠા અને બંને ભાઈઓમાં બહુચરની સ્તુતિ કરવા લાગ્યા. બંને ભાઈઓ માતાજીની સ્તુતિમાં લીન થઈ ગયા હતા.આ બાજુ જ્ઞાતિજનો રસ-રોટલી જમવાને કાજ નવાપુરા આવી પહોંચ્યા હતા શ્રી બહચર માતા પોતાના બંને ભક્તોની લાજ રાખવા માટે વલ્લભ રૂપે બહુચર માત અને ધોળા રૂપે નારસંગવીર બનીને આખી જ્ઞાતિને ભર શિયાળામાં રસ-રોટલીની નાત જમાડી. બધા જ્ઞાતિજનો વાહ-વાહી કરીને ત્યાંથી ભરપેટ જમીને ઘરે ગયા. સંધ્યા સમય થયો. બંને ભાઈઓ લીન સ્તુતિમાંથી ઝબકીને જાગ્યા. બંનેએ વિચાર્યુકે જ્ઞાતિજનોજમ્યા વગર પાછા ગયા હશે, આજે આપણી લાજ ગઈ હશે તેવું વિચારતા નવાપુરા આવ્યા પણ નવાપુરામાં આવીને જોયું તો એંઠા પળિયા-પતરાળા પડયા હતા. બંને ભાઈઓ આ જોઈને ગદગદ થઈ ગયા કે માતાજીએ તેમની લાજ રાખી. ભટ્ટજીએ જ્ઞાતિજનોને બોલાવી તમામ સત્ય વાત જણાવી.જ્ઞાતિજનોએ પણ સ્વીકાર્યુ કે શ્રી બહુચર માતા સાક્ષાત છેઅને તમે બંને ભાઈઓ પણ માતાજીના પરમ ભક્ત છો. આજે પણ નવાપુરાની નિજભૂમિ પર શ્રી બહુચરમાતાને રસ-રોટલીનો પ્રસાદ ધરાવવામાં આવે છે અને માઈભક્તોને વહેંચવામાં આવે છે. માતાજીનો ભવ્ય અન્નકૂટ ભરવામાં આવે છે. ચોસઠ ખંડ ભરાય છે.આનંદભર્યો ઉત્સવ થાય છે. આખું મંદિર જય બહુચરના નાદથી ગૂંજી ઉઠે છે. ચુંવાળમાં આવેલા બહુચરાજી મંદિરે, શંખલપુર બહુચરમા મંદિરે, દૂધેશ્વર મંદિરે, સોલા બહુચરમા મંદિરે તથા ગુજરાતના તમામ બહુચર માતાના મંદિરે માતાજીને રસ-રોટલી ધરાવીને ભક્તોને પ્રસાદ રૂપે વહેંચવામાં આવે છે. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત, આજે બહુચર માતાજીના રસ રોટલીનો મહીમા રજૂ કર્યો જે ફક્ત માતાજીના આજના દિવસના દિવ્ય ગુણગાન રૂપ બની રહેશે. ભૂલચૂક હોય તો સુધારવી.અસ્તુ

### 'પુષ્પા ૨ઃ ધ રૂલ'નો ક્રેઝ દિવસે ને દિવસે વધી રહ્યો છે

# રશિમકા સાથે અલ્લૂ અર્જુનનું રોમેન્ટિક નવા સોંગ 'પીલિંગ્સ' પર પગ થીરકાવશે

'પુષ્પા ૨ઃ ધ રૂલ'નો ક્રેઝ દિવસે ને દિવસે વધી રહ્યો છે. આ વચ્ચે, મેકર્સનો રોમાંચ વધતા ફિલ્મના આગામી ગીતની ઝલક બતાવી છે. જેમાં રશિમકા મંદાના સાથે અલ્લૂ અર્જુનની જોડી જબરદસ્ત લાગી રહી છે. ફિલ્મના લોન્ચથી લઈને પ્રી રિલીઝ ઈવેન્ટ્સ સુધી, મેકર્સ દરેક ઈવેન્ટને ભવ્ય બનાવવા માટે જોર લગાવી રહ્યાં છે. પટનામાં થયેલા ટ્રેલર લોન્ચ અને કોચિમાં શાનદાર ઈવેન્ટ બાદ હવે ફિલ્મનું પ્રમોશન મુંબઈ પહોંચ્યું, જ્યાં આઈકોન સ્ટાર અલ્લૂ અર્જુને પોતાની ગ્રાન્ડ અને સ્ટાઈલિશ એન્ટ્રીથી બધાનું દિલ જીતી લીધું હતું. આ વચ્ચે, મેકર્સનો રોમાંચ વધતા ફિલ્મના આગામી ગીતની ઝલક બતાવી છે. જેમાં રશિમકા મંદાના સાથે અલ્લૂ અર્જુનની જોડી જબરદસ્ત લાગી રહી છે.નવા ગીત 'પીલિંગ્સ'નો પ્રોમો વીડિયો અલ્લૂ અર્જુને પોતાના ઓફિશિયલ સોશિયલ મીડિયા પેજ પર શેર કર્યો છે. તેણે કેપ્શનમાં લખ્યું છે, ''અહીં છે 'પીલિંગ્સ' ગીતનો પ્રોમો. આખું ગીત ૧ ડિસેમ્બરને રિલીઝ થશે.'' ગીતનો પ્રોમો જોઈને લોકો રોમાંચિત થઈ રહ્યાં છે. તેઓને બંને સ્ટાર્સની કેમેસ્ટ્રી શાનદાર લાગી રહી છે. અલ્લૂ અર્જુને ઈન્સ્ટાગ્રામ પર પ્રોમો વીડિયો શેર કર્યો હતો, જેના પર પોણા નવ લાખ લાઈક્સ આવી ગઈ છે. જે પોતાનામાં એક રેકોર્ડ છે. ફિલ્મ 'પુષ્પા ૨', ૫ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ થિયેટર્સમાં રિલીઝ થવા માટે તૈયાર છે. ફિલ્મનું ડિરેક્શન સુકુમારે કર્યું છે અને મિથ્રી મૂવી મેકર્સે પ્રોડ્યુસ કર્યું છે. ફિલ્મનું મ્યૂઝિક ટી-સિરીઝે રિલીઝ કર્યું છે. 'પુષ્પા ૨ઃ ધ રૂલ'ને લઈને દર્શકોની ઉત્સુકતા જોતા કહેવું ખોટું નહીં હોય કે ફિલ્મ રિલીઝ બાદ બોક્સ ઓફિસ પર ઘણા રેકોર્ડ તોડવા માટે તૈયાર છે.




# દિવ્યેન્દુ શર્મા(મુન્ના ભૈયા)ને મળી સાઉથના મોટા સુપરસ્ટારની ફિલ્મ

એક્ટર દિવ્યેન્દુ શર્માએ પ્રાઈમ વીડિયોની વેબ સિરીઝ 'મિર્ઝાપુર'માં મુન્ના ભૈયાની ભૂમિકા ભજવી હતી. તેનું આ પાત્ર ખૂબ પ્રખ્યાત થયું હતું. આજે તે મુન્ના ભૈયાના પાત્ર માટે ખૂબ પ્રખ્યાત છે. હવે તેના ફેન્સ માટે એક મોટા સમાચાર આવ્યા છે. તે સાઉથની એક મોટી ફિલ્મનો ભાગ બનવા જઈ રહ્યો છે.દિવ્યેન્દુએ ઘણી હિન્દી ભાષાની ફિલ્મોમાં કામ કર્યુ છે અને હવે તે તેલુગુ સિનેમામાં ડેબ્યુ કરવા જઈ રહ્યો છે. તે ફિલ્મ 'RC16'નો ભાગ બની ગયો છે. આ ફિલ્મમાં રામ ચરણ લીડ રોલમાં જોવા મળશે અને તેની સામે જાન્હવી કપૂર જોવા મળશે. આ ફિલ્મનું ટાઈટલ હજુ નક્કી કરવામાં આવ્યું નથી, તેથી તેને 'RC 16' કહેવામાં આવી રહી છે, એટલે કે આ રામ ચરણની ૧૬મી ફિલ્મ છે. 'RC 16'ના ડિરેક્ટર બુચી બાબુએ સોશિયલ મીડિયા દ્વારા એક પોસ્ટ શેર કરીને ફિલ્મમાં દિવ્યેન્દુની ફિલ્મમાં એન્ટ્રીની જાહેરાત કરી છે. તેણે દિવ્યેન્દુનો ફર્સ્ટ લુક શેર કર્યો છે. તેનો લુક ઘણો ડેશિંગ લાગે છે. બુચી બાબુએ કેપ્શનમાં લખ્યું, ''અમારા ભૈયા, તમારા ભૈયા, મુન્ના ભૈયા. તમારું સ્વાગત છે દિવ્યેન્દુ ભાઈ.''હવે આ ફિલ્મમાં દિવ્યેન્દુ કેવો રોલ ભજવશે તે અંગે હજુ સુધી કોઈ માહિતી સામે આવી નથી. તેને રામ ચરણ સાથે ઓનસ્ક્રીન જોવો ખૂબ જ રસપ્રદ રહેશે. તાજેતરમાં, એક નાનકડા ભાગનું શૂટિંગ પૂર્ણ થયું અને પછી આગામી શેડ્યૂલનું શૂટિંગ હૈદરાબાદમાં ટૂંક સમયમાં શરૂ થવાનું છે. જગપતિ બાબુ પણ આ ફિલ્મનો એક ભાગ છે. માઈથ્રી મૂવી મેકર્સના બેનર હેઠળની આ ફિલ્મ સુકુમાર દ્વારા લખવામાં આવી છે.હવે જોવાનું એ રહે છે કે આ ફિલ્મમાં દિવ્યેન્દુ કેવો રોલ ભજવે છે. આ સિવાય તે બીજી ફિલ્મનો પણ ભાગ બન્યો છે. 'મિર્ઝાપુર' સિરીઝના મેકર્સ આ જ નામથી એક ફિલ્મ બનાવી રહ્યા છે, જેમાં દિવ્યેન્દુ ફરી એકવાર મુન્ના ભૈયાના રોલમાં જોવા મળશે.




# જાણીતા અભિનેતા એક્ટર શરદ કપૂર પર એક્ટ્રેસે લગાવ્યાં ગંભીર આરોપ

'જોશ', 'તમન્ના', 'દસ્તક', 'ત્રિશક્તિ' અને 'ઉસકી ટોપી ઉસ્કે સર' જેવી ફિલ્મોથી પ્રખ્યાત થયેલા બોલિવૂડ એક્ટર શરદ કપૂર પર એક યુવતીએ ગંભીર આરોપ લગાવ્યા છે. યુવતીએ બોલિવૂડ અભિનેતા પર તેની સાથે બળાત્કારનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો છે. યુવતીનો આરોપ છે કે અભિનેતાએ પહેલા તો તેને ઓફિસના કામનું બહાનું બતાવી ઘરે બોલાવી અને પછી તેની સાથે બળાત્કાર કરવાની કોશિશ કરી હતી. યુવતીએ આ મામલે અભિનેતા વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી છે, પોલીસે વિવિધ કલમો હેઠળ કેસ નોંધીને મામલે વધુ તપાસ હાથ ધરી છે.પીડિતાએ તેના આરોપ માં કહ્યું છે કે, તે ફેસબુક દ્વારા શરદ કપૂરના સંપર્કમાં આવી હતી. તે શરદ કપૂર સાથે વાત કરી રહી છે તેની પુષ્ટિ કરવા તેણે અભિનેતા સાથે વીડિયો કૉલ પર વાત કરી. શરદે યુવતીને કહ્યું કે, તે એક શૂટિંગના સંબંધમાં તેની સાથે વાત કરવા અને મળવા માંગે છે. એ પછી શરદે ફોન દ્વારા યુવતીને તેનું લોકેશન મોકલ્યું અને તેને ખારમાં તેની ઓફિસ આવવા કહ્યું. પરંતુ, જ્યારે યુવતી ત્યાં પહોંચી ત્યારે તેને ખબર પડી કે તે શરદની ઓફિસ નહીં પરંતુ તેનું ઘર છે.યુવતીએ કહ્યું કે, ''હું ખારમાં આવેલા બિલ્ડિંગના ત્રીજા માળે તેના ઘરે પહોંચી. તો શરદ ત્યાં હાજર હતો અને તે રસોડામાંથી બેડરૂમમાં ગયો. થોડી વાર પછી શરદે ફોન કર્યો અને તેણે મને બેડરૂમમાં આવવા કહ્યું. જ્યારે હું બેડરૂમના દરવાજા પાસે પહોંચી તો મેં શરદને ત્યાં કપડાં વગર બેઠેલો જોયો. આવી સ્થિતિમાં મે શરદને કપડાં પહેરીને વાત કરવા કહ્યું. ત્યારે શરદે મને તેના હાથમાં લીધી.



### ફલોપ લાઈગર ફિલ્મઅનન્યા પાંડેએ પિતાની સલાહથી જ કરી હતી

# અનન્યા પાંડેની પિતાને સલાહ : મને ફિલ્મો વિશે ગાઈડ કરવાનું બંધ કરો

અનન્યા પાંડેએ તેના પિતા ચંકી પાંડેને પોતાને ફિલ્મો વિશે ગાઈડ નહિ કરવા જણાવ્યું છે. ચંકીની સલાહથી જ અનન્યાએ 'લાઈગર' ફિલ્મ સાઈન કરી હતી. આ ફિલ્મ ફલોપ થઈ ગઈ હતી. ચંકી ઈન્સ્ટા પર ગમે તે લાઈક કર્યા કરતો હોવાથી તેને ઈન્સ્ટા એકાઉન્ટ પણ ડિલીટ કરી દેવાની સલાહ, તે પછી અનન્યાએ ચંકીને કહી દીધું છે કે હવે પછી તમારે મને કઈ ફિલ્મ કરવી અને કઈ નહિ તે કહેવાનું નથી. અનન્યાના જણાવ્યા અનુસાર આ ફિલ્મ ફલોપ થયા પછી તે ભારે ટ્રોલ થઈ હતી. ઈન્સ્ટા પર પણ અનેક ટિપ્પણીઓ થઈ હતી. વિજય દેવરકોંડાની એકશન થ્રિલર 'લાઈગર'થી લોકોને બહુ અપેક્ષા હતી પરંતુ આ ફિલ્મ બોક્સઓફિસ પર નિરાશાજનક રહી હતી. દર્શકો અને આલચોકો બન્નેએ આ ફિલ્મને વખોડી કાઢી હતી.અનન્યાએ પિતાને તેમનું ઈન્સ્ટા એકાઉન્ટ જ ડિલીટ કરી દેવા સલાહ આપી હતી. તેણે પિતાને કહ્યુ હતું કે તમે ગમે તે પોસ્ટ લાઈક કર્યા કરો છે અને પછી તેનાં અનેક અર્થઘટન થાય છે અને હું ટ્રોલિંગનો શિકાર બનું છે. એક શોમાં અનન્યા અને ચંકી સાથે આવ્યાં હતાં. ત્યારે અનન્યાએ નિખાલસ થઈને પિતાને આ સલાહ આપી હતી.

# ૩-૪ બાળક ઈચ્છે છે 'કુંવારી' એક્ટ્રેસ પણ મા નહીં બની શકે

### શર્લિન ચોપડાએ તાજેતરમાં જ એક ઈન્ટરવ્યૂમાં પોતાની પર્સનલ અને પ્રોફેશનલ લાઈફને લઈને વાત કરી હતી

એક્ટ્રેસ શર્લિન ચોપડા ટીવી અને ફિલ્મ બંને ઈન્ડસ્ટ્રીથી દૂર છે. તે પડદાથી ગાયબ નજર આવે છે પરંતુ સોશિયલ મીડિયા પર ખૂબ એક્ટિવ છે. શર્લિને તાજેતરમાં જ એક ઈન્ટરવ્યૂમાં પોતાની પર્સનલ અને પ્રોફેશનલ લાઈફને લઈને વાત કરી. તેણે કહ્યું કે 'હું માતા બનવા ઈચ્છું છું પરંતુ બની શકીશ નહીં. હું ક્યારેય પ્રેગ્નેન્ટ થઈ શકીશ નહીં કેમ કે મારા માટે પ્રેગ્નેન્સી માતા અને બાળક બંને માટે જીવલેણ હોઈ શકે છે, અમુક એવી મુશ્કેલી છે જેના કારણે હું પ્રેગ્નેન્ટ થઈ શકીશ નહીં. તો પછી મારા પાસે કયા-કયા વિકલ્પ છે જે પણ વિકલ્પ આપણા દેશમાં હાજર છે તે હું એક્સપ્લોર કરવા ઈચ્છીશ અને માતા બનવા માગીશ.હું ઈચ્છું છું કે મારા ૩-૪ બાળકો તો હોય જ. મે તો નામ પણ વિચારી રાખ્યા છે. શર્લિને તાજેતરમાં જ એક ઈન્ટરવ્યૂમાં પોતાની પર્સનલ અને પ્રોફેશનલ લાઈફને લઈને વાત કરી હતી હું ઈચ્છું છું કે તમામ બાળકોના નામ છ લેટરથી શરૂ થાય. તેની પાછળનું પણ એક કારણ છે જે હું ટૂંક સમયમાં જણાવીશ, રિવીલ કરીશ. હું જ્યારે-જ્યારે બાળકો વિશે વિચારું છું તો એક અજીબ ખુશી અનુભવું છું. હું તેમના આવ્યા પહેલા આટલી ખુશી અનુભવું છું તો વિચારો તેમના આવ્યા બાદ મારી ખુશીનું ઠેકાણું રહેશે નહીં. હું કામ કરતી રહીશ. બાળકોને પણ સાથે લઈને ચાલીશ.'





**૨૦૧૫માં બંનેએ છૂટાછેડા લીધા હતા, વડાપાવ ખાઈને ભર્યું પેટ, ન મળ્યું ઘર**

# કલ્કીએ જણાવ્યું અનુરાગ કશ્યપ સાથે ડિવોર્સ પછી કેવું હતું જીવન

કલ્કિ કોચલીને અનુરાગ કશ્યપની ફિલ્મ 'દેવ ડી'થી તેની કારકિર્દીની શરૂઆત કરી હતી. ફિલ્મમાં તેની એક્ટિંગના ખૂબ વખાણ થયા હતા. હવે તાજેતરના એક ઈન્ટરવ્યુમાં, એક્ટ્રેસે જણાવ્યું કે અનુરાગ કશ્યપ સાથે ડિવોર્સ લીધા પછી તેના જીવન અને કરિયરમાં કેવા પડકારો આવ્યા હતા. 'દેવ ડી'માં તેની ભૂમિકા માટે પ્રશંસા મળવા છતાં, કલ્કીએ ખુલાસો કર્યો કે તેને બે વર્ષથી કોઈ કામ નહોતું મળ્યું. ઈન્ટરવ્યુમાં કલ્કીએ આ સમયગાળાને તેના પ્રોફેશનલ જીવનનો મહત્ત્વપૂર્ણ ભાગ ગણાવ્યો હતો. તેણે કહ્યું કે 'દેવ ડી'પછી તેની બીજી ફિલ્મ 'ઝિંદગી ના મિલેગી દોબારા' હતી. કલ્કીએ કહ્યું- ''દેવ ડી પછી લગભગ બે વર્ષ સુધી મારી પાસે બીજી કોઈ ફિલ્મ નહોતી. ત્યારપછી મને ફિલ્મ 'ઝિંદગી ના મિલેગી દોબારા' મળી હતી.''આ બે વર્ષના અંતરાલ દરમિયાન, કલ્કી એક થિયેટર ગ્રુપમાં જોડાઈ જ્યાં તેણે એક નાટકને પ્રોડ્યુસ કરવાનું શરૂ કર્યું. કલ્કીએ કહ્યું કે આ સમય દરમિયાન તેણે વડાપાવ ખાઈને અને લોકલ ટ્રેનમાં મુસાફરી કરીને દિવસો પસાર કર્યા હતા.



સફળતા વિશે લોકોની ધારણા વિશે વાત કરતા કલ્કીએ કહ્યું કે લોકો તેને લોકલ ટ્રેનમાં જોઈને આશ્ચર્યચકિત થઈ જતા હતા. લોકો તેને પૂછતા હતા કે તેની પાસે બોડીગાર્ડ કેમ નથી? એક્ટ્રેસે જણાવ્યું કે પૈસાની અછતને કારણે તેને ઘણી અલગ-અલગ ભૂમિકાઓ કરવી પડી હતી.એક્ટ્રેસે જણાવ્યું કે અનુરાગ કશ્યપ થી અલગ થયા બાદ તેને મુંબઈમાં ઘર નહોતું મળ્યું રહ્યું. કલ્કીએ કહ્યું કે, 'સિંગલ વુમન હોવાને કારણે મને મુંબઈમાં કોઈ ઘર નહોતું આપતું. મને લાગતું હતું કે હું ફેમસ છું, તમે લોકો મારી સાથે સેલ્ફી લેવા માંગો છો, તો પછી તમે મને ઘર કેમ નથી આપતા.'

### કેટરીનાએ સલમાન સાથે 'ટાઈગર 3' કરી હતી

# ભાઈજાન-જહોન અબ્રાહમના અબોલાનું કારણ કેટરીના કૈફ

### બોલિવૂડ ઈન્ડસ્ટ્રીમાં એક સમયે કેટરિના કૈફ બોલિવૂડના ભાઈજાન સલમાન ખાનની ખૂબ જ નજીકની વ્યકિત હતી



સહુ જાણે જ છે કે કેટરીના કૈફનું એક સમયે સલમાન ખાન સાથે અફેર હતું ભાઈજાને કેટરિનાને લૉન્ચ પણ કરી હતી પરંતુ એક સમય એવો હતો જ્યારે જહોન અબ્રાહમના કારણે કેટરિના સલમાનની સામે રડી પડી હતી.ત્યારથી સલમાન જહોન અબ્રાહમ સાથે વાત નથી કરતો. બોલિવૂડ ઈન્ડસ્ટ્રીમાં એક સમયે કેટરિના કૈફ બોલિવૂડના ભાઈજાન સલમાન ખાનની ખૂબ જ નજીક હતી અને કહેવાય છે કે બંને એકબીજાને ડેટ કરી રહ્યાં હતાં. ઉપરાંત, તે સલમાન હતો જેણે કેટરિનાને તેના શરૂઆતના વર્ષોમાં ઉદ્યોગમાં ઘણી મદદ કરી હતી. થોડા વર્ષો પહેલા સલમાન ખાને ખુલાસો કર્યો હતો કે કેવી રીતે જહોન અબ્રાહમે એકવાર કેટરિના કૈફની જગ્યાએ તારા શર્મા સાથે ફિલ્મ કરી હતી. તેણે એ પણ જણાવ્યું કે જ્યારે ટેબલ ફેરવાઈ ગયું અને કેટરિના વર્ષો પછી જહોનને ફિલ્મમાંથી હટાવવાની હતી , આ વિડીઓ ફરી વાયરલ થઈ રહ્યો છે. એક જૂના ઈન્ટરવ્યુમાં સલમાને ખુલાસો કર્યો હતો કે તેને જહોન અબ્રાહમ સાથે સમસ્યા હતી કારણ કે તે અભિનેતાએ તેની એક ફિલ્મમાંથી કેટરીનાને હટાવી દીધી હતી. અહેવાલો અનુસાર, કેટરિનાને અનુરાગ બાસુની ૨૦૦૩ની બોલિવૂડ રોમેન્ટિક થ્રિલર 'સાયા'માં કામ કરવા માટે કહેવામાં આવ્યું હતું, જેમાં જહોન મુખ્ય ભૂમિકામાં હતો. જો કે, એવું જાણવા મળ્યું હતું કે જહોન દેખીતી રીતે તેના સ્થાને તારા શર્માને લઈ ગયો છે. આ પછી સલમાને ખુલાસો કર્યો કે કેવી રીતે કેટરિના સતત ત્રણ દિવસ સુધી રડતી રહી. સલમાને કહ્યું, 'મને કેટરિના યાદ છે કે તે તે ફિલ્મ કરી રહી હતી જેના માટે તેને બાદમાં તારા શર્માએ રિપ્લેસ કરી હતી અને કેટરિના રડી રહી હતી કે 'મારી આખી કારકિર્દી ખતમ થઈ ગઈ છે.' અભિનેતાએ કહ્યું, 'મારે ત્રણ દિવસ સુધી તે સહન કરવું પડ્યું' બાદમાં, સલમાને કેટરિનાને કહ્યું કે તે ભારતની સૌથી મોટી સ્ટાર્સમાંની એક હશે. સલમાનની આ ભવિષ્યવાણી વાસ્તવમાં સાચી સાબિત થઈ કારણ કે કેટરીનાએ ઘણી સફળ ફિલ્મો કરી.દરમિયાન, વર્ક ળન્ટ પર, કેટરીનાએ સલમાન ખાન સાથે 'ટાઈગર ૩' કરી હતી. તેણે વિજય સેતુપતિ સાથે 'મેરી ક્રિસમસ' પણ મનાવી હતી. આ સિવાય તે જલ્દી જ આલિયા ભટ્ટ અને પ્રિયંકા ચોપરા સાથે 'જી લે ઝરા'નું શૂટિંગ શરૂ કરશે.

**રાતા પાણીએ રોવડાવી** | **વર્ષ ૨૦૨૩માં પણ પાઈરેસની કારણે ઈન્ડસ્ટ્રીને રૂ. ૨૨,૪૦૦ કરોડનું નુકસાન**

# એન્ટરટેઇનમેન્ટ ઇન્ડસ્ટ્રીને પાઇરસીએ રોવડાવી

ભારતની એન્ટરટેઈન્મેન્ટ ઈન્ડસ્ટ્રી દુનિયાની સૌથી મોટી ઈન્ડસ્ટ્રીઝમાંની એક મનાય છે. ભારતમાં બોલિવૂડ જ નહીં, દક્ષિણ ભારતની તમિલ, તેલુગુ, કન્નડ અને મલયાલમ ફિલ્મો પણ વર્ષેદહાડે કરોડોનું ટર્નઓવર કરે છે. આ સિવાય ભોજપુરી, પંજાબી, મરાઠી, આસામી અને ગુજરાતી ફિલ્મો પણ ખરી. આ તમામ ઈન્ડસ્ટ્રીઝનો બિઝનેસનો વાર્ષિક આંકડો ખૂબ જ મોટો છે. જો કે, આ ઈન્ડસ્ટ્રી પર હંમેશા પાઈરસીનું ગ્રહણ લાગેલું હોય છે. વર્ષ ૨૦૨૩માં પણ પાઈરેસની કારણે ઈન્ડસ્ટ્રીને રૂ. ૨૨,૪૦૦ કરોડનું જંગી નુકસાન થયું છે. ફિલ્મ ગમે એટલી સારી હોય તો પણ એને નુકસાન સહન કરવું પડે છે, અને આનું સૌથી મોટું કારણ છે પાઈરસી. કેપિટલ માર્કેટમાં સર્વિસ પ્રોવાઈડ કરતી કંપની EY અને ઈન્ટરનેટ એન્ડ મોબાઈલ એસોસિએશન ઓફ ઈન્ડિયાના રિપોર્ટ મુજબ, ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીને ૨૦૨૩માં ૨૨,૪૦૦ કરોડ રૂપિયાનું નુક્સાન ફક્ત પાઈરસી ના કારણે થયું છે.પાઈરસીનું પ્રમાણ ખૂબ જ વધી ગયું છે. ફિલ્મ રિલીઝ થતા જ સાંજ સુધીમાં કે બીજા દિવસે તેની કોપી માર્કેટમાં ફરતી થાય છે. આ માટે સરકાર દ્વારા ટોરેન્ટ જેવી અનેક સાઈટ્સને બંધ પણ કરવામાં આવી છે. આમ છતાં, પાઈરસી અટકવાનું નામ નથી લેતી. 'ધ રોબ રિપોર્ટ' મુજબ ભારતમાં ૫૧ ટકા યુઝર્સ પાઈરેટેડ કન્ટેન્ટ જુએ છે. કેટલાક ઈન્ડસ્ટ્રી નિષ્ણાતોનું કહેવું છે કે, આ નાણાકીય નુક્સાન ઉપરાંત GSTમાં પણ ૪,૩૦૦ કરોડ રૂપિયાનું નુક્સાન થાય છે. ફિલ્મનો બિઝનેસનું ટર્નઓવર દર વર્ષે વધતું જાય છે. ભારતમાં ઓટીટી પ્લેટફોર્મ પણ ખૂબ જ ઝડપથી વિકસિત થઈ રહ્યા છે. આ કારણસર નુકસાનને અટકાવવા માટે પાઈરસીને નવા કાયદા ઘડીને અટકાવવી ખૂબ જ જરૂરી છે. પાઈરસી અટકાવવા માટે ટેક્નોલોજીનો ઉપયોગ કરવો ખૂબ જ જરૂરી છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીને પણ પાઈરસી અટકાવી શકાય છે. સખત નિયમો અને ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ઓનલાઈન પાઈરસીને બ્લોક કરવી એજ એક વિકલ્પ છે. જો પાઈરસી કાબુમાં આવી જાય તો પણ એન્ટરટેઈન્મેન્ટ ઈન્ડસ્ટ્રીને જંગી ફાયદો થઈ શકે છે. આ લાભ ફિલ્મ પ્રોડ્યુસર, ડિરેક્ટર કે એક્ટરને જ નહીં, પરંતુ નાના ટેક્નિશિયનો, કેમેરામેન, રાઈટર, સ્પોટ બોય વગેરેને મળી શકે એમ છે.



# વિધાનસભા નાયબ દંડક વ ધારાસભ્ય વિજયભાઈ પટેલના હસ્તે આહવામાં ઈ-રીક્ષા લોકાર્પણ કાર્યક્રમ યોજાયો

## આહવા તાલુકાની ૧૩ ગ્રામ પંચાયતોમાં કુલ ૧૭ ઈ-રીક્ષાઓનું લોકાર્પણ કરાયું



। (માહિતી) ડાંગ, તા.૨ ।

કેન્દ્ર અને રાજ્ય સરકારના સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત ઘન કચરા વ્યવસ્થાપન માટે આજરોજ ડો. બાબાસાહેબ આંબેડકર ભવન ખાતે આયોજિત કાર્યક્રમમાં ઉપસ્થિત વિધાનસભા નાયબ દંડક વ ધારાસભ્ય શ્રી વિજયભાઈ પટેલના હસ્તે આહવા તાલુકાની ૧૩ ગ્રામ પંચાયતમાં કુલ ૧૭ ઈ - રીક્ષાઓનું લોકાર્પણ કરાયું હતું. આ પ્રસંગે શ્રી વિજયભાઈ પટેલે જણાવ્યું હતું કે, ડાંગ જિલ્લાને પ્લાસ્ટિક મુક્ત જિલ્લો બનાવવાનો છે.

ગ્રામ્ય વિસ્તારમાં સ્વછતા જાળવવા ઈ-રીક્ષાઓ પંચાયતને આપવામાં આવી છે. તેથી તમામ લોકો સ્વછતા બાબતે જાગૃત બની ઈ - રીક્ષાનો ઉપયોગ કરે તે હિતાવહ છે. વધુમાં આજે લોકાર્પણ થઈ રહેલી ઈ -રીક્ષાના ઉપયોગ અને તે અંગેની ચર્ચા ગ્રામજનો સાથે કરવામાં આવે તે માટે શ્રી વિજયભાઈ પટેલે સરપંચશ્રીઓને અનુરોધ કર્યો હતો. સાથે જ સરપંચ તરીકે પોતાની ફરજ નિભાવી ગામમા વીજળી પાણીની સુવિધા છે કે નહીં તે અંગે વ્યવસ્થા ઉભી કરવી તેમજ ગામમાં સ્વછતા બાબતે ધ્યાન આપી વિકાસકીય નાના-મોટા કામોનું એક્શન પ્લાન બનાવી ગ્રામ પંચાયતને આદર્શ ગ્રામ પંચાયત બનાવવાની અપીલ પણ સરપંચશ્રીઓને કરવામાં આવી હતી. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સમગ્ર ભારત શૌચાલય મુક્ત બનાવવાની પહેલ કરી છે ત્યારે આપણો જિલ્લો પણ સ્વછતા શૌચાલય મુક્ત બની રહે તે માટે સ્વછતા અભિયાનમાં જોડાવા લોકોને અનુરોધ કર્યો હતો. તેમજ આજે આહવા તાલુકામાં લોકાર્પણ થયેલ ઈ- રીક્ષાઓ ગ્રામ પંચાયતનું ઘરેણું છે જે સ્વછતા બાબતે વધુ ઉપયોગી થશે તેમ શ્રી પટેલે વધુમાં ઉમેર્યું હતું. જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી નિર્મળાબેન ગાઈને જણાવ્યું હતું કે, જિલ્લાના આહવા તાલુકામાં – ૧૭, સુબીર તાલુકામાં – ૧૧ અને વઘઈ તાલુકામાં – ૧૧ કુલ ૩૯ ઈ-રીક્ષાની ખરીદી કરવામાં આવેલ છે. જે અંતર્ગત આજરોજ આહવા તાલુકાની ૧૩ ગ્રામ પંચાયતોમાં કુલ ૧૭ ઈ-રીક્ષા લોકાર્પણ કરવામાં આવી છે. જેમાં આહવા, શામગહાન, ગલકુંડ, પિંપરી, ગાઢવી, દિવાનટેબરુન, ચિંચલી, ભવાનદગડ, ચિકટિયા, ગોટીયામાળ, માલેગામ, બોરખલ, ધવલીદોડ ગામમાં ઈ - રીક્ષાની ફાળવણી કરવામાં આવી છે.

# ગૃહરાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીના હસ્તે ક્રાઈમ બ્રાંચના પાંડેસરા યુનિટનું લોકાર્પણ



। (માહિતી) સુરત, તા.૨ ।

સુરતખાતેગૃહરાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીના હસ્તે પાંડેસરા ઈન્ડસ્ટ્રીયલ એસો.ના પ્રમુખ કમલવિજય તુલશ્યાનના સહયોગથી નવનિર્મિત ક્રાઈમ બ્રાંચના પાંડેસરા યુનિટનું લોકાર્પણ કરાયું હતું. આ પ્રસંગે ગૃહરાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, શહેરના વધુ ક્રાઈમ રેટ ધરાવતા પાંડેસરા, ઉધના, ભેસ્તાન, ડીંડોલી, લિંબાયત જેવા પોલીસ સ્ટેશન ક્રાઈમ બ્રાંચ પાંડેસરા યુનિટથી નજીક થાય છે. છેલ્લા ત્રણ વર્ષમાં પાંડેસરા વિસ્તારમાં શહેરના કુલ શરીર સંબંધી ૪૦% ગુનાઓ અને મિલકત અંગેના ૩૨% જેટલા ગુનાઓ નોંધાયા છે. સુરત શહેરના ઉધના, લીંબાયત, પાંડેસરા, ડીંડોલી, સચિન, સચિન GIDC, ખટોદરા, અલથાણ, ભેસ્તાન જેવા પોલીસ સ્ટેશનથી ૧૦ થી ૧૫ મિનટ-ના અંતરે આવેલું હોવાથી કોઈ પણ પ્રકારના ક્રાઈમમાં ક્વિક રિસ્પોન્સ આપી શકાય એવા હેતુથી ક્રાઈમ બ્રાંચ પાંડેસરા યુનિટ શરૂ કરવામાં આવ્યું છે. પ્રજાજનોની શાંતિ- સલામતી અને સુખાકારી માટે આ સરકારે લીધેલા સંખ્યાબંધ કડક પગલાં, નિર્ણયોના કારણે લોકોને સુરક્ષાનો અહેસાસ થઈ રહ્યો છે એમ જણાવી શ્રી સંઘવીએ કહ્યું કે, અસામાજિક તત્વોને પાઠ ભણાવવામાં પોલીસ કડક પગલાં લે તે જરૂરી છે. ગુનો કરતા પહેલા ગુનેગાર સો વાર વિચાર કરે એ પ્રકારના દાખલરૂપ પગલાં લેવા માટે ગૃહવિભાગે પોલીસને ફ્રીહેન્ડ આપ્યો છે. ગૃહરાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, રાજ્યમાં શાંતિ, સુરક્ષા, સલામતીના મૂળમાં ઉત્તમ કાયદો અને વ્યવસ્થા અને ગુજરાત પોલીસની ઉમદા કામગીરી છે. ન્યાયની આશામાં પોલીસ સ્ટેશને આવતા ફરિયાદી-આમ નાગરિક નિરાશ ન થાય તેમજ નાગરિકોની સમસ્યાઓ, ફરિયાદોમાં પોલીસ સ્ટેશનો, પોલીસ અધિકારીઓ મદદરૂપ થાય તેવી અપેક્ષા તેમણે વ્યક્ત કરી હતી. ક્રાઈમ બ્રાંચ પાંડેસરા યુનિટનું નિર્માણ પાંડેસરા ઈન્ડસ્ટ્રીયલ એસો.ના પ્રમુખશ્રી કમલવિજય તુલશ્યાનના સહયોગથી થયું છે જેનો આભાર અને આનંદ વ્યક્ત કરતા મંત્રીશ્રીએ કહ્યું કે, જનભાગીદારીનું PPP મોડેલ રાજ્યમાં જો કોઈ શહેરમાં સૌથી વધુ સફળ થયું હોય તો તે સુરત છે.

# ઝાલોદ સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલમાં ખાતે થી વિશ્વ એઇડ્સ દિવસે નિમિતે લોકોને જાગૃતિ કરવા નગરમાં રેલી કાઢવામાં આવી

## સુંદર રંગોળી બનાવી તેમજ સુંદર નાટક દ્વારા લોકોને એઇડ્સ વિશે સમજ આપવામાં આવી




તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨ ।

આજરોજ તારીખ ૧ ડિસેમ્બરના રોજ ઝાલોદ સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ ખાતે થી વિશ્વ એઈડસ દિવસ નિમિતે “ડિસ્ટ્રીક્ટ એઈડ્સ પ્રિ.સેશન કંટ્રોલ યુનિટ દાહોદ, રાબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ ઝાલોદ તેમજ શ્રી કેશરીયાજી જય દશામાં કોલેજ એન્ડ નર્સિંગના સહયોગથી તેમજ ઝાલોદ તેમજ જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ ઉદયના માર્ગદર્શન હેઠળ વિશ્વ એઈડ્સ દિવસ નિમિતે ઝાલોદના મુખ્ય બજારોમાં રેલીનુ આયોજન કરી તેમજ આંબેડકર ચોક ખાતે એઈડ્સ વિશે એક સુંદર ભવાઈ કરી લોકોને એઈડ્સ કેવી રીતે થાય અને કેવી રીતે નથી થતું તે વિશે સમજ આપવામાં આવી હતી. આ સમગ્ર રેલી દરમ્યાન વિવિધ બેનર, પોસ્ટર તેમજ એઈડ્સ નાબૂદી માટે સૂત્રોચ્ચાર કરવામાં આવેલ હતા. આખી રેલી નગરમાં સુંદર રીતે નિકળતા નગરમાં આકર્ષકનુ કેન્દ્ર બની હતી.

કાર્યક્રમના ભાગરૂપે જિલ્લા કેન્દ્રના ઈન્ચાર્જ, ડિસ્ટ્રિક્ટ TB, H2V ઓફિસર ડૉ



એ.આર.ચૌહાણ, ડૉ ધવલ પલાસ, ડો.માધવ અને કોલેજનાં ટ્રસ્ટી મુકેશ ડામોર, કોલેજના પ્રિન્સીપાલ મેડમ ટ્વિક્કલબેન દ્વારા H2V એઈડ્સ દિવસ નિમિત્તે માહીતી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં T1 પ્રોજેક્ટ મેનેજર , લીન્ડરવર્કર, વિહાન પ્રોજેક્ટ કર્મચારીઓએ હાજરી આપી હતી.

મુખ્ય આયોજન ગુજરાત સ્ટેટ એઈડસ કંટ્રોલ સોસાયટીનાં ગોલ મુજબ TAKE THE RIGHTS PATH , MY HEALH MY RIGHT સૂત્ર મુજબ કાઉન્સિલર અનિલ ભૂરીયા તેમજ ર્ષંષ્ઠ કાઉન્સિલર દ્વારા કરવામાં આવ્યું હતું.

# ઝાલોદ વન વિભાગના આવાસો ખંડેર હાલતમાં ફેરવાઈ જતા કર્મચારીઓને હાલાકી

## આવાસ વિના કેટલાક કર્મચારીઓને ભાડાના મકાનમાં રહેવાનો વારો આવ્યો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨ ।

દાહોદ જિલ્લાના ઝાલોદ વન વિભાગ કચેરીમાં કર્મચારીઓને રહેવા માટે આવાસો ફાળવવામાં આવતા હોય છે.જેથી સ્થાનિક કર્મીઓને રહેવા માટેની સુખ સુવિધાઓ મળે રહે છે. પરંતુ આ આવાસો ખંડેર અવસ્થામાં ફેરવાઈ જતા કર્મચારીઓને હાલાકી ભોગવી પડે છે. અને આવાસ વિના કર્મચારીઓને અન્ય જગ્યાએ ભાડેથી રહેવાનો વારો આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

કચેરીમાં કેટલાક આવાસોનું નવીનીકરણ અને રિપેરિંગ કરાયું છે. જિલ્લા વન વિભાગ દ્વારા આ બાબતે કાર્યવાહી હાથ ધરીને ઝાલોદ વન વિભાગ કચેરીમાં આવેલા આવાસનું રીપેરીંગ કે નવી નીકરણ કરવામાં આવે તો કચેરીમાં ફરજ બજાવતા કર્મચારીઓને રાહત થાય તેમ છે. વર્ષોથી જૂના આવાસો હોવાથી બીસ્માર અને ખંડેર હાલતમાં જોવા મળી રહ્યા છે. ત્યારે કર્મચારીઓને પણ આવાસ વિના અનેક પ્રકારની તકલીફોનો સામનો કરવો પડી રહ્યો છે. વન વિભાગ તંત્ર દ્વારા આ મામલે સત્વરે કોઈ કાર્યવાહી કરવામાં આવે તો સ્થાનિક અધિકારીઓને આવાસ નો લાભ મળે તેમ હાલના તાબબકે જોવા મળી રહ્યું છે.

# મિત્રો ખાતેથી આદિવાસી અમૃતકુંભ મહોત્સવ રથયાત્રા-૨૦૨૪ને પ્રસ્થાન કરાવતા આદિજાતિ રાજ્યમંત્રી કુંવરજીભાઈ હળપતિ

## આદિજાતિના સર્વાંગી વિકાસ માટે બીજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રોપ્યા છે



। (માહિતી) સુરત, તા.૨ ।

કેન્દ્ર સરકાર દ્વારા બિરસા મુંડાની ૧૫૦મી જન્મ જયંતિની ઉજવણીના ભાગરૂપે રાજ્ય સરકારની પ્રેરણાથી સુરત જિલ્લાના માંડવીથી આદિવાસી અમૃત્તકુંભ મહોત્સવ રથયાત્રાને આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર રાજ્ય મંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિએ લીલી ઝંડી આપીને પ્રસ્થાન કરાવ્યું હતું. વિવિધ ગામોમાં આ યાત્રાના માધ્યમથી વિવિધ યોજનાના લાભાર્થીઓને સહાયનું વિતરણ કરાશે. અને સરકારની વિવિધ પહેલો, યોજનાઓથી માહિતગાર કરી લોકો ૧૦૦ ટકા લાભાન્વિત તેમજ જાગૃત થાય એવા પ્રયાસો કરાશે. આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર, ગ્રામ વિકાસ વિભાગના રાજ્ય કક્ષાના મંત્રીશ્રી કુંવરજીભાઈ હળપતિએ જણાવ્યુ કે, આદિવાસી પ્રજા પ્રકૃતિ પૂજક છે. વિપક્ષ ભાગલા પાડી રાજ કરવાની નીતિ કરી રહ્યા છે, તેમને જાકારો આપીએ., કેટલાક લોકો આદિવાસી સમાજને ગુમરાહ કરવાનું કામ કરી રહ્યા છે તે લોકોને ઓળખવાની જરૂર છે. ગ્રામ પંચાયતના સરપંચના પદથી લઈને ભારતના સર્વોચ્ચ પદ રાષ્ટ્રપતિના પદ પર આદિવાસી સમાજ જોવા મળી રહ્યો છે. શ્રી હળપતિએ કહ્યું કે, આદિવાસી સમાજના વિકાસ માટે સૌથી મોટુ બજેટ રાજ્ય સરકારે આપ્યું છે. પેસા એક્ટ હેઠળ જમીનના હકો અને અને આવાસો આપી આદિવાસી સમાજને સન્માન આપવાનું કામ સરકારે કર્યુ છે. બિરસા મુંડાના ત્યાગ અને બલિદાનનો ઉલ્લેખ કરી મંત્રીશ્રીએ જણાવ્યું કે, અંગ્રેજો સામેની લડતમાં ભગવાન બિરસા મુંડાએ “જય જોહાર કા નારા હે, ભારત દેશ હમારા હે”નો નારો આપ્યો હતો જ્યારે આપણા વડાપ્રધાનશ્રીએ એક ભારત, શ્રેષ્ઠ ભારતનો નારો આપ્યો છે. કેન્દ્ર સરકારે આઝાદીના જંગમાં આગવું યોગદાન આપનાર બિરસા મુંડાને દેશના ઈતિહાસમાં આદરભર્યું સ્થાન અપાવ્યું છે. વડાપ્રધાનશ્રીએ આદિવાસી સમાજના ઉત્કર્ષ માટે રૂ. ૮૦ હજાર કરોડ ફાળવ્યા છે. આદિજાતિના સર્વાંગી વિકાસ માટે બીજ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ રોપ્યા છે. મંત્રી અને મહાનુભાવોના હસ્તે વિવિધ યોજનાના લાભાર્થીઓને સહાયનું વિતરણ કરવામાં આવ્યું હતું.

# વ્યારા ખાતે યોજાયેલ હેલ્થ ચેકઅપ કેમ્પમાં ૨૩ મીડિયા કર્મીઓનું મેડિકલ ટેસ્ટ કરવામાં આવ્યું



। તાપી, તા.૨ ।

માહિતી અને પ્રસારણ વિભાગ, ગુજરાત રાજ્ય સરકાર અને રેડક્રોસ સોસાયટી, ગુજરાતના સંયુક્ત ઉપક્રમે ભીખીબા રેડક્રોસ ભવન, તાડકુવા ખાતે યોજાયેલા મીડિયા કર્મીઓના આરોગ્ય કેમ્પ માં ૨૩ મીડિયા કર્મીઓનું હેલ્થ ચેક-અપ કરવામાં આવ્યું હતું. દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આપેલા “ફિટ ઈન્ડિયાના સ્લોગનને સાકાર કરવા માટે રાજ્યના માહિતી અને પ્રસારણ વિભાગ દ્વારા રાજ્યના મિડિયા કર્મીઓ માટે રેડ ક્રોસ સોસાયટીના સહયોગથી ઠેર ઠેર હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જે અંતર્ગત તાપી જિલ્લાના મીડિયાકર્મીઓ માટે હેલ્થ સ્ક્રીનિંગ નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પમાં તાપી જિલ્લાના ૨૩ જેટલા પત્રકાર મિત્રોએ પોતાના આરોગ્યની તપાસ કરાવી હતી. જેમાં ૨૩ મીડિયા કર્મીઓના બ્લડ સેમ્પલ તથા ૩૫ વર્ષથી વધુ ઉંમરના ૧૮ મીડિયા કર્મીઓના એક્સ-રે અને ઈ.સી.જી ટેસ્ટ કરવામાં આવ્યું હતું. ગુજરાત સરકારના મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા અમદાવાદ ખાતેથી મીડિયાકર્મીઓના હેલ્થ ચેક-અપનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. રાજ્યના તમામ જિલ્લાઓમાં રેડક્રોસ સોસાયટીના સહયોગથી હેલ્થ ચેક-અપ કેમ્પના આયોજનનો સિલસિલો અવિરત રીતે ચાલી રહ્યો છે. વ્યારા ખાતે યોજાયેલા હેલ્થ ચેકઅપ કેમ્પને સફળ બનાવવા માટે માહિતી અને પ્રસારણ વિભાગ ગુજરાત સરકાર, રેડક્રોસ ગુજરાત અને જિલ્લા માહિતી કચેરી, વ્યારા-તાપી અને રેડક્રોસ વ્યારાના કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી.

# દાહોદ સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા ઝાલોદ તાલુકાના આંબા ફળીયાની માનસિક અસ્વસ્થ મહિલાને ઘર સુધી પહોંચાડી



। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨ ।

ગઈ તારીખ.૨૯.૧૧.૨૦૨૪ ના રોજ એક બહેન પાવડી એસ.આર.પી ગ્રુપ ખાતે બિન વારસી હાલતમાં જોવા મળતા ત્યાંના એસ.આર.પી ઓફિસર દ્વારા સુરક્ષા તેમજ સલામતી જળવાઈ રહે અને ઘર પરિવાર મળી રહે તે હેતુથી “સખી” વન સ્ટોપ સેન્ટર દાહોદ ખાતે મહિલાને મૂકવામાં આવ્યા હતા.

જેમાં મહિલાને સાંત્વના આપી મહિલા અને બાળ અધિકારી રોહન ચૌધરી તેમજ દહેજ પ્રતિબંધક સહ રક્ષણ અધિકારી પંકજ પટેલના માર્ગદર્શન હેઠળ “સખી” વન સ્ટોપ સેન્ટરના કર્મચારીઓ દ્વારા અરજદાર બહેનની શારીરિક અને માનસિક સ્થિતિને ધ્યાને લઈ તાત્કાલિક ધોરણે તબીબી સારવાર અર્થે રાત્રે ૦૩:૧૦ એ ઝાયડસ હોસ્પિટલ દાહોદ ખાતે લઈ જવામાં આવ્યા.જેમાં ઝાયડસ હોસ્પિટલના ડોક્ટર દ્વારા તેમનું ચેકઅપ કરતા તેઓને તાત્કાલિક ધોરણે એડમિટ કરવાની જરૂર જણાવતા અરજદાર મહિલાને ઝાયડસ હોસ્પિટલ ખાતે એડમિટ કર્યા.ત્યારબાદ તેમનો પરિવાર શોધવા માટેના પ્રયત્નો કર્યા.જેમાં ડાયનામિક સર્વાંગી વિકાસ ટ્રસ્ટના પ્રમુખ સંધ્યાબેન ભુરીયા ને જાણ કરી તેમને દરેક ગ્રુપોમાં મહિલાની માહિતી મોકલવામાં આવી હતી.સતત પ્રયત્ન થી પ રિવારને અરજદાર બહેન ની માહિતી મળતા તેમનો પરિવાર આજરોજ તારીખ.૦૧.૧૨.૨૦૨૪ ના રોજ મહિલાને લેવા માટે ઝાયડસ હોસ્પિટલ ખાતે આવ્યા.સખી વન સ્ટોપ સેન્ટર દ્વારા મહિલાને પરિવાર સાથે અરજદાર બહેનનું પુનઃ મિલન કરાવવામાં સફળ રહ્યા છીએ અને અરજદાર બહેન ના પરિવાર જનો એ ઝાયડસ હોસ્પિટલ તેમજ “સખી”વન સ્ટોપ સેન્ટર નો આભાર વ્યક્ત કરેલ છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે આજે તમે આશાવાદના જાદુઈ તબક્કા હેઠળ છો. આજે તમને ધન ખર્ચવા ની જરૂર નહિ પડે કેમકે ઘર ના કોઈ મોટા આજે તમને ધન આપી શકે છે. ટપાલ દ્વારા આવેલો પત્ર આખા પરિવાર માટે ખુશીના સમાચાર લાવશે. તમારા પ્રિયપાત્ર સાથે બહાર જતા હો ત્યારે દેખાવ અને વર્તનમાં તમે જેવા છો એવા જ રહો. તમારી આંતરિક ક્ષમતા કામના સ્થળે તમારો દિવસ અદભુત બનાવવામાં તમારી મદદ કરશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે લાંબી મુસાફરી ટાળજો કેમ કે મુસાફરી માટે તમે ખૂબ નબળા છો. વેપારીઓ ને આજ પોતાના વેપાર માં ખોટ આવી શકે છે અને પોતાના વેપાર ને સારો બનાવવા માટે તમારે તમારા પૈસા ખર્ચ કરવા પડી શકે છે. તમારા જીવનસાથી તરફ બેદરકારી તમારા સંબંધ પર અસર કરી શકે છે. તમારો મૂલ્યવાન સમય ફરીથી જીવો તથા તમારી મીઠી યાદોને યાદ કરી ખુશખુશાલ સોનેરી દિવસો પાછા મેળવો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમે જે બાબત વાસ્તવિકતામાં મૂર્તસ્વરૂપે જોવા માગતા હો એ દિશામાં તમારા વિચારો અને ઊર્જા વાળો. માત્ર કલ્પના કરવાથી કોઈ અર્થ સરવાનો નથી. તમારી અત્યાર સુધીની સમસ્યા એ છે કે તમે માત્ર ઈચ્છા કરો છો એ દિશામાં પ્રયાસ કરતા નથી. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્યમાં સુધારો લાવે એવી બાબતો પર કામ કરવા માટે લાભદાયક દિવસ. ધંધામાં ઉધાર માગવાના ઈરાદે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. અદભુત દિવસ જ્યારે તમે ઈચ્છો છો એટલું લોકોનું ધ્યાન તમને મળશે-તમારી સામે એટલી બધી બાબતો હશે અને તમાંથી કઈ બાબત હાથ ધરવી તેની મીઠી મૂમંઝવણ તમને થશે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે આઉટડૉર રમતો તમને આકર્ષશે-ધ્યાન તથા યોગ લાભ લાવશે. વેપાર માં ફાયદો આજે ઘણા વેપારીઓ ના ચહેરા પાર સ્મિત લાવી શકે છે. તમારા નવા પ્રૉજેક્ટ્સ તથા યોજનાઓ વિશે તમારા ભાગીદારને વિશ્વાસમાં લેવા માટે પણ આ સમયગાળો સારો છે. સામાજિક અંતરાયો પાર નહીં કરી શકો. તમે જે હંમેશાં કરવા માગતા હતા.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે તમારી ધીરજ ખોતા નહીં ખાસ કરીને મુશ્કેલીના સમયમાં. જીવન ના ખરાબ તબક્કા માં પૈસા તમારા કામ આવશે તેથી આજ થીજ પોતાના પૈસા બચત કરવા ના વિષે વિચારો નહિ તો તમને તકલીફો આવી શકે છે. મિત્રો સાથે તમે સારો સમય પસાર કરશો પણ વાહન ચલાવતી વખતે વધારે તકેદારી રાખજો. તમારો પ્રેમ અસ્વીકારને આમંત્રમ આપશે.

**તુલા (ર,ત) :**

આજના દિવસે તમારા પરિવાર સાથે વધુ સમય વિતાવી એકલાપણાની લાગણીથી મુક્ત થાવ. અયોગ્ય આર્થિક સ્થિતિને કારણે કેટલાક મહત્વના કાર્યો અટકી પડશે. પત્ની તમને તમારૂં જીવન બદલવામાં મદદ કરશે. આજે રૉમાન્સની આશા નથી. તમે પૂરૂં કરી શકો છો એની પૂરી ખાતરી થયા બાદ જ કોઈ પણ વચન આપજો. તમારૂં ચુંબકીય-બહિર્મુખી વ્યક્તિત્વ દિલો પર રાજ કરશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારો કોઈ મિત્ર તમારી ઉદારતા તથા સહનશક્તિની મર્યાદાની કસોટી કરી શકે છે. તમારા મૂલ્યોનું જતન કરવામાં અને તમારા દરેક નિર્ણયમાં તર્કસંગત રહેવાની તકેદારી તમારે રાખવી પડશે. જે લોકો અત્યાર સુધી પૈસા વગર વિચારે ઉડાડી રહ્યા હતા તેમને પૈસા ની આજે ઘણી જરૂર પડી શકે છે અને તેમને સમજણ આવી શકે છે કે પૈસા નું શું મહત્વ હોય છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે આજે હાથ ધરાયેલું સ્વચ્છતા અભિયાન માનસિક શાંતિ તથા રાહત બક્ષશે. કોઈ ની મદદ લીધા વગર પણ તમે ધન કમાવી શકો છો તમને માત્ર પોતાની જાત પર વિશ્વાસ કરવો પડશે? ઘરમાં સમસ્યાઓ ઊભી થઈ શકે છે-જો તમે તમારા પરિવારના સભ્યો સાથે સમય નહીં વિતાવો તો. પ્રિયપાત્ર વિના સમય પસાર કરવામાં મુશ્કેલી સર્જાશે.

**મકર (ખ,જ) :**

આજના દિવસે દિવસ ની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો? આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે? ચંદ્ર ની સ્થિત ને લીધે તમારું ધન બિનજરૂરી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે. જો તમારે ધન સંચિત કરી ને રાખવું છે તો પોતાના જીવનસાથી અથવા માતા પિતા સાથે આના વિષે ચર્ચા કરો. તમારો જિદ્દી સ્વભાવ તમારા માતા-પિતાની શાંતિને નુકસાન પહોંચાડી શકે છે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. વીતેલા સમય માં તમે ઘણા પૈસા ખર્ચ કર્યા છે જેનું પરિણામ તમને અત્યારે ભોગવવું પડી શકે છે. આજે તમને પૈસા ની જરૂર હશે પરંતુ તે તમને નહિ મળી શકે. તમારી મદદની જરૂર હોય એવા મિત્રની મુલાકાત લેજો. કોઈ ત્રીજી વ્યક્તિની દખલ તમારા અને તમારા પ્રિયપાત્ર વચ્ચે ઘર્ષણ પેદા કરશે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારા ઉચ્ચ આત્મવિશ્વાસને આજે સારા ઉપયોગમાં લેવાનો પ્રયાસ કરો. દોડધામભર્યો દિવસ હોવા છતાં તમે તમારી શક્તિ પાછી મેળવી શકશો. તમને આકર્ષક જણાતી હોય તેવી રોકાણ યોજના વિશે વધુ જાણકારી મેળવવા માટે સપાટીની નીચે ઊંડું ખોદકામ કરો-આગળ વધતા પૂર્વે તમારા સલાહકારની સલાહ લો.

## ન્યૂઝ બ્રિફ

### ભારતીય અર્થવ્યવસ્થા માટે નવેસરથી વિચારણા કરવી જરૂરી : રાહુલ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

દેશનો જીડીપી વૃદ્ધિ દર છેલ્લા બે વર્ષમાં સૌથી નીચલા સ્તરે પહોંચી ગયો છે, તેને લઈને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ચિંતા વ્યક્ત કરી છે. લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ રવિવારે કહ્યું કે, 'ભારતીય અર્થવ્યવસ્થા માટે નવેસરથી વિચારવું જરૂરી છે. મુઠ્ઠીભર અબજોપતિ તેનો લાભ ઉઠાવતા રહેશે, ત્યાં સુધી દેશની અર્થવ્યવસ્થા આગળ વધી શકશે નહીં.' આ સાથે રાહુલ ગાંધીએ ઉમેર્યુ કે, 'ભારતીય અર્થવ્યવસથા માટે નવેસરથી વિચારવું જરુરી છે અને બિઝનેસમેનો માટે નવી ડીલ તેનો મહત્વનો હિસ્સો હોવી જોઈએ.' સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર એક પોસ્ટ કરીને, કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે, "જ્યારે તમામ લોકોને આગળ વધવાની સમાન તક મળશે, તો આપણી અર્થવ્યવસ્થા આગળ વધશે." તેમણે વધુમાં ઉમેર્યુ કે, "ભારતના ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ(જીડીપી)નો વૃદ્ધિ દર ઘટીને ૫.૪ ટકા પર આવી ગયો છે, જે બે વર્ષમાં સૌથી ઓછો છે. જ્યાં સુધી મુઠ્ઠીભર અબજોપતિ તેનો લાભ ઉઠાવતા રહેશે અને ખેડૂતો, મજૂરો, મધ્યમ વર્ગ અને ગરીબો વિવિધ આર્થિક સમસ્યાનો સામનો કરતા રહેશે, ત્યાં સુધી ભારતીય અર્થવ્યવસ્થા આગળ વધી શકશે નહીં." રાહુલ ગાંધીએ વધુમાં જણાવ્યું કે, "નોટબંધી અને જીએસટીને લીધે અર્થવ્યવસ્થામાં મેન્યુફેક્ચરિંગનો હિસ્સો ઘટીને ફક્ત ૧૩ ટકા રહી ગયો છે, જે ૫૦ વર્ષમાં સૌથી ઓછો છે. આવી પરિસ્થિતિમાં રોજગારીની તકો કયાં પેદા થશે? એટલા માટે ભારતીય અર્થવ્યવસ્થા માટે નવેસરથી વિચારવું જરુરી છે."કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રાએ રવિવારે વાયનાડના મનંતવડીમાં એક જાહેરસભાને સંબોધિત કરતી વખતે ભાજપના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર પર આકરા પ્રહાર કર્યા છે.

### પરિવાર શાક લેવા ગયો ને ઘરમાંથી ચોર ૫.૨૦ લાખ ચોરી ગયા



। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

શહેરના વટવા વસંત ગજેન્દ્ર ગડકરનગર ચાર માળિયામાં રહેતો પરિવાર શાકમાર્કેટ ખરીદી કરવા ગયો હતો, તે સમયે તસ્કરોએ મકાનનું તાળું તોડી અંદર પ્રવેશ કરીને રોકડ તથા સોના-ચાંદીના દાગીના મળી કુલ રૂ.૫.૨૦ લાખની મતાની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ મામલે વટવા પોલીસે ગુનો નોંધી આસપ ાસના સીસીટીવી ફૂટેજ મેળવી તપાસ શરૂ કરી છે. વટવા વસંત ગજેન્દ્ર ગડકરનગર ચાર માળિયામાં રહેતા ૫૧ વર્ષીય સિકંદરભાઈ મલેક રિક્ષા ડ્રાઈવિંગ કરે છે. ગત ૩૦ તારીખે સવારે તેઓ તેમની પત્ની સાથે ઘરે તાળું દીકરીના ઘરે ગયા હતા. જ્યાંથી તેઓ એલિસબ્રિજ શાકમાર્કેટ પાસે શાક લઈ રહ્યા હતા. તે સમયે તેમના દીકરા નિલોફરનો ફોન આવ્યો હતો અને જણાવ્યું હતું કે, હું ઘરે આવ્યો ત્યારે ઘરમાં ચોરી થઈ હોવાનું લાગી રહ્યું છે. જેથી સિકંદરભાઈ તાત્કાલિક ઘરે પહોંચી તપાસ કરી ત્યારે અજાણ્યો શખ્સ ઘરનું તાળું તોડી અંદર પ્રવેશ કરીને તિજોરીમાં મૂકેલા રોકડ તથા સોનાના દાગીના સહિત કુલ રૂ. ૫.૨૦ લાખની મતાની ચોરી કરી ફરાર.



નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે ભારતીય મહેસૂલ સેવા (કસ્ટમ અને પરોક્ષ કર)ના અધિકારી તાલીમાર્થીઓએ ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત કરી.

### ચૂંટણી પંચે ફરિયાદ નોંધાવી

## ઈવીએમ હેકિંગ દર્શાવતો વાયરલ વીડિયો નકલી અને પાયાવિહોણો



। (એજન્સી) મુંબઈ, તા.૨ ।

મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણીમાં હાર બાદ કેટલાક વિરોધ પક્ષો દ્વારા ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીન (EVM)ની વિશ્વસનીયતા પર સવાલો ઉઠાવવામાં આવી રહ્યા છે. જોકે, પંચે વિપક્ષના દાવાને ફગાવી દીધા છે. અહીં, EVM પર વિપક્ષના સવાલો વચ્ચે એક વાયરલ વીડિયોમાં, કેટલાક લોકો EVM સાથે કથિત છેડછાડની યોજના ઘડી રહ્યા છે. આ પછી મહારાષ્ટ્રના મુખ્ય ચૂંટણી અધિકારીની ફરિયાદ પર મુંબઈ સાયબર પોલીસે છેતરપિંડીનો કેસ નોંધ્યો છે.મહારાષ્ટ્રના સીઈઓ (ચીફ ઈલેક્ટોરલ ઓફિસ) કાર્યાલયે કહ્યું છે કે સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કરવામાં આવ્યો છે, જેમાં મહારાષ્ટ્ર ચૂંટણીમાં ઈવીએમ હેકિંગ અને ચેડા કરવાના ખોટા અને પાયાવિહોણા દાવા કરવામાં આવ્યાં છે. CEO મહારાષ્ટ્રની ફરિયાદ મળ્યા બાદ મુંબઈ સાયબર પોલીસે વીડિયોમાં દેખાતી વ્યક્તિ વિરુદ્ધ FIR નોંધ્યો છે. ચૂંટણી પંચે કહ્યું છે કે ઈવીએમ કોઈપણ નેટવર્ક સાથે કનેક્ટ થઈ શકતા નથી.

### યુદ્ધગ્રસ્ત ગાઝામાં માનવતાવાદી કટોકટી વધુ ઘેરી બનશે

## લૂંટફાટની ઘટનાઓ પછી યુએનએ ગાઝામાં રાહતસામગ્રી અટકાવી

### ઇઝરાયેલે ગાઝાના મુવાસી વિસ્તારોમાં કરેલા હુમલામાં બે બાળકો સહિત ઓછામાં ઓછા છ વ્યક્તિના મોત થયા હતાં

। (એજન્સી) દેર અલ-બલાહ, તા.૨ ।

પેલેસ્ટિનિયન શરણાર્થીઓ માટેની યુએન એજન્સીએ સશસ્ત્ર ગેંગ દ્વારા લૂંટફાટની ઘટના પછી ગાઝાના મેઈન ક્રોસિંગ મારફત રાહત સામગ્રી પહોંચડાવાનું અટકાવી દીધું છે. તાજેતરમાં રાહત સામગ્રી જઈ જતાં ટ્રકોના કાફલા પર હુમલો કરીને લૂંટફાટ કરાઈ હોવાની કેટલીક ઘટનાઓ બની હતી. શિયાળાની શરૂઆત વચ્ચે યુએનના આ નિર્ણયથી યુદ્ધગ્રસ્ત ગાઝામાં માનવતાવાદી કટોકટી વધુ ઘેરી બનવાની ધારણા છે. હાલમાં હજારો પેલેસ્ટિનિયનો કેમ્પમાં રહે છે અને આંતરરાષ્ટ્રીય ખાદ્ય સહાય પર નિર્ભર છે. યુએનએ જણાવ્યું હતું કે ઈઝરાયેલની નીતિઓને કારણે ગાઝામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ ભાંગી પડી છે અને તેનાથી સહાય સામગ્રીને અસર થઈ રહી છે. ગાઝામાં સહાય સામગ્રી પહોંચાડતી યુએનની મુખ્ય એજન્સી યુએન આરડબ્લ્યુએના વડા ફિલિપ લાઝારિનીએ જણાવ્યું હતું કે



કેરેમ શાલોમ ક્રોસિંગ તરફ જતો માર્ગ ગાઝા બાજુએ ખૂબ જોખમી બન્યો છે. સશસ્ત્ર ગેંગે નવેમ્બરમાં આ રૂટ પર મુસાફરી કરતી લગભગ ૧૦૦ ટ્રકોને લૂંટી હતી, અને ગેંગોએ શનિવારે પણ લૂંટફાટ કરી હતી. ઈજિપ્તે રફાહ ક્રોસિંગ બંધ કર્યા પછી કેરેમ શાલોમ ક્રોસિંગ રાહત સામગ્રી પહોંચવાનો મુખ્ય રસ્તો બન્યો હતો. ગયા મહિને ગાઝામાં પ્રવેશતી લગભગ ૬૬ ટકા સહાય સામગ્રી કેરેમ શાલોમ દ્વારા આવી હતી. ગાઝામાં માનવતાવાદી કામગીરીના અટકી જવા માટે ઈઝરાયલની દોષિત ગણાવતા લાઝારિનીએ જણાવ્યું હતું કે સહાયને મર્યાદિત કરવાના રાજકીય નિર્ણયો, સહાય માર્ગો પર સલામતીનો અભાવ અને હમાસ સંચાલિત પોલીસ દળ પર ઈઝરાયેલના હુમલાને કારણે સહાય સામગ્રીને અસર થઈ છે. ઈઝરાયેલે ગાઝાના મુવાસી વિસ્તારોમાં કરેલા હુમલામાં બે બાળકો સહિત ઓછામાં ઓછા છ વ્યક્તિના મોત થયા હતાં. મુવાસી વિસ્તારમાં એક વિશાળ ટેન્ટ કેમ્પ છે, જેમાં હજારો વિસ્થાપિત લોકો રહે છે. આ હુમલામાં મૃતક બાળકોની માતા અને તેમની ૮-મહિનાની બહેનને પણ ઈજા થઈ હતી. દરમિયાન ઈજિપ્તની સરહદ પર આવેલા રફાહમાં શહેરમાં ઈઝરાયેલના હુમલામાં બીજા ચાર વ્યક્તિના મોત થયાં હતાં.

### પાક. ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ને હાઈબ્રિડ મોડલ પર કરવા તૈયાર



। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫નું આયોજન ક્યા અને કેવી રીત થશે તે અંગેનો વિવાદ અટકવાનું નામ નથી લઈ રહ્યો. ભારત અને પાકિસ્તાન વચ્ચેના વિવાદને કારણે હજુ સુધી તેનું શેડ્યૂલ જાહેર કરવામાં આવ્યું નથી. આઈસીસીએ ૨૯ નવેમ્બરના રોજ એક બેઠકનું આયોજન કર્યું હતું, જેમાં ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ના આયોજન અંગે નિર્ણય લેવાનો હતો, પરંતુ આ બેઠક બીજા દિવસ સુધી સ્થગિત કરવામાં આવી. હવે અપડેટ આવી રહ્યા છે કે, પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB) આ ટૂર્નામેન્ટ હાઈબ્રિડ મોડલ હેઠળ યોજવા માટે સહમત છે, પરંતુ કેટલીક શરતો પણ મૂકી છે. ICCએ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (PCB)ને અલ્ટીમેટમ આપ્યું હતું કે, ૨૦૨૫માં ચેમ્પિયન્સ ટ્રોફીની હોસ્ટિંગ માટે હવે હાઈબ્રિડ મોડલ જ એકમાત્ર વિકલ્પ છે. જો PCB આ માટે સહમત નહીં થાય તો તેની ટીમ બહાર થઈ જશે અને આ આઈસીસી ટૂર્નામેન્ટ કોઈ અન્ય દેશમાં યોજવામાં આવશે. ICCએ ૨૯ નવેમ્બરના રોજ બોર્ડ મિટિંગ દરમિયાન આ જાહેરાત કરી હતી. BCCIએ ભારત સરકારની નીતિને ટાંકીને પાકિસ્તાન જવાનો સ્પષ્ટ ઈક્રાર કરી દીધો છે. આ પછી ICCએ 'હાઈબ્રિડ મોડલ'નો પ્રસ્તાવ મૂક્યો હતો, જેને પાકિસ્તાન ક્રિકેટે હજુ સુધી સ્વીકાર્યો નથી. આ અંગે નિર્ણય લેવા માટે ICCએ એક બેઠક પણ યોજી હતી, પરંતુ આ પછી પણ કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. ભારતની સાથે અન્ય દેશોના બોર્ડ દ્વારા પણ પાકિસ્તાનમાં સુરક્ષાના કારણોનો મુદ્દો ઉઠાવવામાં આવ્યો હતો. ચેમ્પિયન્સ ટ્રોફી હાઈબ્રિડ મોડલ હેઠળ ન કરાવવા પર અડગ રહેલા પાકિસ્તાન ક્રિકેટ બોર્ડનું વલણ થોડું નબળું પડ્યું છે. રિપોર્ટસનું માનીએ તો પાકિસ્તાન હવે હાઈબ્રિડ મોડલ પર ચેમ્પિયન્સ ટ્રોફીનું આયોજન કરવા માટે સંમત થયું છે, પરંતુ તેમણે કેટલીક શરતો પણ મૂકી છે. ૧. દુબઈમાં ભારતની મેચો: ભારતીય ક્રિકેટ ટીમની તમામ મેચો જેમાં ગ્રુપ સ્ટેજ, સેમિ-ફાઈનલ અને ફાઈનલ (જો ભારત ક્વોલિફાય કરે છે) સામેલ છે.

### બિન-વિસ્થાપિત સાથે લગ્ન કરનારા બે મહિલાના કેસમાં ચુકાદો

## લગ્નને કારણે કાશ્મીરી પંડિત મહિલાનો વિસ્થાપિતનો દરજ્જો ન છીનવાય : HC

। (એજન્સી) જમ્મુ, તા.૨ ।

કાશ્મીરમાંથી વિસ્થાપિત થયેલી પંડિત મહિલાઓની તરફેણમાં એક મહત્ત્વપૂર્ણ ચુકાદો આપતા જમ્મુ-કાશ્મીર એન્ડ લદ્દાખની હાઈકોર્ટે જણાવ્યું હતું કે સુરક્ષાના કારણોસર ખીણમાંથી ભાગી ગયેલી કાશ્મીરી પંડિત મહિલા બિન-વિસ્થાપિત વ્યક્તિ સાથે લગ્ન કરે તો પણ તે વિસ્થાપિતનો દરજ્જો ગુમાવશે નહીં. હાઈકોર્ટે PM રોજગાર પેકેજ હેઠળ પસંદ કરાયેલ બે મહિલાઓની તરફેણમાં સેન્ટ્રલ એડમિનિસ્ટ્રેટિવ ટ્રિબ્યુનલ (CAT) આપેલા આદેશને યોગ્ય ઠેરવ્યો હતો. સીમા કૌલ અને વિશાલની કૌલ નામની બે પંડિત મહિલાઓના કેસમાં હાઈકોર્ટે આ આદેશ આપ્યો હતો. આ બંને મહિલાઓની કાશ્મીરી વિસ્થાપિત માટેની પીએમ પેકેજ હેઠળ ડિઝાસ્ટર મેનેજમેન્ટ રાહત, પુનર્વસન અને





પુનઃનિર્માણ વિભાગમાં કાયદાકીય સહાયકના પદ પર કામચલાઉ પસંદગી થઈ હતી. પરંતુ એવા આધારે તેમને નિમણૂક અપાઈ ન હતી કે તેઓએ બિન -વિસ્થાપિત વ્યક્તિઓ સાથે લગ્ન કરીને વિસ્થાપિતનો દરજ્જો ગુમાવ્યો છે. આ પછી બંને મહિલાઓએ ૨૦૧૮માં હાઈકોર્ટમાં અરજી કરી હતી. હાઈકોર્ટે જણાવ્યું હતું કે આતંકવાદના ખતરાને કારણે કાશ્મીર ખીણમાં પોતાનું ઘર છોડવાની ફરજ પડી હોય હોવાથી મહિલાને વિસ્થાપિત દરજ્જો મળ્યો હતો.

### લાઉન્જનો ઉપયોગ કરવાની પણ મંજૂરી ના અપાઈ

## ભારતીય મુસાફરો કુવૈત એરપોર્ટ પર ૧૩ કલાક સુધી ખોરાક, પાણી વગર રહ્યા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

મુંબઈથી માન્ચેસ્ટર જઈ રહેલા ભારતીય મુસાફરો લગભગ ૧૩ કલાકથી કુવૈત એરપોર્ટ પર ફસાઈ ગયા હતા. મુસાફરોએ ભોજન કે મદદ ન મળવાની ફરિયાદ કરી છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોમાં ગલ્ફ એરના મુસાફરોને એરપોર્ટ અધિકારીઓ સાથે દલીલ કરતા જોઈ શકાય છે. જો કે ગલ્ફ એર દ્વારા હજુ સુધી આ મામલે કોઈ નિવેદન આપવામાં આવ્યું નથી. એક એક્સ -પોસ્ટમાં, મુસાફરે આરોપ લગાવ્યો હતો કે તેમને હેરાન કરવામાં આવી રહ્યા છે અને એરલાઈન કથિત રીતે માત્ર EU, UK અને USના મુસાફરોને સમાવી રહી છે. મુસાફરોએ જણાવ્યું હતું કે તેમની ફ્લાઈટે કુવૈતમાં ઉતરાણ કરતા પહેલા યુ-ટર્ન લીધો હતો. લેન્ડિંગની ૨૦ મિનિટ પહેલાં ફ્લાઈટ



ડાયવર્ઝનની જાહેરાત કરવામાં આવી હતી અને એ સાથે જ એન્જિનમાં આગ લાગવાની જાણ પણ કરાઈ હતી. આરઝૂ સિંઘ નામના પેસેન્જરે એનડીટીવીને જણાવ્યું કે તેણે લાઉન્જમાં પ્રવેશ મેળવવાની માંગ કરી હતી, પરંતુ એરપોર્ટ અધિકારીઓએ તેને અટકાવ્યો હતો. તેણે કહ્યું હતું કે ૧૩ કલાકથી વધુ સમય થઈ ગયો છે. લગભગ ૬૦ મુસાફરો ફસાયા છે. અમે શક્ય હોય તો લાઉન્જનો ઉપયોગ કરવાનું કહ્યું, પરંતુ મંજૂરી અપાઈ ન હતી.

## વિશેષ

### માંગરોળ તાલુકાના કિમ ખાતે બુલેટ ટ્રેન ટ્રેક સ્લેબ મેન્યુફેક્ચરિંગ ફેક્ટરીની મુલાકાત લેતા કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ

# મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ કોરિડોર માટે ૧૯ એકર વિસ્તારમાં વિકસાવવામાં આવેલી ટ્રેક સ્લેબ ફેક્ટરીમાં થઈ રહેલી કામગીરીનું રેલવે મંત્રીએ નિરીક્ષણ કર્યું

કેન્દ્રીય રેલવે મંત્રીશ્રી અશ્વિની વૈષ્ણવે માંગરોળ તાલુકાના કિમ ખાતે બુલેટ ટ્રેન ટ્રેક સ્લેબ મેન્યુફેક્ચરિંગ ફેક્ટરીની મુલાકાત લીધી હતી અને ૧૯ એકર વિસ્તારમાં વિકસાવવામાં આવેલી સ્લેબ ફેક્ટરીમાં થઈ રહેલી કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું. નેશનલ હાઈસ્પીડ રેલ કોર્પોરેશન લિ.ના મેનેજિંગ ડિરેક્ટરશ્રી વિવેક ગુપ્તાએ કેન્દ્રીય રેલવે મંત્રીશ્રીને ફેક્ટરીની સમગ્રલક્ષી કાર્યપદ્ધતિથી માહિતગાર કર્યા હતા. રેલવે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, બુલેટ ટ્રેનમાં ટ્રેક સ્લેબ મહત્વનું કોમ્પોનન્ટ હોય છે. જેના પર ટ્રેનના પાટા ફીટ થતા હોય છે. આ સ્લેબ જાપાનીઝ ટેકનોલોજીથી ખૂબ ચીવટથી બનાવવામાં આવે છે. કિમમાં આવેલી ટ્રેક સ્લેબ ફેક્ટરીમાં સ્લેબ બનાવવાનું કામ પૂરજોશમાં થઈ રહ્યું છે. આ ફેક્ટરી દુનિયાની સૌથી મોટી ટ્રેક સ્લેબ ફેક્ટરીઓમાંની એક છે. અહીં જાપાનની અદ્યતન શિંકનસેન ટેક્નિકનો ઉપયોગ કરીને ઉચ્ચ ક્ષમતાવાળા બેલાસ્ટલેસ ટ્રેક સ્લેબ બની રહ્યા છે. રેલવે મંત્રીશ્રીએ શ્રમિકો સાથે સંવાદ કરીને તેમનો ઉત્સાહ વધાર્યો હતો. આ વેળાએ વેસ્ટર્ન રેલ્વેના જનરલ મેનેજરશ્રી







અશોકકુમાર મિશ્રા સહિત રેલ્વે અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા નોંધનીય છે કે, મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ કોરિડોર (MAHRC) પ્રોજેક્ટની કુલ લંબાઈ ૫૦૮ કિલોમીટર (ગુજરાત અને દાદરાનગર હવેલી:૩૫૨ કિમી, મહારાષ્ટ્ર: ૧૫૬ કિમી) છે. જેમાં ૧૨ સ્ટેશનો; મુંબઈ, થાણે, વિરાર, બોઈસર, વાપી, બિલીમોરા, સુરત, ભરૂચ, વડોદરા, આણંદ/નડિયાદ, અમદાવાદ, સાબરમતી બનાવવામાં આવશે. આ કોરિડોરમાં આવતી નદીઓ પર ૧૩ પુલો બનશે, જેમાં વલસાડ જિલ્લાની પાર, કોલક અને ઔરંગા નદી, નવસારીની પૂર્ણા, મિંઢોળા, કાવેરી, ખરેરા, વેંગાણીયા અને અંબિકા, વડોદરાની ઢાઢર, ખેડાની વાત્રક, મોહર અને મેશ્વો નદી પર પૂલ બનશે. પાંચ સ્ટીલ બ્રિજનું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે. કિમની સ્લેબ ફેક્ટરીમાં રેલવે કોરિડોર માટે દરરોજ ૧૨૦ સ્લેબ તૈયાર થાય છે . પ્રી-કાસ્ટ રિઈન્ફોર્સ્ડ કોંક્રિટ ટ્રેક સ્લેબ સામાન્ય રીતે ૨૨૦૦ મિમી પહોળા, ૪૯૦૦ મિમી લાંબા અને ૧૯૦ મિમી જાડા હોય છે, અને દરેક સ્લેબનું વજન લગભગ ૩.૯ ટન હોય છે. અહીં દરરોજ ૧૨૦ સ્લેબ તૈયાર થાય છે. કુલ લક્ષ્યાંક ૯૬ હજાર સ્લેબ તૈયાર કરવાનો છે. જેનાથી મુંબઈ-અમદાવાદ હાઈસ્પીડ રેલ કોરિડોર અને દાદરાનગર હવેલી (૩૫૨ કિમી) માટે ૨૩૭ કિલોમીટરના હાઈ સ્પીડ રેલ ટ્રેક માટે ટ્રેક સ્લેબ તૈયાર થશે.

## રાજ્ય સરકારે આપ્યો નગર પાલિકાનો દરજ્જો

। ગાંધીનગર, તા.૨ ।

અમરેલી જિલ્લામાં આવેલા ધારીના લોકો માટે સારા સમાચાર છે. ધારીને રાજ્ય સરકાર દ્વારા નગર પાલિકાનો દરજ્જો આપવામાં આવ્યો છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મહત્વનો નિર્ણય લેતા ધારી ગ્રામ પંચાયલને નગર પાલિકાનો દરજ્જો આપવાના નિર્ણયને મંજૂરી આપી છે. આ નગર પાલિકા સાથે રાજ્યમાં કુલ નગરપાલિકાની સંખ્યા ૧૬૦ થઈ જશે. ધારી ગ્રામ પંચાયતમાં ધારીની આસપાસના પ્રેમપરા, હરિપરા, વેકરીયાપરા, નવાપરા-લાઈનપરા જૂથ ગ્રામપંચાયત ભેળવી દઈને આ ધારી નગરપાલિકાની રચના કરવામાં આવશે. અમરેલી જિલ્લાનું ધારી આંબરડી સફારી પાર્ક તથા પ્રાચીન ગળધરા ખોડીયાર માતા મંદિરથી ૬ કિલોમીટરના અંતરે વસેલું છે. એટલું જ નહિં, ધારીમાં ગીર પૂર્વ અભયારણ્ય અને જંગલ વિસ્તાર આવેલા હોઈ મોટી સંખ્યામાં વર્ષ દરમ્યાન પ્રવાસીઓ આવતા રહે છે.

### વીજ લાઈન અને ટ્રાન્સફોર્મરમાં નવીનીકરણ થઈ રહ્યુ છેઃ મંત્રી કનુભાઈ દેસાઈ

# રાજ્યના નાણાં મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે રૂ. ૨૪ કરોડ ના ખર્ચે તૈયાર પારડી રેલવે ઓવરબ્રિજનું લોકાર્પણ કરાયુ

### બ્રિજના લોકાર્પણથી અંદાજે એક લાખની વસ્તીને સીધો ફાયદો થતા વાહન ચાલકોમાં ખુશીની લહેર પ્રસરી

ગુજરાત સરકારના માર્ગ અને મકાન વિભાગ દ્વારા રૂ. ૨૪ કરોડ ૩૩ લાખના ખર્ચે તૈયાર કરાયેલા ૭.૫૦ મીટર પહોળા અને ૭૮૫ મીટર લંબાઈ ધરાવતા પારડી રેલવે ઓવરબ્રિજ (એલ.સી. નં. ૯૦)નું રાજ્યના નાણાં, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈના વરદહસ્તે કોટલાવ ગામની હદમાં પારડી રેલવે સ્ટેશન પાસે પૂર્વ તરફ લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ બ્રિજથી અંદાજે એક લાખની વસ્તીને સીધો ફાયદો થશે જેથી આસપાસના ગ્રામજનો અને વાહનચાલકોમાં ખુશીની લહેર પ્રસરી હતી. ઉમરસાડી પારડી સ્ટેશન રોડના રેલવે ઓવરબ્રિજના લોકાર્પણ સમારોહ પ્રસંગે નાણામંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું કે, ગુજરાતની પ્રજાએ પ્રધાનમંત્રીશ્રી મોદીજીમાં અતૂટ વિશ્વાસ રાખ્યો છે. તેમણે વિકાસનો નવો અધ્યાય શીખવ્યો છે. સૌથી વધુ વિકાસ દક્ષિણ ગુજરાતમાં થયો છે. આ બ્રિજના લોકાર્પણ બાદ હવે માછીવાડ વિસ્તારના લોકોની માંગણી મુજબ વધુ એક બ્રિજ પણ બની રહ્યો છે જેનું કામ ફેબ્રુઆરી સુધીમાં પૂર્ણ કરાશે



એવી શક્યતા છે. વડાપ્રધાનશ્રી મોદીજી સમગ્ર વિશ્વનું નેતૃત્વ કરી રહ્યા છે. કલાઈમેટ ચેન્જ-વાયુ પરિવર્તનના કારણે નુકશાન થાય છે. જે દૂર કરવા માટે પ્રયાસ ચાલી રહ્યા છે. કોલસાના વપરાશને કારણે જેટલો પણ કાર્બન ડાયોકસાઈડ પેદા થાય છે તેને દૂર કરવાનો સુંદર અભિગમ મોદીજીએ સમગ્ર વિશ્વને આપ્યો છે જેમાં આપણુ ભારત અને ગુજરાત સૌથી આગળ છે. વધુમાં મંત્રીશ્રીએ જણાવ્યું કે, હાલમાં વીજ લાઈન અને ટ્રાન્સફોર્મરમાં નવીનીકરણ થઈ રહ્યુ છે. કાંઠા વિસ્તારમાં અંડર ગ્રાઉન્ડ લાઈન નંખાઈ રહી છે. નવા મીટર નખાઈ રહ્યા છે. જેથી કોઈ પણ પ્રકારના ચેડા મીટર સાથે થઈ શકશે નહી. જેથી સૌને સહકાર આપવા મંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે લોકસભાના દંડક અને વલસાડ-ડાંગના સાંસદશ્રી ધવલભાઈ પટેલે જણાવ્યું કે, કેન્દ્ર અને રાજ્યની સરકાર સમગ્ર ભારતમાં અને ખાસ કરીને વલસાડ લોકસભા મત વિસ્તારના લોકોનું જીવન ધોરણ કેવી રીતે બહેતર બને અને યોજનાના લાભો મળે તે માટે સરકાર કાર્યરત છે. વલસાડ જિલ્લામાં રેલવે ક્રોસિંગ પર કલાકો સુધી પહેલા ટ્રાફિક જામ થતુ હતું. જેથી રેલવે ક્રોસિંગ ફ્રી જિલ્લાની કલ્પના કરતા હતા જે માટે ૨૨ ઓવરબ્રિજ બનાવ્યા છે અને જ્યાં પણ જરૂર પડશે ત્યાં પણ બનાવાશે. આ પ્રસંગે માજી સાંસદ ડો.કે.સી. પટેલે પ્રાસંગિક પ્રવચન આપ્યું હતું. લોકાર્પણ સમારોહમાં જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી મનહરભાઈ પટેલ, પારડી તાલુકા પંચાયતના પ્રમુખ દક્ષેશભાઈ પટેલ, જિલ્લા કલેકટરશ્રી નૈમેષ દવે, પ્રાંત અધિકારીશ્રી નિરવ પટેલ, જિલ્લા સંગઠન પ્રમુખ હેમંત કંસારા, મહામંત્રી શિલ્પેશ દેસાઈ, પારડી તાલુકા સંગઠનના પ્રમુખ મહેશ દેસાઈ, વાપી વીઆઈએ પ્રમુખ સતિષ પટેલ, વાપી નોટીફાઈડ સંગઠન પ્રમુખ હેમંત પટેલ સહિતના અધિકારીઓ અને પદાધિકારીઓ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## વર્લ્ડ એઈડ્સ ડે નિમિતે ઝાલોદ બસ સ્ટેન્ડ ખાતે પોસ્ટર પ્રદર્શન યોજવામા આવ્યું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૨ ।

૨જી ડિસેમ્બર વિશ્વ એઈડ્સ દિવસ નિમિત્તે ડિસ્ટ્રિક્ટ એઈડ્સ પ્રીવેન્શન કંટ્રોલ યુનિટ, દાહોદ અને આરોગ્ય મંડળ અને સંશોધન કેન્દ્ર, પ્રોજેક્ટ ડાયરેક્ટર (મંત્રીશ્રી)નિરન શાહ દાહોદ દ્વારા સંચાલિત ટી આઈ પ્રોજેક્ટ અને ઝાલોદ એસટી ડેપો , દાહોદના સંયુક્ત ઉપક્રમે જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડો. ઉદય ટિલાવતશ્રી ના માર્ગદર્શન હેઠળ વિશ્વ એઈડ્સ દિવસ કાર્યક્રમ ની ઉજવણી કરવામાં આવી તેમજ CHC ઝાલોદ ના ICTC કાઉન્સેલર હેતલબેન તેમજ STI કાઉન્સેલર અનિલભાઈ કાર્યક્રમ માં હાજર રહ્યાં હતા..કાર્યક્રમના ભાગરૂપે પ્રોજેક્ટ મેનેજર નિલેશભાઈ ભટ્ટ દ્વારા પ્રાથમિક પ્રવચન આપી એચઆઈવી કાર્યક્રમની રૂપરેખા ની સમજ આપવામાં આવી એસટી ડેપોના મેનેજર શ્રી દ્વારા તેમના હસ્તકના સ્ટાફશ્રીઓને એકત્રિત કરી તેમના જીવનમાં એચઆઈવી / એઈડ્સ વિષયક સમજ કેળવાય અને તેઓ ગંભીર બીમારીથી બચે તે માટે આયોજિત કાર્યક્રમમાં સંપૂર્ણ જાણકારી લે તે એ માટે યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું.

## અમદાવાદમાં ડ્રિંક એન્ડ ડ્રાઇવ નરોડા-દહેગામ પર નશાગ્રસ્ત કારચાલકે બે યુવાનોને કચડી મોતને ઘાટ ઉતાર્યા

। અમદાવાદ, તા.૨ ।

અમદાવાદના નરોડા-દહેગામ રોડ પર એક દારૂના નશામાં કારચાલકે પોતાની કાર વધુ સ્પીડમાં ચલાવતા બે નિર્દોષ યુવાનોના મોત થયા હતા. બે આશાસ્પદ યુવાનોના મોત બાદ રોષે ભરાયેલા ટોળાએ નશામાં ધૂત ડ્રાઈવરને માર માર્યો હતો. અમદાવાદના નરોડા-દહેગામ રોડ પર એક દારૂના નશામાં કારચાલકે પોતાની કાર વધુ સ્પીડમાં ચલાવતા બે નિર્દોષ યુવાનોના મોત થયા હતા. બે આશાસ્પદ યુવાનોના મોત બાદ રોષે ભરાયેલા ટોળાએ નશામાં ધૂત ડ્રાઈવરને માર માર્યો હતો. શહેરમાં એક સપ્તાહમાં દારૂના નશામાં વાહન ચલાવવાની આ બીજી ઘટના છે જેણે કાયદો અને વ્યવસ્થા પર સવાલો ઉભા કર્યા છે. બે યુવકોના ઘટનાસ્થળે જ મોત થયા હતા ગત રાત્રે નરોડા-દહેગામ રોડ પર સફેદ રંગની ક્રેટ કારનો ચાલક તેજ ગતિએ હંકારી રહ્યો હતો ત્યારે કાર ડિવાઈડર કૂદીને ખોટી દિશામાં ગઈ હતી.

### ગુજરાત ભાજપમાં શોકનો માહોલ

# ભાજપના સહપ્રવક્તા જયેશ વ્યાસનું થયું નિધન

। (માહિતી) ગાંધીનગર, તા.૨ ।

ગુજરાત ભાજપના સહપ્રવકતા જયેશ વ્યાસનું દુઃખદ અવસાન થયું હોવાનું સામે આવ્યું છે. અત્યારે ભાજપના સહપ્રવક્તા જયેશ વ્યાસના અણધાર્યા નિધનથી ભાજપ માં ઘેરો શોક જોવા મળ્યો છે. તેમના નિવાસ સ્થાને તેમને હાર્ટ એટેક આવ્યો હતો, ત્યાર બાદ તેમને હોસ્પિટલ લઈ જવામાં આવી રહ્યાં હતાં પરંતુ રસ્તામાં જ તેમનું નિધન થઈ ગયું હતું.

ગુજરાત ભાજપના સહપ્રવકતા જયેશ વ્યાસનું મોડી સાંજે અવસાન થયું છે. ગાંધીનગરના નિવાસ સ્થાને હાર્ટ એટેક નિધન થતાં ભાજપના કાર્યકર્તાઓ અને નેતાઓમાં શોકની લાગણી જોવા મળી છે. જયેશ વ્યાસ ઘરે જમ્યા બાદ રાત્રે ૯ વાગ્યાની આસપાસ બાથરૂમમાં પડી ગયા હતા. તેમને હોસ્પિટલમાં લઈ જવામાં આવી રહ્યા હતા પરંતુ રસ્તામાં જ તેમનું મૃત્યુ થયુ હતુ અનેક મીડિયાની ટીવી ડિબેટમાં ભાજપ પક્ષ તરફથી ધારદાર રજૂઆત કરનાર અને મૂળ રાજકોટના જયેશ વ્યાસનું ૫૦ વર્ષની વયે જ અવસાન થયું છે. આજે તેમની અંતિમક્રિયા કરવામાં આવશે. જયેશ વ્યાસએ ગુજરાત પ્રદેશ ભાજપના સહ-પ્રવક્તા છે અને મૂળ રાજકોટના નિવાસી છે.

ટીવીમાં અનેક વખતે ડીબેટમાં તેઓ જોવા મળતા હોય છે. અનેક ટીવી ડિબેટ માં પક્ષ તરફથી ધારદાર રજૂઆત કરનાર મૂળ રાજકોટના જયેશ વ્યાસ ના ૫૦ વર્ષ ની વયે જ અવસાનથી અનેક લોકોને આંચકો લાગ્યો છે. આ વર્ષની શરૂઆતમાં ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલમાં નિયુક્ત થયા હતા. જયેશ વ્યાસ પેનલના સભ્ય તરીકે પક્ષનું પ્રતિનિધિત્વ કરવા માટે ગુજરાતની વિવિધ ન્યૂઝ ચેનલો પરની ચર્ચાઓમાં નિયમિત દેખાતા હતા. જયેશ વ્યાસ ગુજરાત ભાજપના બૌદ્ધિક સેલના પૂર્વ કન્વીનર પણ હતા.

## માળિયા-મિયાણા યાર્ડ સ્થિત ક્રોસીંગ નં. 98 અને વિરમગામ યાર્ડ સ્થિત રેલવે ક્રોસિંગ નં. 41 B (મીલ ફાટક) અવર જવર માટે બંધ રહેશે

। અમદાવાદ, તા.૨ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર માળિયા-મિયાણા યાર્ડ સ્થિત રેલવે ક્રોસિંગ નં. ૯૮ કિમી ૭૦૨/૪૮-૫૦ સમારકામ અને જાળવણી કાર્ય માટે ૦૩ ડિસેમ્બર ૨૦૨૪ ના રોજ સવારે ૦૮.૦૦ થી ૦૬ ડિસેમ્બર ૨૦૨૪ ના રોજ સાંજે ૧૮.૦૦ વાગ્યા સુધી અવર જવર માટે બંધ રહેશે.

વિરમગામ યાર્ડ સ્થિત રેલવે ક્રોસિંગ નંબર ૪૧ B (મીલ ફાટક) કિમી ૫૬૦/૪-૫ સમારકામ અને જાળવણી કાર્ય માટે ૦૩ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ સવારે ૦૮.૦૦ વાગ્યાથી ૧૨ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ સાંજે ૧૮.૩૦ વાગ્યા સુધી અવર જવર માટે બંધ રહેશે.

સડક ઉપયોગકર્તા આ સમયગાળા દરમિયાન નિલકી ફ્લાયઓવર પરથી અવર જવર કરી શકે છે.

### અમદાવાદના નરોડા-દહેગામ રોડની ઘટના

# નશેડી કારચાલકે એક્ટિવાને અડફેટે લેતાં બેના મૃત્યું

। (માહિતી) અમદાવાદ, તા.૨ ।

અમદાવાદ શહેરના રસ્તાઓ પર દિન-પ્રતિદિન નશેડી કારચાલકોનો આતંક વધતો જાય છે. આ નશેડી કારચાલકોને કારણે રસ્તાઓ હવે સામાન્ય જનતા માટે સુરક્ષિત રહ્યા નથી અને જીવનું જોખમ સતત માથે મંડરાતું રહે છે. રસ્તાઓ પર ડ્રિંક એન્ડ ડ્રાઈવ અને હિટ એન્ડ રનના કેસ સતત બહાર આવી રહ્યા છે. બોપલ-અંબાલી રોડ પર નશાની હાલતમાં રીપલ પંચાલે સર્જેલા અકસ્માતને લોકો હજુ ભૂલ્યા નથી ત્યાં તો શહેરના નરોડા-દહેગામ રોડ પર નશાની હાલતમાં પૂરપાટ ઝડપે બેફામ કાર ચલાવી રહેલા વ્યક્તિએ બે યુવકોનો ભોગ લીધો છે. ડિવાઈડર કૂદી ક્રેટા કારે એક્ટિવાને અડફેટે લીધું હતું. અકસ્માત સર્જાયા બાદ લોકોનું ટોળું ભેગું થઈ ગયું હતું અને પીધેલી હાલતમાં ડ્રાઈવિંગ કરી રહેલા કારચાલકને મેથીપાક ચખાડ્યો હતો. ઘટનાની જાણ થતાં પોલીસની ટીમ દોડી આવી હતી. આ મામલે પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે અને ગુના હેઠળ કારને પણ જપ્ત કરી છે. મળતી માહિતી મુજબ, રવિવારે મોડી રાત્રે નરોડા-દહેગામ રોડ પર એક્ટિવા પર બે યુવકો જઈ રહ્યા હતા. આ દરમિયાન નશાની હાલતમાં કાર ચલાવી રહેલા ગોપાલ પટેલ નામના યુવકે પૂરપાટ ઝડપે કાર ડિવાઈડર ચઢાવી દેતાં કાર ડિવાઈડર કૂદી રોંગ સાઈડમાં જતી રહી હતી. આ દરમિયાન એક્ટિવા પર આવી રહેલા અમિત રાઠોડ અને વિશાલ રાઠોડને ટક્કર લાગતાં બંને યુવકોના ઘટનાસ્થળે જ મૃત્યુ નીપજ્યાં હતા.

ઘટના સ્થળે હાજર રહેલા લોકોએ આક્ષેપ કર્યો કે, કાર ચાલક ગોપાલ પટેલ નામનો શખ્સ નશાની હાલતમાં હતો. અકસ્માત સર્જાયા બાદ સ્થાનિક લોકોએ કાર ચાલકને પકડી પાડી માર માર્યો હતો. આ અકસ્માતના સીસીટીવી પણ બહાર આવ્યા છે, જે હચમચાવી દે તેવા છે. સ્થાનિક લોકોએ આ કારચાલકને પકડી પાડી પોલીસને સોંપ્યો હતો. કારચાલક ગોપાલ પટેલની પોલીસે અટકાયત કરી હતી અને તેને પોલીસ સ્ટેશન લઈ જવામાં આવ્યો હતો. પોલીસે હાલમાં મૃતદેહને પીએમ અર્થે મોકલી આપ્યો છે, અને પીએમ થયા બાદ મૃતદેહ પરિવારને સોંપવામાં આવશે.

### અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ ૨૦૨૪

## ‘ઓથર્સ કોર્નર’ અંતર્ગત જાણીતા પર્સનલ ફાઇનાન્સ ઓથર સુશ્રી મોનિકા હાલને નાણાકીય આયોજન, રોકાણ સહિતના વિષયો પર રસપ્રદ જ્ઞાન પીરસ્યું

। અમદાવાદ, તા.૨ ।

સાબરમતી રિવરફ્રન્ટ ખાતે ચાલી રહેલા અમદાવાદ ઈન્ટરનેશનલ બુક ફેસ્ટિવલ ૨૦૨૪ અંતર્ગત લેખક મંચ, પ્રજ્ઞા શિબિર, જ્ઞાન ગંગા, રંગમંચ, અભિકલ્પ સહિતના આકર્ષણો પુસ્તક રસિકો, વાચકો અને સાહિત્યપ્રેમીઓને એક મંચ પર લાવી રહ્યા છે.

‘ઓથર્સ કોર્નર’(લેખક મંચ)અંતર્ગત નાણાકીય બાબતોના જાણીતા લેખિકા સુશ્રી મોનિકા હાલને ‘લેટ્સ ટોક મની’ વિષય અંતર્ગત યોજાયેલા સેશનમાં શ્રોતાઓને પર્સનલ ફાઈનાન્સ, નાણાકીય આયોજન, રોકાણ સહિતના વિષયો પર રસપ્રદ જ્ઞાન પીરસ્યું હતું. નેશનલ બુક ટ્રસ્ટના શ્રી સંજય બેનર્જીએ આ સેશનને મોડરેટ કર્યું હતું. દેશમાં પ્રવર્તમાન બચત આદતો વિશે વાત કરતાં સુશ્રી મોનિકા હાલને જણાવ્યું કે આજે બદલાતા પરિપ્રેક્ષ્યમાં યુવાનો ઘણા ક્ષેત્રોમાં અભૂત પૂર્વ સફળતા મેળવીને નાની વયે સંપત્તિ બનાવી રહ્યા છે. જેના કારણે આજે બચત અને નિવૃત્તિના પરિમાણો બદલાયાં છે. આપણી બચત આદતો વિદેશો કરતાં તદ્દન અલગ છે. આપણાં મધ્યમવર્ગીય સંસ્કારોમાં બચતનું મહત્ત્વ પહેલેથી જ શીખવાડવામાં આવે છે એમ તેમણે ઉમેર્યું હતું. મહિલાઓમાં રોકાણની આદતો વિશે વાત કરતાં લેખિકાએ જણાવ્યું કે સામાન્ય રીતે પહેલેથી જ સોનું મહિલાઓ માટે સૌથી વધુ મહત્ત્વ અપાતું અને લોકપ્રિય રોકાણ સાધન રહ્યું છે, પરંતુ હવે આધુનિક સમયમાં મહિલાઓ તેમની આવક સાથે રોકાણ આદતો પણ વિસ્તારી રહી છે. તેઓ આજે હવે સોના સિવાયના રોકાણ વર્ગોમાં પણ રોકાણ કરે છે.

## સાબરમતી-કલોલ અને સાબરમતી-ચાંદલોડિયા સેક્શન ઓટોમેટિક બ્લોક સિગ્નલિંગ સિસ્ટમથી સજ્જ

। અમદાવાદ, તા.૨ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર અમદાવાદ-પાલનપુર સેક્શનમાં સાબરમતી-કલોલ (૨૦.૫૭ કિમી) અને અમદાવાદ-વિરમગામ સેક્શનમાં સાબરમતી-ચાંદલોડિયા (૭.૬૫ કિમી) વચ્ચે ઓટોમેટિક સિગ્નલિંગ બ્લોક સિસ્ટમ કુલ ૨૮.૨૨ કિમીની સફળતા પૂર્વક કાર્યરત કરવામાં આવી છે. આ સેક્સન હવે અદ્યતન ૪-એસ્પેક્ટ ઓટોમેટિક બ્લોક સિગ્નલિંગ ટેકનોલોજીથી સજ્જ છે. અમદાવાદ-પાલનપુર રેલખંડ માં સ્થિત સાબરમતી-કલોલ સેક્સન એક ઉચ્ચ ઘનતાનો માર્ગ છે જે રાષ્ટ્રીય રાજધાની દિલ્હીને જોડતો એક મુખ્ય રેલ માર્ગ પણ છે તથા સાબરમતી-ચાંદલોડિયા સેક્સન જે અમદાવાદ-વિરમગામ રેલ ખંડ નો ભાગ છે જે કચ્છ જિલ્લાની સાથે સાથે ગાંધીધામના નજીકના આર્થિક ક્ષેત્રો (SEZ) સહિત આ આ ક્ષેત્ર ના ઘણા ઔદ્યોગિક ક્ષેત્રો ને કનેક્ટિવિટી પૂરી પાડે છે. ઓટોમેટિક સિગ્નલિંગ સિસ્ટમ અથવા સ્વચાલિત બ્લોક સિગ્નલિંગ સિસ્ટમ ટ્રેનોને સુરક્ષિત ચલાવવા માટે વપરાતી એક સિસ્ટમ છે. આ સિસ્ટમમાં ટ્રેનો વચ્ચે દરેક કિલોમીટરે સિગ્નલ લગાવવામાં આવે છે. જેના કારણે ટ્રેનોના ઊંચા નેટવર્ક દરમિયાન પણ અકસ્માતની શક્યતા નહિવત રહે છે. આ કમિશનિંગ પરિવહન ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવામાં, શહેરી કેન્દ્રો અને મુખ્ય ઔદ્યોગિક કેન્દ્રો સાથે વધુ કાર્યક્ષમ અને વિશ્વસનીય કનેક્ટિવિટી સુનિશ્ચિત કરવામાં, મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે, જેનો આર્થિક અને ક્ષેત્રીય વિકાસમાં યોગદાન હોય છે. આ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ભારતના રેલ નેટવર્કના આધુનિકીકરણ તરફનું એક મોટું પગલું છે અને તેનાથી પેસેન્જર અને માલ પરિવહનને ઘણો ફાયદો થશે.

## અમદાવાદ-ભુજ નમો ભારત રેપિડ રેલ મુસાફરોને ખૂબ જ પસંદ આવી રહી છે

। અમદાવાદ, તા.૨ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળ પર અમદાવાદ-ભુજ વચ્ચે ચાલી રહેલી નમોભારત રેપિડ રેલ ટ્રેનને મુસાફરો તરફથી ખૂબ જ પ્રતિસાદ મળી રહ્યો છે. માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ૧૬ સપ્ટેમ્બર ૨૦૨૪ના રોજ આભાસી માધ્યમ દ્વારા અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ સ્વદેશી ટેકનોલોજીથી નિર્મિત ભુજ-અમદાવાદ નમો ભારત રેપિડ રેલ ટ્રેનનો શુભારંભ કર્યો હતો.૧૬ સપ્ટેમ્બરથી નવેમ્બર ૨૦૨૪ સુધી આ ટ્રેનમાં એક લાખથી વધુ મુસાફરોએ મુસાફરી કરી છે. અને દિવસેને દિવસે આ ટ્રેન લોકોમાં વધુ લોકપ્રિય બની રહી છે.આ ટ્રેને આ સમયગાળા દરમિયાન ૩ કરોડ ૧૨ લાખ રૂપિયાથી વધુની આવક કરી છે. સાથે જ તેની ઓક્યુપન્સી પણ સતત વધી રહી છે. નમો ભારત રેપિડ રેલ આધુનિક મુસાફરીનો અનુભવ પ્રદાન કરે છે. સ્વદેશી ટેક્નોલોજીથી વિકસિત આ ટ્રેન ૧૨ એર-કન્ડિશન્ડ કોચ થી સજ્જ છે.જેમાં કેન્દ્રીય રીતે નિયંત્રિત ઓટોમેટિક સ્લાઈડિંગ દરવાજા, મોડ્યુલર ઈન્ટિરિયર, સતત એલઈડી લાઈટિંગ, વેક્યૂમ ઈવેક્યુએશન સાથેના ટોઈલેટ, રૂટ મેપ ઈન્ડિકેટર્સ, પેનોરેમિક વિન્ડો, સીસીટીવી, ફોન ચાર્જિંગની સુવિધા સાથે સાથે અન્ય સુવિધાઓ પણ છે આ ટ્રેનમાં સંપૂર્ણ સીલબંધ ફ્લેક્સિબલ ગેંગવે છે જે મુસાફરોને ગેંગવેની અંદર ધૂળ અને પાણીના પ્રવેશથી સુરક્ષિત કરે છે અને સલામત વાતાવરણ પૂરું પાડે છે. આ ટ્રેનમાં બેઠક અને ફ્લોરિંગ અગ્નિ પ્રતિરોધક છે. આ ટ્રેન ઓટોમેટિક સ્મોક/ફાયર ડિટેક્શન અને એરોસોલ આધારિત ફાયર ફાઈટિંગ સિસ્ટમ સાથે એલાર્મ સિસ્ટમથી પણ સજ્જ છે.

